RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 19-05-2026 I VOL : 12 I Issue : 63 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !! ”

3 
અંકલેશ્વર GIDCમાં કાયદાનું વસ્ત્રાહરણ: બુટલેગર રમેશ વસાવાના મોતના અડ્ડા...

4 
1991માં ફોરેક્સ રિઝર્વ માત્ર એક અબજ હતું, આજે 690 અબજ ડોલર

6 
અરિજિત સિંહના સમર્થનમાં આવ્યો અદનાન સામી

7 
ઈન્ડિયામાંથી રિષભ પંત જોડેથી છીનવાઈ શકે છે પદ

## એક નજર...

### ગ્રીન સાડીમાં ગોર્જિયસ લાગી ઈશિતા રાજ



ફિલ્મ 'પ્યાર કા પંચનામા'માં ઈશિતાએ લિક્વિડની ગર્લફ્રેન્ડનું પાત્ર ભજવ્યું હતું. અભિનેત્રીને પહેલી જ ફિલ્મથી જ ઘણી ખ્યાતિ મળી હતી. આ ફિલ્મમાં ઈશિતાના કામની એટલી પ્રશંસા થઈ કે તેને એક-બે નહીં પરંતુ ઘણી ફિલ્મોની ઓફર મળી. તે જ સમયે, તેના ડેબ્યુના વર્ષો પછી, ઈશિતા રાજ પહેલા કરતા વધુ હોટ અને બોલ્ડ બની ગઈ છે.

# નોર્વેએ PM મોદીને સર્વોચ્ચ સન્માન આપ્યું

## મોદીએ કહ્યું- યુરોપ ભારતમાં 100 અબજ ડોલરનું રોકાણ કરશે

ઓસ્લો

નોર્વેએ પીએમ મોદીને તેમના સર્વોચ્ચ સન્માન 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ રોયલ નોર્વેજીયન ઓર્ડર ઓફ મેરિટ'થી સન્માનિત કર્યા છે. આ નોર્વેનું સૌથી મોટું સન્માન માનવામાં આવે છે. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળેલું 32મું આંતરરાષ્ટ્રીય સન્માન છે. આ પહેલા ગઈકાલે સ્વીડને પણ તેમને પોતાના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કર્યા હતા. આ પહેલા પીએમ મોદીએ નોર્વેની રાજધાની ઓસ્લોમાં નોર્વેના પીએમ યોનાસ સ્ટોરે સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે ગયા વર્ષે ભારત અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) દેશો વચ્ચે ઐતિહાસિક વેપાર અને આર્થિક ભાગીદારી કરાર લાગુ થયો હતો. પીએમ મોદીના મતે, આ કરાર ભારત અને નોર્વે વચ્ચે સહિયારા વિકાસ અને સમૃદ્ધિનો મજબૂત આધાર બનશે. આ કરાર હેઠળ આગામી 15 વર્ષમાં ભારતમાં 100 અબજ ડોલરના રોકાણ અને 10 લાખ નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. 19 મેના રોજ ઓસ્લોમાં ત્રીજી ભારત-નોર્ડિક શિખર સંમેલન યોજાશે. મોદીએ કહ્યું કે આ તેમના નોર્ડિક સમકક્ષોને મળવાનો એક શાનદાર અવસર હશે. આ સમિટમાં નોર્વે, સ્વીડન, ડેનમાર્ક, ફિનલેન્ડ અને આઈસલેન્ડના નેતાઓ ભાગ લેશે. આ ભારત-નોર્ડિક સમિટ પ્રથમ વખત 2018માં સ્ટોકહોમ અને બીજી વખત 2022માં કોપનહેગનમાં યોજાઈ હતી. આ વખતે બેઠકમાં ગ્રીન એનર્જી, ડિજિટલાઈઝેશન, રક્ષા



સહયોગ, જળવાયુ પરિવર્તન અને આર્કટિક નીતિ જેવા મુદ્દાઓ પર ચર્ચા થવાની સંભાવના છે. મોદીની આ યાત્રા તેમના 5 દેશોના પ્રવાસનો ચોથો તબક્કો છે. આ પહેલા તેઓ UAE, નેધરલેન્ડ અને સ્વીડનની મુલાકાત લઈ ચૂક્યા છે. આ પછી તેઓ ઇટાલી જશે. નોર્વેમાં મોદીએ કહ્યું કે પશ્ચિમ એશિયા અને યુક્રેન જેવા સંઘર્ષોનો ઉકેલ વાતચીત અને કૂટનીતિથી જ લાવી શકાય છે. માત્ર સૈન્ય કાર્યવાહીથી કાયમી શાંતિ લાવી શકાતી નથી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત અને નોર્વે બંને નિયમ આધારિત વ્યવસ્થા, વાતચીત અને કૂટનીતિમાં વિશ્વાસ રાખે છે. ભલે યુક્રેનનો મુદ્દો હોય કે પશ્ચિમ એશિયાનો, ભારત શાંતિ અને જલ્દી સંઘર્ષ સમાપ્ત કરાવવાના દરેક પ્રયાસને સમર્થન આપતું રહેશે.

# મહારાષ્ટ્રના પાલઘરમાં ટ્રક-કન્ટેનર વચ્ચે ટક્કર, 12ના મોત

પાલઘર

મહારાષ્ટ્રના પાલઘરમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર સોમવારે ટ્રક અને કન્ટેનર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ભીષણ અકસ્માતમાં ટ્રકમાં સવાર 12 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે 20 થી 25 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. 100થી વધુ લોકો સગાઈમાં જઈ રહ્યા હતા મળતી માહિતી મુજબ, ડહાણુ તાલુકાના બાપુગામથી 100થી વધુ લોકો એક સગાઈના પ્રસંગમાં હાજરી આપવા માટે ટ્રકમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન પાલઘર જિલ્લાના ધાનીવરી ગામ પાસે સામેથી આવી રહેલા એક કન્ટેનર સાથે ટ્રકની સામસામે ટક્કર થઈ હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રક અને કન્ટેનર બંને રોડ પર પલટી ગયા હતા. અકસ્માતમાં ટ્રકનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેમાં બેઠેલા અનેક લોકો ટ્રક નીચે દબાઈ ગયા હતા. મૃતકો અને ઈજાગ્રસ્તોમાં મહિલાઓ અને નાના બાળકો પણ સામેલ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને હાઈવે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક લોકોની મદદથી ટ્રકમાં ફસાયેલા ઘાયલોને બહાર કાઢીને તાત્કાલિક કાસા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે અકસ્માતમાં જીવ ગુમાવનારા મૃતકોના પરિવારોને 5 લાખ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. આ અકસ્માતને કારણે મુંબઈ-અમદાવાદ હાઈવે પર કિલોમીટરો સુધી લાંબો જામ લાગી ગયો હતો. પોલીસે ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવીને વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ વધુ પડતી ઝડપ અને ડ્રાઈવરની બેદરકારી હોવાનું મનાઈ રહ્યું છે.

# કેરલમમાં UDFનું શાસન, કોંગ્રેસ નેતા વી.સતીશને લીધા CM પદના શપથ

કોચીન

કેરલમ વિધાનસભા ચૂંટણીમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)ની કારમી હાર સાથે જ રાજ્યમાંથી ડાબેરી શાસનની વિદાય થઈ છે અને હવે યુનાઈટેડ



ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)એ રાજ્યની 140 બેઠકોમાંથી 102 બેઠકો પર ઐતિહાસિક જીત નોંધાવતા નવો રાજકીય અધ્યાય શરૂ થયો છે. આ ભવ્ય વિજય બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી.ડી. સતીશને આજે તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમ ખાતે યોજાયેલા એક ઐતિહાસિક સમારોહમાં કેરલમના નવા મુખ્યમંત્રી તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. તેમની સાથે 21 સભ્યોના નવા મંત્રીમંડળે પણ શપથ ગ્રહણ કર્યા છે, જેમાં અનુભવી અને યુવા ચહેરાઓનું અદ્ભુત સંતુલન રાખવામાં આવ્યું છે. આ શપથગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત દેશભરના વિપક્ષી દિગ્ગજો ખાસ ઉપસ્થિત રહ્યા. આ ઐતિહાસિક શપથગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી વી.ડી. સતીશન ઉપરાંત 20 મંત્રીઓ ધરાવતા 'પૂર્ણ કેબિનેટ'ને પણ શપથ લેવડાવવામાં આવ્યા છે. આ ભવ્ય પ્રસંગના સાક્ષી બનવા માટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતના દિગ્ગજ નેતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# NEET કેસ, હવે લાતુરની કેમેસ્ટ્રી કોચિંગના ડાયરેક્ટરની ધરપકડ

નવી દિલ્હી

NEET પેપર લીક કેસમાં સોમવારે 10મી ધરપકડ થઈ. CBIએ મહારાષ્ટ્રના લાતુરથી કેમેસ્ટ્રી કોચિંગ ડાયરેક્ટર શિવરાજ રઘુનાથ મોટેગાંવકરની ધરપકડ કરી. અધિકારીઓના જણાવ્યા મુજબ, રવિવારે CBIની તપાસ દરમિયાન રઘુનાથના મોબાઈલમાંથી NEET UGનું લીક થયેલું પેપર મળી આવ્યું હતું. CBI અનુસાર, મોટેગાંવકર સંગઠિત ગેંગનો એક ભાગ છે, જે NEET પેપર લીક કરાવવા અને આગળ મોકલવામાં સામેલ છે. તેણે અન્ય આરોપીઓ સાથે મળીને 23 એપ્રિલે જ પેપર અને આન્સર કી મેળવી હતી અને ઘણા લોકોને આપી હતી. CBIએ 15 મેના રોજ મોટેગાંવકરની તેના ઘરે 8 કલાક પૂછપરછ કરી હતી. મોટેગાંવકરનું લાતુર સહિત 7 જિલ્લામાં રેણુકાઈ કેમેસ્ટ્રી ક્લાસિસ (RCC) નામનું કોચિંગ સેન્ટર છે. રવિવારે CBIએ RCCની મુખ્ય ઓફિસ પર દરોડો પાડીને ઘણા દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક સામાન પણ જપ્ત કર્યો.

## NEWS TRACK

### ચીનમાં 5.2ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ, 7000 લોકોનું સ્થળાંતર

ચીનના દક્ષિણ ભાગમાં આવેલા Guangxi સ્વાયત્ત પ્રદેશમાં સોમવારની વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. આ કુદરતી હોનારતમાં અત્યાર સુધીમાં 2 લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. જ્યારે એક વ્યક્તિ હજુ પણ ગુમ છે. તીવ્ર આંચકાના કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકો મોડી રાત્રે જ પોતાના ઘરો છોડીને રસ્તા પર દોડી આવ્યા હતા. ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અને સરકારી ટીવી ચેનલ સીસીટીવીના અહેવાલો અનુસાર, સોમવારે રાત્રે 12.21 વાગ્યે ભૂકંપનો મોટો આંચકો આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 5.2 માપવામાં આવી છે. આ આંચકો લિઉઝોઉ શહેરના લિઉનાન જિલ્લામાં આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ તાઈયાંગચુન નગર પાસે હોવાનું સામે આવ્યું છે. ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર 8 કિલોમીટરની ઊંડાઈએ હતું. કેન્દ્રબિંદુ પૃથ્વીની સપાટીથી ઘણું નજીક હોવાને કારણે આંચકા અત્યંત તીવ્ર અને વિનાશક અનુભવાયા હતા. ભૂકંપ એટલો જોરદાર હતો કે પળવારમાં જ 13 ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી.

### ઈરાન યુદ્ધથી અમેરિકનો નારાજ, 63% લોકોને ટ્રમ્પ નાપસંદ

અમેરિકામાં ટ્રમ્પની લોકપ્રિયતામાં સૌથી વધુ ઘટાડો થયો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અને સિયેના કોલેજના સર્વે મુજબ 63% લોકો ટ્રમ્પથી નારાજ છે. આથી તેમની લોકપ્રિયતા રેટિંગ ઘટીને 37% થઈ ગઈ છે. આ તેમના બીજા કાર્યકાળમાં સૌથી ઓછી છે. રિપોર્ટ મુજબ લગભગ બે-તૃતીયાંશ અમેરિકનો માને છે કે ટ્રમ્પનો ઈરાન વિરુદ્ધ યુદ્ધ શરૂ કરવાનો નિર્ણય ખોટો હતો. મોટાભાગના લોકોનું માનવું છે કે આ યુદ્ધની કિંમત તેના ફાયદા કરતાં વધુ રહી. સર્વેમાં 64% લોકોએ કહ્યું કે ટ્રમ્પ અર્થતંત્ર સંભાળવામાં સારું કામ કરી રહ્યા નથી. મોંઘવારીના કારણે લોકોનો ગુસ્સો વધી રહ્યો છે. ફેબ્રુઆરી પછી અમેરિકામાં પેટ્રોલની કિંમતો ઘણી ઉપર જતી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે નવેમ્બરમાં યોજાનારી મિડ-ટર્મ ચૂંટણી માટે રિપબ્લિકન પાર્ટીની હારનો ખતરો વધી ગયો છે. અપક્ષ મતદારો પણ ટ્રમ્પથી દૂર થતા દેખાઈ રહ્યા છે. સર્વે મુજબ જો અત્યારે ચૂંટણી થાય, તો સર્વે મુજબ ડેમોક્રેટિક ઉમેદવારોને રિપબ્લિકન કરતાં 10%ની સરસાઈ મળી શકે છે.

# બ્લેકમેલિંગ ગેંગ પાંજરે પુરાશે: જૈન સંતોને બદનામ કરનારી સિન્ડિકેટ વિરુદ્ધ મધ્યપ્રદેશમાં FIR દાખલ

## ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવતો જગત પારેખ અને હાર્દિક હુડિયા હવે પોલીસના સકંજામાં!

વિશેષ પ્રતિનિધિ

પૂજનીય જૈન સંતોને સોશિયલ મીડિયા પર ફેક અને મોર્ફ્ડ ફોટોગ્રાફ્સ દ્વારા બદનામ કરી કરોડો રૂપિયા પડાવવાનું કાવતરું રચનારી શાતિર ગેંગની ઉલટી ગણતરી શરૂ થઈ ગઈ છે. સુરત વેસુના આચાર્ય શ્રી સાગરચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને ક્લીનચિટ મળ્યા બાદ, આ કાવતરાખોરો વિરુદ્ધ હવે મધ્યપ્રદેશમાં સત્તાવાર પોલીસ ફરિયાદ (FIR) નોંધાઈ ચૂકી છે. અખબારો અને સોશિયલ મીડિયાના ઓઠા હેઠળ બ્લેકમેલિંગનું નેટવર્ક ચલાવતા જગત પારેખ, હાર્દિક હુડિયા, વિક્રમ બાફના અને કલ્પેશ સિંઘવી વિરુદ્ધ કાયદાનો સકંજો મજબૂત થતાં જ સમગ્ર ગેંગમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### વિસ્તૃત વિગતો: પાપોનો ઘડો ભરાયો, હવે જેલના સળિયા ગણશે

#### ગુનાહિત ઇતિહાસ ધરાવતો જગત પારેખ બેનકાબ

આ આખી સિન્ડિકેટનો મુખ્ય સૂત્રધાર જગત પારેખ પોતે ગળાડૂબ ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવે છે. જેના પર અગાઉથી જ અનેક પોલીસ કેસો નોંધાયેલા છે, તેવો હિસ્ટ્રીશીટર તત્વ આજે જૈન સમાજની આસ્થા અને સંતોની ગરિમા પર પ્રહારો કરવાની હિંમત કરી રહ્યો છે! કાવતરાખોરોએ વિચાર્યું હતું કે તેઓ મીડિયા અને ખોટા વાયરલ મેસેજથી ડરનો માહોલ બનાવીને મુનિશ્રીઓ પાસેથી મોટી રકમ વસૂલી લેશે. પરંતુ, ગચ્છાધિપતિ શ્રી નરદેવસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે કરાવેલી હાઈ-લેવલ ફોરેન્સિક તપાસમાં આ ગેંગના જૂઠાણાનો પર્દાફાશ થઈ ગયો અને વાયરલ ફોટો ૧૦૦% ફેક સાબિત થયા.

'બ્લેકમેલિંગ ગેંગ પાંજરે પુરાશે: જૈન સંતોને બદનામ કરનારી સિન્ડિકેટ વિરુદ્ધ મધ્યપ્રદેશમાં FIR દાખલ'




### MP પોલીસની FIR: કાવતરાખોરો માટે 'ધ એન્ડ'

- કાયદાકીય પ્રહાર: મધ્યપ્રદેશમાં આ શાતિર ગેંગ વિરુદ્ધ આકરી કલમો હેઠળ ગુનો દાખલ.
- મુખ્ય નિશાન: ક્રિમિનલ જગત પારેખ અને પત્રકારત્વના નામે કલંક બનેલો હાર્દિક હુડિયા હવે કાયદાકીય રાડારમાં.
- પુરાવા ગાયબ, કાવતરું હાજર: ગચ્છાધિપતિ સમક્ષ પુરાવા આપવામાં સદંતર નિષ્ફળ ગયેલી ગેંગ હવે પોલીસના આકરા સવાલોનો સામનો કરશે.
- નવી અકળામણ: જેલના ડરથી અકળાયેલા કાવતરાખોરો હવે જૂના સમાચારો અને તોડી-મરોડીને પેશ કરેલી કતરણો વાયરલ કરી પોતાની આબરૂ બચાવવા ફાંફા મારી રહ્યા છે.

### મધ્યપ્રદેશ પોલીસ એક્શન મોડમાં: કાયદાકીય ગાળિયો કસાયો

જૂઠાણું પકડાઈ ગયા બાદ પણ આ ગેંગ સોશિયલ મીડિયા પર ભ્રમ ફેલાવવાનું ચાલુ રાખતી હોવાથી, હવે તેમની પાપલીલાનો અંત લાવવા કાયદાનો આશરો લેવાયો છે. મધ્યપ્રદેશમાં નોંધાયેલી આ FIR અંતર્ગત પોલીસ હવે આ બ્લેકમેલિંગ ગેંગના આઈપી એડ્રેસ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને આર્થિક વ્યવહારોની ઊંડી તપાસ કરશે. કાયદાકીય નિષ્ણાતોના મતે, આ પ્રકારની ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (સિન્ડિકેટ) અને સંતોની માનહાનિ કરવા બદલ આ તમામ આરોપીઓને લાંબી જેલની સજા થઈ શકે છે.

### મહાનગર મેટ્રો ન્યૂઝનો સણસણતો આક્રોશ

જૈન શાસનની એકતા, શાંતિ અને પૂજનીય સંતોની અસ્મિતા સાથે રમત રમનારા આ અધર્મી અને લંપટ તત્વોને સમાજમાંથી બહિષ્કૃત કરવાનો સમય આવી ગયો છે. પીળી પત્રકારત્વ (Yellow Journalism) અને બ્લેકમેલિંગના આ ઝેરીલા ગઠબંધનનો શિકાર બનવાને બદલે જૈન સમાજે સંગઠિત થઈને આવા તત્વોને ખુલ્લા પાડવા પડશે. મધ્યપ્રદેશ પોલીસની આ FIR માત્ર શરૂઆત છે, જ્યાં સુધી આખી ગેંગ જેલના સળિયા પાછળ નહીં ધકેલાય, ત્યાં સુધી સત્યની આ લડાઈ ચાલુ રહેશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# સુરતમાં લગ્નના નામે સર્વસ્વ લૂંટી લેતી ગેંગનો ચોક બજાર પોલીસે કર્યો પર્દાફાશ!

સુરત

જેમના લગ્ન નથી થતા અથવા જેઓ એકલવાયું જીવન જીવી રહ્યા છે, તેવા પુરુષો માટે આંખ ઉઘાડનારો કિસ્સો સુરતમાંથી સામે આવ્યો છે. સુરતના ચોક બજાર પોલીસે એક એવી 'લૂંટેરી દુલ્હન' ગેંગનો પર્દાફાશ કર્યો છે જે લગ્નના પવિત્ર બંધનના નામે લોકોના ઘર ઉજાડતી હતી. લગ્નની લાલચ આપી, વિશ્વાસ જીતીને ઘરના દાગીના અને રોકડ રકમ સાફ કરી ફરાર થઈ જતી આ આંતરરાજ્ય ગેંગની મુખ્ય સુત્રધાર યુવતી અને તેના સાગરીતને પોલીસે મહારાષ્ટ્રથી દબોચી લીધા છે. ચોક બજાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે જ્યારે તપાસના ચક્રો ગતિમાન કર્યા, ત્યારે આ ગેંગના તાર છેક મહારાષ્ટ્ર સુધી જોડાયેલા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને સ્થાનિક ખબરીઓના નેટવર્કનો ઉપયોગ કરીને મહારાષ્ટ્રના બોઈસર વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસે બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે: ૧. રેખાબેન (મુખ્ય આરોપી - લૂંટેરી દુલ્હન) ૨. તેમના બનેવી (કાવતરાનો મુખ્ય સાગરીત).

પોલીસ આ બંને ઠગોને સુરત લઈ આવી છે અને તેમની કડક પૂછપરછ શરૂ કરી દેવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ ગેંગની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. આ ટોળકી ખૂબ જ આયોજનબદ્ધ રીતે આખા ખેલને અંજામ આપતી હતી: ગેંગ સૌથી પહેલા એવા પુરુષોને શોધતી હતી જેઓ ઉંમરલાયક હોય, લગ્ન કરવા ઈચ્છુક હોય અથવા ઘરમાં એકલા રહેતા હોય. રેખાબેન લગ્ન માટે હા પાડીને સામેવાળા પરિવારનો અને પુરુષનો પૂરતો વિશ્વાસ જીતી લેતી હતી અને રીતસર ધામધૂમથી લગ્ન પણ કરતી હતી. લગ્ન કરીને ઘરમાં આવ્યાના થોડા જ દિવસોમાં અસલી ખેલ શરૂ થતો. નવવધૂ બનેલી રેખા ઘરમાં રાખેલા દાગીના અને રોકડ પર હાથ સાફ કરી લેતી અને પછી કોઈને કોઈ બહાનું કાઢીને રાતોરાત બનેવી સાથે રફુચક્કર થઈ જતી હતી.

# ફૂડ લવર્સ સાવધાન : પ્રખ્યાત પિત્ઝા આઉટલેટમાંથી નીકળ્યો જીવતો વંદો

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરમાં બહાર ખાવાના શોખીનો માટે આંખ ઉઘાડનારો અને હચમચાવી મૂકે તેવો કિસ્સો સામે આવ્યો છે. બ્રાન્ડેડ અને હાઈજીનિક હોવાનો દાવો કરતા ફૂડ આઉટલેટ્સ ગ્રાહકોને કેવું ગંદુ અને જીવાતવાળું ખાણું પીરસી રહ્યા છે, તેનો વધુ એક જીવતો પુરાવો ગાંધીનગરના પ્રખ્યાત 'ટેરાનોવાસ પિત્ઝા' (Terranovas Pizza) માંથી મળ્યો છે. અહીં એક ગ્રાહકે ઓર્ડર કરેલા પિત્ઝામાંથી મરેલો વંદો નીકળતાં હોબાળો મચી ગયો છે. ઓફરોના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ કરતી આ ઘટનાને પગલે ફૂડ લવર્સમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ગાંધીનગરના એક જાગૃત નાગરિક પોતાના પરિવાર સાથે પિત્ઝા ખાવા માટે 'ટેરાનોવાસ પિત્ઝા' આઉટલેટ પર ગયા હતા. જ્યાં તેમણે આકર્ષક ઓફર જોઈને પિત્ઝાનો ઓર્ડર આપ્યો હતો. પિત્ઝા ટેબલ પર આવ્યા બાદ જેવી ગ્રાહકે પહેલી બાઈટ (કોળિયો) મોઢામાં મૂકી, ત્યાં જ તેમની નજર પિત્ઝાના બેઝ પર પડી હતી.

પિત્ઝાના ગરમાગરમ ચીઝ અને સોસના લેયરની બિલકુલ વચ્ચે એક વંદો ચોંટેલો હતો.

પિત્ઝામાં વંદો જોતા જ ગ્રાહકના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને તેમણે મોઢામાં મૂકેલો કોળિયો પણ તાત્કાલિક બહાર થૂંકી નાખ્યો હતો.

આ ગંદી જીવાત જોઈને ગ્રાહક અને તેમના પરિવારને રીતસર ઉબકા આવવા લાગ્યા હતા અને માનસિક રીતે ભારે આઘાત લાગ્યો હતો.

ગ્રાહકે તાત્કાલિક આ ગંભીર બેદરકારી બદલ આઉટલેટના મેનેજરનો ઉધડો લીધો હતો અને પુરાવા તરીકે પિત્ઝામાં રહેલા વંદાનો વિડીયો પણ બનાવી લીધો હતો, જે હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

# લગ્નના 3 વર્ષે પણ ઘરમાં પારણું ન બંધાતા પરિણીતાનો કરુણ અંત

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાંથી એક એવી હૃદયકંપાવી દેનારી ઘટના સામે આવી છે, જે સમાજની માનસિકતા પર ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કરે છે. લગ્નના ત્રણ વર્ષે પણ 'વસ્તાર' એટલે કે સંતાન સુખ ન મળતા, એક ૨૭ વર્ષની પરિણીતાનો માસૂમ જીવ ગયો છે. વડોદરાના બાજવા વિસ્તારમાંથી સામે આવેલી આ કાળજું કંપાવી દેનારી ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકનો માહોલ વ્યાપી ગયો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો દોડી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૭ વર્ષીય પાયલબેન પટેલે પ્રેમ લગ્ન કર્યા હતા. વડોદરાના અનગઢ ખાતે આયોજિત એક સમૂહ લગ્નોત્સવમાં તેઓ સાત ફેરા ફરીને અત્યંત ખુશી સાથે બાજવા ગામે પોતાની સાસરીમાં રહેવા આવ્યા હતા. શરૂઆતમાં બધું બરાબર ચાલ્યા બાદ, લગ્નના ૩ વર્ષ વીતી ગયા હોવા છતાં ઘરમાં કોઈ પારણું ન બંધાતા (સંતાન ન થતાં) સાસરીયાઓ દ્વારા મેણા-ટોણા મારવામાં આવતા હતા. 'વસ્તાર' ન થવાના કારણે ઘરમાં અવારનવાર માનસિક ત્રાસ આપીને ઝઘડા કરવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. આ જ પારિવારિક વિવાદ અને કલહ વચ્ચે પાયલબેનનો મૃતદેહ સાસરીમાં ઘરના પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ છે.

જો કે, આ મામલામાં પાયલબેનના મોતના સમાચાર પિયરપક્ષને મળતા જ એક નવો અને ચોંકાવનારો વળાંક આવ્યો છે. પાયલબેનના માતા ચંપાબેન ચૌહાણ અને તેમના પરિવારે સાસરીયાઓ પર અત્યંત ગંભીર અને સનસનાટીભર્યા આક્ષેપો કર્યા છે. પિયરપક્ષના પરિવારનું સ્પષ્ટ કહેવું છે કે આ કોઈ સામાન્ય આત્મહત્યાનો કિસ્સો નથી, પરંતુ તેમની દીકરીને મરવા માટે મજબૂર કરીને અથવા અન્ય કોઈ રીતે તેની નિર્મમ હત્યા કરવામાં આવી છે.

# 2 સગીરાઓનું અપહરણ કરી બળાત્કાર ગુજારનારો નરાધમ 8 વર્ષે ગાંધીનગરથી ઝડપાયો

ગાંધીનગર

'કાનૂન કે હાથ લંબે હોતે હૈ' આ કહેવત વડોદરા પોલીસે વધુ એકવાર સાબિત કરી બતાવી છે. વડોદરાના વિશ્વામિત્રી વિસ્તારમાં વર્ષ ૨૦૧૮માં બનેલી બે સગીરાઓના અપહરણ અને સામૂહિક બળાત્કારની હૃદયદ્રાવક ઘટનાના ૮ વર્ષ જૂના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. આટલા વર્ષોથી પોલીસને થાપ આપીને નાસતા ફરતા બે નરાધમોમાંથી એક મુખ્ય આરોપીને પોલીસે બાતમીના આધારે ગાંધીનગર નજીકથી દબોચી લીધો છે. માસૂમ દીકરીઓની જિંદગી રોળનારા આ પાપીના પકડાતા જ પિડીત પરિવારોએ રાહતનો શ્વાસ લીધો છે. આ કમકમાટીભરી ઘટનાની વિગત એવી છે કે, ૧૫ માર્ચ ૨૦૧૮ના રોજ વડોદરાના વિશ્વામિત્રી વિસ્તારમાંથી બે સગીર વયની બાળકીઓ ગુમ થઈ હતી. તપાસમાં ખુલ્યું હતું કે પીન્ટુ અને પ્રવેશ નામના બે યુવકો આ સગીરાઓને લાલચ આપી, ફોસલાવીને અપહરણ કરી ગયા હતા. બંને નરાધમો સગીરાઓને ભગાડીને રાજસ્થાનના ઉદયપુર ખાતે આવેલા પોતાના વતનમાં લઈ ગયા હતા. ત્યાં બંધક બનાવીને માસૂમ બાળકીઓ પર વારંવાર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. વડોદરામાં ફરિયાદ નોંધાતા જ પોલીસે આરોપીઓ પર ભીંસ વધારી હતી. પોલીસના અતિશય દબાણને કારણે ગભરાયેલા આરોપીઓ સગીરાઓને છોડીને પોતે અંડરગ્રાઉન્ડ થઈ ગયા હતા. સગીરાઓ હેમખેમ પાછી આવી ગઈ હતી, પરંતુ આ બંને હેવાનો ૮ વર્ષથી કાયદાની પકડથી દૂર હતા. વડોદરા પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ટીમો સતત આ કેસ પાછળ લાગેલી હતી. તાજેતરમાં જ પોલીસને પાકી બાતમી મળી હતી કે, મુખ્ય આરોપી ગણેશ ઉર્ફે પીન્ટુ કાંતિભાઈ મીણા (રહે. પાચા પાડવા, ઉદયપુર, રાજસ્થાન) પોતાની ઓળખ છુપાવીને ગાંધીનગર નજીકની એક ખાનગી કંપનીમાં નોકરી કરી રહ્યો છે.

બનાસકાંઠા પોલીસ કે બુટલેગરોની ભાગીદાર?

# 'શૂરવીર' નામના વહીવટદારે આખી બોર્ડર ગીરો મૂકી!

## ■ ખાખીના વેશમાં છુપાયેલા સફેદઝભ્ભાવાળા દલાલોની પોલ ખોલતો 'પાક્કો ગુજરાત'નો સણસણતો અહેવાલ!

બનાસકાંઠા

ગુજરાતમાં નશાબંધીના નામે કાયદાનો જે મલાજો જળવાય છે, તેના લીરેલીરા બનાસકાંઠાની ધરતી પર ઉડી રહ્યા છે. રાજ્યના ગૃહમંત્રી ગાંધીનગરથી ગમે તેટલી ગર્જનાઓ કરે, પણ બનાસકાંઠા બોર્ડર પર બેઠેલા ભ્રષ્ટ અધિકારીઓ માટે આ આદેશો માત્ર રદ્દી કાગળ સમાન છે. સૂત્રોના સણસણતા અહેવાલો મુજબ, બનાસકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા કોઈ એસ.પી. કે કલેક્ટર નથી ચલાવતા, પણ પોલીસ વિભાગમાં આકા બનીને બેઠેલો 'શૂરવીર' નામનો વહીવટદાર ચલાવે છે! ખાખી વર્દીની આડમાં આ આખો ખેલ ઉચ્ચ અધિકારીઓની સીધી છત્રછાયા હેઠળ રમાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપોથી સમગ્ર પંથક ધણધણી ઉઠ્યો છે.

બોર્ડર પર કાયદાની સરેઆમ હરાજી: લિસ્ટ બને છે અને ટ્રકો નીકળે છે!

ચોંકાવનારી અને હકાબક્કા કરી મુકે તેવી હકીકત તો એ છે કે, અમીરગઢ, પાંથાવાડા, અંબાજી અને ધાનેરા બોર્ડર પરથી કઈ કાળી રાતે કેટલી દારૂ ભરેલી ટ્રકો અને કન્ટેનરો ગુજરાતની સરહદમાં ઘુસશે, તેનો આંકડો આ કથિત વહીવટદાર 'શૂરવીર' ની ઓફિસમાંથી નક્કી થાય છે. જિલ્લા પોલીસવડા અને એલસીબી (LCB) ની નજર સામે જ કરોડો રૂપિયાનો દારૂ અને ઝેરી ડ્રગ્સ ગુજરાતના યુવાધનને બરબાદ કરવા માટે ઠાલવવામાં આવી રહ્યો છે. સવાલ એ થાય છે કે, જે સરહદો દેશની સુરક્ષા માટે છે, તે સરહદો આ ભ્રષ્ટ બાબુઓએ બુટલેગરોના હવાલે કેમ કરી દીધી?




માત્ર દારૂ જ નહીં, ચરસ, ગાંજો અને કેમિકલ ડ્રગ્સ જેવા જીવલેણ નશાના સોદાગરો કોના દબાણથી બોર્ડર પાર કરી રહ્યા છે? રજૂઆતો કરવા છતાં એસ.પી. સાહેબ કેમ મૌન સેવીને બેઠા છે? શું આ મૌન પાછળ લાખો રૂપિયાની કટકી કારણભૂત છે?

ગૃહમંત્રી હર્ષ સંઘવીના આદેશોને ઘોળીને પી જતી ભ્રષ્ટ ટોળકી! મુખ્યમંત્રી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી વારંવાર ગુજરાતને નશામુક્ત બનાવવાની ગુલબાંગો પોકારે છે, પરંતુ બનાસકાંઠાના આ ભ્રષ્ટ વહીવટદારે આખી સિસ્ટમને લકવાગ્રસ્ત કરી દીધી છે. વારંવાર લેખિત પુરાવા સાથે સ્થાનિક લોકોએ રજૂઆતો કરી, પણ આ 'શૂરવીર' અને તેના આકાઓ એટલા પાવરફુલ છે કે કાયદો તેમના ઘરની દાસી બની ગયો છે. રોજનો લાખો રૂપિયાનો આ કાળો કારોબાર ક્યાં સુધી ચાલશે? જનતા હવે પૂછી રહી છે કે સામાન્ય માણસ નાની ભૂલ કરે તો ડંડા મારતી પોલીસ, આ કરોડોના નશાના સોદાગરો સામે પૂંછડી કેમ દબાવી લે છે?

**અમીરગઢ, પાંથાવાડા, અંબાજી અને ધાનેરા બોર્ડર પર કાયદો વેચાય છે ટકાના ભાવે: રોજનો લાખોનો હપ્તો ઉચ્ચ અધિકારીઓની તિજોરીમાં?**

હવે જંગ આબરૂનો: શું SMC આ કિલ્લાને ધ્વસ્ત કરશે?

હવે સમગ્ર ગુજરાતની નજર ગાંધીનગરની SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ) પર ટકેલી છે.

શું એસ.એમ.સી.ના અધિકારીઓ આ કથિત 'શૂરવીર' ના રાજકીય અને ખાખીના દબાણ સામે ઝૂકી જશે? કે પછી સપાટો બોલાવીને આ ભ્રષ્ટાચારના આકાઓને જેલના સળિયા પાછળ ધકેલશે? બનાસકાંઠાની જનતા હવે આરપારના મૂડમાં છે. જો તંત્ર તાત્કાલિક નહીં જાગે, તો જનતા પોતે આ ભ્રષ્ટ કિલ્લાને તોડવા રસ્તા પર ઉતરશે તેની ચેતવણી પણ આ અહેવાલ દ્વારા આપવામાં આવી રહી છે.

સુરતના ઉધનામાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા

# ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ જય દલાલની જાહેરમાં કરપીણ હત્યા

## ધારાસભ્ય સંગીતાબેન પાટીલના નજીકના ગણાતા જયશ્રીબેન દલાલના પુત્ર પર ઘાતક હુમલો: પંકજ પાટીલ અને કિશન ઉર્ફે ચકલી સામે હત્યાના આક્ષેપ

સુરત

આર્થિક પાટનગર સુરત શહેરમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ વધુ એક સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. સુરતના ઉધના રોડ નંબર ૬ ખાતે ભાજપના સક્રિય કાર્યકર અને ડીંડોલી વોર્ડ યુવા મોરચાના ઉપપ્રમુખ જય દલાલની જાહેરમાં ઘાતકી હત્યા કરવામાં આવી છે. શાસક પક્ષના એક સક્રિય અને યુવા પદાધિકારીની આ રીતે જાહેરમાં હત્યા થતાં સમગ્ર સુરત રાજકીય આલમ અને સ્થાનિક પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઘટનાને પગલે ઉધના વિસ્તારના વેપારીઓ અને રહીશોમાં ભારે ડર અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, ઉધના રોડ નંબર ૬ પર કેટલાક અસામાજિક તત્વો દ્વારા જય દલાલ પર અચાનક જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરો જયને લોહીલુહાણ હાલતમાં છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. હોસ્પિટલ પરિસરમાં જ યુવકના મોતના સમાચાર મળતા પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ હાઈપ્રોફાઈલ



હત્યાકાંડમાં વધુ એક મોટી વિગત સામે આવી છે. મૃતક જય દલાલ એ ઉધના વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય સંગીતાબેન પાટીલ સાથે સતત સક્રિય રહેતા ભાજપના મહિલા અગ્રણી જયશ્રીબેન દલાલનો પુત્ર હોવાનું સામે આવ્યું છે. રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા પરિવારના આશાસ્પદ પુત્રની હત્યાને પગલે ભાજપના ઉચ્ચ હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પ્રાથમિક સ્તરે આ ક્રૂર હત્યાકાંડ પાછળ અંગત અદાવત કે જૂની અદાવત હોવાની આશંકા સેવાઈ રહી છે. પરિવાર અને સૂત્રો દ્વારા કરવામાં આવેલા આક્ષેપો મુજબ, આ ઘટનાને પંકજ પાટીલ અને કિશન ઉર્ફે ચકલી નામના સ્થાનિક યુવાનો દ્વારા અંજામ આપવામાં આવ્યો છે.

# વડોદરાની MSU યુનિ.ના એન્જિનિયરિંગના વિદ્યાર્થીનો આપઘાત!

વડોદરા

શહેરમાંથી શિક્ષણ વ્યવસ્થા અને વાલીઓની અપેક્ષાઓના ભાર તળે દબાતા યુવાધનની વધુ એક કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. વડોદરાની ખ્યાતનામ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)માં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા એક આશાસ્પદ વિદ્યાર્થીએ પરીક્ષાના ટેન્શન અને પરિણામની નિષ્ફળતાના કારણે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આપઘાત કરતા પહેલાં આ યુવાને સોશિયલ મીડિયા પર પોતાની આપવીતી વર્ણવતો એક અત્યંત દર્દનાક વીડિયો પણ બનાવ્યો હતો, જે જોઈને કોઈપણ પથ્થર હૃદયના માણસની આંખો પણ ભીની થઈ જાય.

અંતિમ મેસેજ અને ત્રીજા માળે કરૂણ અંત

મળતી માહિતી મુજબ, વડોદરાના આજવા રોડ વિસ્તારમાં રહેતા આ વિદ્યાર્થી પર છેલ્લા કેટલાક સમયથી અભ્યાસનું ભારે ટેન્શન હતું. તાજેતરમાં જ જાહેર થયેલા પરિણામમાં તેને બે વિષયમાં ATKT (નાપાસ) આવી હતી. આ પરિણામ તે સહન ન કરી શક્યો. તેણે આપઘાત કરતા પહેલાં પોતાની સગી બહેનને એક મેસેજ કર્યો હતો અને ત્યારબાદ પોતાના જ ઘરના ત્રીજા માળે જઈને ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનો કંઈ સમજે કે બચાવવા દોડે તે પહેલાં જ આશાસ્પદ યુવાને દુનિયાને અલવિદા કહી દીધું હતું.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા!

# રાજકોટમાં ફરી લઠ્ઠાકાંડની શંકા : ઝેરી દારૂ પીવાથી બે પાકા મિત્રોના કરૂણ મોત

માતમની ચિચિયારીઓ વચ્ચે પોલીસ દોડતી થઇ | કુખ્યાત બૂટલેગર સહિત ત્રણ શખ્સોની અટકાયત | કેમિકલયુક્ત ઝેરી દારૂ સપ્લાય કરનારા પાપીઓ સામે 'પાક્કો ગુજરાત'નો પ્રહાર

રાજકોટ

સંપૂર્ણ દારૂબંધી ધરાવતા ગુજરાતમાં ફરી એકવાર કથિત 'લઠ્ઠાકાંડ'ની કાળી પરછાઈ જોવા મળી છે. રાજકોટ શહેરમાં ઝેરી દારૂ (કેમિકલયુક્ત પ્રવાહી) પીવાના કારણે બે પાકા મિત્રોના ટપોટપ મોત થતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે સનસનાટી મચી ગઈ છે. આ ઘટનાને પગલે રાજકોટ પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય બૂટલેગર સહિત ત્રણ શખ્સોની અટકાયત કરી લીધી છે.

મળતી માહિતી મુજબ, રાજકોટના સ્થાનિક વિસ્તારમાં રહેતા બે મિત્રોએ રાત્રિના સમયે સ્થાનિક બૂટલેગર પાસેથી દેશી દારૂ ખરીદ્યો હતો. બંનેએ સાથે બેસીને દારૂની મહેફિલ માણી હતી. પરંતુ દારૂ પીધાના ગણતરીના કલાકોમાં જ બંનેની તબિયત લથડી હતી.

બંને મિત્રોને આંખે અંધારા આવવા, ઉલટીઓ થવી અને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હતી.

પરિવારજનો તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડે તે પહેલાં જ ઝેરી દારૂએ પોતાનો અસલી રંગ બતાવ્યો અને બંને મિત્રોના કરૂણ મોત નીપજ્યા હતા.

પ્રાથમિક દ્રષ્ટિએ આ શુદ્ધ લઠ્ઠાકાંડ (ઝેરી દારૂ) હોવાની પૂરેપૂરી શંકા સેવાઈ રહી છે. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અને વિસેરા ટેસ્ટ માટે મોકલી આપ્યા છે જેથી કયા ઝેરી કેમિકલના કારણે મોત થયા છે તેનું સચોટ કારણ બહાર આવી શકે.

ઘટનાની ગંભીરતાને જોતાં રાજકોટ પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને દારૂના વેચાણના અડ્ડાઓ પર દરોડા પાડ્યા હતા. પોલીસે આ લોહીયાળ ખેલના મુખ્ય સૂત્રધાર એવા સ્થાનિક બૂટલેગર અને તેને ઝેરી દારૂ સપ્લાય કરનારા અન્ય બે સાગરીતો સહિત કુલ ત્રણ લોકોની અટકાયત કરી લીધી છે. પોલીસ હવે એ દિશામાં પૂછપરછ કરી રહી છે કે આ ઝેરી દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેમાં કયું કેમિકલ મિશ્રિત કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં કાગળ પર દારૂબંધી છે, પણ વાસ્તવિકતા એ છે કે ગલીએ-ગલીએ 'ઝેર' વેચાઈ રહ્યું છે. બોટાદ અને બરવાળાના લઠ્ઠાકાંડમાંથી હજુ પણ તંત્રે કોઈ પાઠ ભણ્યો નથી. જ્યાં સુધી પોલીસ અને બૂટલેગરો વચ્ચેની કથિત હપ્તાખોરીની સાંઠગાંઠ નહીં તૂટે, ત્યાં સુધી આવા કથિત લઠ્ઠાકાંડો થતા રહેશે અને નિર્દોષ પરિવારો ઉજડતા રહેશે.

વડોદરાનો ચર્ચિત 'શબીર વોરા કેસ'

# મેડિકલ રિપોર્ટ આવતા જ કોર્ટનો મોટો આદેશ

## DySP સહિત 4 પોલીસકર્મીઓ સામે ગુનો દાખલ!

વડોદરા

'કાયદો સભી કે લિયે બરાબર હૈ' એ વાત વડોદરા કોર્ટે એક ઐતિહાસિક અને કડક આદેશ આપીને સાબિત કરી દીધી છે. વડોદરાના ચર્ચિત અને ચકચારી 'શબીર વોરા કેસ' માં પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કાયદાનો દુરુપયોગ અને સત્તાના નશામાં કરવામાં આવેલી કથિત જોહુકમી સામે કોર્ટે લાલ આંખ કરી છે. ભોગ બનનાર શબીર વોરાનો મેડિકલ રિપોર્ટ સામે આવતા જ વડોદરા કોર્ટે એક નાયબ પોલીસ અધિક્ષક (DySP) સહિત કુલ ૪ પોલીસકર્મીઓ સામે ગુનો દાખલ કરવાનો સણસણતો આદેશ આપ્યો છે. આ આદેશને પગલે સમગ્ર ગુજરાત પોલીસ બેડામાં ભારે સનસનાટી મચી ગઈ છે.

શબીર વોરા કેસમાં મેડિકલ રિપોર્ટે ખોલી 'ખાખી'ની પોલ!

મળતી માહિતી મુજબ, શબીર વોરા કેસમાં પોલીસકર્મીઓ દ્વારા કાયદાની મર્યાદા વટાવીને સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના અને થર્ડ ડિગ્રી ટોર્ચરના ગંભીર આક્ષેપો થયા હતા. આ મામલે ન્યાય મેળવવા માટે કોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા સત્તાવાર મેડિકલ રિપોર્ટમાં શબીર વોરા પર થયેલી બર્બરતા અને શારીરિક ઈજાઓના પાકા પુરાવા સામે આવ્યા છે. આ રિપોર્ટના આધારે કોર્ટે પ્રથમ દ્રષ્ટિએ માન્યું કે કાયદાના રક્ષકોએ જ મોટો ગુનો આચર્યો છે. આદેશની ઝપેટમાં આવેલા ખાખીધારીઓ: ૧. ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DySP) - ઉચ્ચ કક્ષાના અધિકારી, ૨. અન્ય ૩ પોલીસ કર્મચારીઓ (જેમણે શબીર વોરા સામે આ કૃત્યમાં સાથ આપ્યો) કોર્ટે આ તમામ સામે તાત્કાલિક અસરથી કાયદેસરની કલમો હેઠળ એફઆઈઆર (FIR) નોંધીને કડક તપાસ કરવાના આદેશ વડોદરા પોલીસને આપ્યા છે. જનતા જ્યારે પોલીસ સ્ટેશને ન્યાય મેળવવા જાય છે ત્યારે તેની પાસે ખાખીનો ડર બતાવવામાં આવે છે.

રનવે પર જ લાઇટ-AC ગુલ થતાં મુસાફરો ગૂંગળાયા!

# વડોદરા એરપોર્ટ પર ઈન્ડિગોની ફ્લાઈટ બની 'ગરમીનો આકરો કૂવો'

## ■ દિલ્હી જતી ફ્લાઇટમાં 25 મિનિટ સુધી અંધારપટ; કાળઝાળ ગરમીમાં મુસાફરો પૂંઠા અને ન્યૂઝપેપરથી પવન ખાવા મજબૂર બન્યા

વડોદરા

મોંઘાભાડાની એરલાઈન્સમાં મુસાફરોની સુરક્ષા અને સુવિધાના દાવાઓ વડોદરા એરપોર્ટ પર હવામાં ઉડી ગયા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. વડોદરાથી દિલ્હી જતી ઈન્ડિગો (IndiGo) ની ફ્લાઈટમાં રનવે પર જ અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતાં મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. કાળઝાળ ગરમી વચ્ચે અંદાજે 25 મિનિટ સુધી ફ્લાઈટનું એર કન્ડિશનર (AC) અને કેબિન લાઈટો સંપૂર્ણપણે બંધ થઈ જતાં પ્લેન જાણે ગરમીનો ગેસ ચેમ્બર બની ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી અને મુસાફરો ગૂંગળામણ અનુભવવા લાગ્યા હતા.

રાત્રે 08:50 થી 09:15 સુધી જીવ તાળવે ચોંટ્યો!

વડોદરાથી દિલ્હી જવા માટે રનવે પાસે તૈયાર ઉભેલી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર 6E657 માં અચાનક પાવર કટ થઈ ગયો હતો. રાત્રે 08:50 વાગ્યે એસી અને લાઈટો બંધ થતાં જ આખી ફ્લાઈટમાં અંધારપટ છવાઈ ગયો હતો.





પેસેન્જરો કશું સમજે તે પહેલાં જ પેક ફ્લાઈટની અંદર અસહ્ય ગરમી અને બફારો વધવા લાગ્યો હતો. છેક 09:15 વાગ્યા સુધી મુસાફરો ગૂંગળામણ વચ્ચે અંદર જ ફસાયેલા રહ્યા હતા.

હવાઈ મુસાફરો પૂંઠા અને ન્યૂઝપેપરના સહારે આવ્યા!

આ હાઈપ્રોફાઈલ ફ્લાઈટની અંદર સર્જાયેલી લાચારીનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, મોંઘી ટિકિટ ખરીદીને પ્લેનમાં બેસેલા મુસાફરો અસહ્ય ગરમીથી બચવા માટે પોતાના હાથમાં રહેલા પૂંઠા, ફાઈલો અને ન્યૂઝપેપર (છાપા) વડે પવન ખાવા માટે મજબૂર બન્યા હતા. નાના બાળકો અને વૃદ્ધોની હાલત ગરમીના કારણે અત્યંત દયનીય થઈ ગઈ હતી.

કેમ સર્જાઈ આ આફત? શું છે કારણ?

એરપોર્ટના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ આખી ઘટના પાછળ એક ટેકનિકલ ખામી જવાબદાર હતી:

* ફ્લાઈટનું GPU (Ground Power Unit) અચાનક ટેકનિકલ કારણોસર બંધ થઈ ગયું હતું.
* આ GPU એવું યુનિટ છે જે વિમાન જ્યારે જમીન (રનવે) પર ઊભું હોય ત્યારે તેની કેબિન લાઈટિંગ, એસી (AC) અને કોકપિટ સિસ્ટમને પાવર સપ્લાય પૂરો પાડે છે.
* GPU જ ઠપ થઈ જતાં પ્લેનની અંદરની તમામ લક્ઝુરિયસ સુવિધાઓ પળવારમાં બંધ થઈ ગઈ હતી.

પાક્કો ગુજરાત

મંગળવાર | 19 મે 2026 | અમદાવાદ

### વહીવટદાર 'દત્તુ'નું પાપ સામ્રાજ્ય : હપ્તાખોરીની ચરમસીમા!

# અંકલેશ્વર GIDCમાં કાયદાનું વસ્ત્રાહરણ: બુટલેગર રમેશ વસાવાના મોતના અડ્ડા ઉપર ખાખીના 'મુજરા'

## ભરૂચ LCBના પીઆઈ બુટલેગરોના 'દલાલ' બન્યા? બાતમી આપનાર દેશભક્તોને બુટલેગરો પાસે વટાવતી ખાખી!

**અંકલેશ્વર**

ગુજરાત સરકાર ગાંધીનગરમાં બેસીને દારૂબંધીના ગમે તેટલા ભોરિંગા ફૂંકે, પણ ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક હબ અંકલેશ્વરમાં કાયદો બુટલેગરોના પગની જૂતી બની ગયો છે. અંકલેશ્વર અત્યારે ગુનેગારો, નશાખોરો અને દેશદ્રોહી બુટલેગરો માટે 'અભયારણ્ય' બની ચૂક્યું છે.

અહીં ઝેરી દેશી દારૂના અડ્ડા કોઈ ધર્મશાળાની પરબની જેમ સરેઆમ, સીનાતાન કરીને ચાલી રહ્યા છે. અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની નાકની નીચે, માત્ર ૧ જ કિલોમીટરના અંતરે બુટલેગર રમેશ વસાવા કાયદાના લીરેલીરા ઉડાવી રહ્યો છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કડક આદેશોને અંકલેશ્વરના ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ ગજવામાં મૂકીને ફરે છે.

મજૂરોની ચિતા પર બુટલેગરોની અટ્ટહાસ્ય: ગલીએ-ગલીએ મોતનું તાંડવ!

અંકલેશ્વર GIDC અને રેલ્વે સ્ટેશનની પાછળનો આખોય વિસ્તાર અત્યારે નશાના નરકમાં ફેરવાઈ ગયો છે. ગલીએ-ગલીએ રમેશ વસાવાના મોતના સોદાગરો બેઠા છે. ગરીબ મજૂર વર્ગ અને ભવિષ્ય સમાન યુવાધનની જીંદગીઓ આ અડ્ડાઓ પર હોમાઈ રહી છે, પરિવારો બરબાદ થઈ રહ્યા છે. છતાં, ખાખી વર્દી ધ્રૂજતી નથી! સવાલ એ છે કે આ હરામખોરી કોના ઈશારે ચાલી રહી છે? કયો એવો આકા છે જેના તળિયા ચાટવામાં સ્થાનિક પોલીસ વ્યસ્ત છે?

વહીવટદાર 'દત્તુ'નું પાપ સામ્રાજ્ય: હપ્તાખોરીની ચરમસીમા!

ખાખીનો માલિક એટલે 'દત્તુ'?

અંકલેશ્વરના આ આખા નશાના નેટવર્કને ચલાવનારો અસલી સૂત્રધાર રમેશ વસાવાનો મુખ્ય શાર્પ વહીવટદાર 'દત્તુ' છે. આ 'દત્તુ' નામના ઈસમની તાકાત એટલી છે કે તેના ઈશારે આખા જિલ્લાની પોલીસ નાચે છે.

નગ્ન સત્ય: બજારમાં થૂંક ઉડી રહ્યું છે કે અંકલેશ્વર પોલીસથી લઈને ભરૂચ LCB સુધી, મહિનાની લાખો-કરોડોની 'મલાઈ' પહોંચાડવાનું કામ આ દત્તુ કરે છે. કાયદાના રક્ષકો જ્યારે બુટલેગરના વહીવટદારના ટુકડા પર પલળવા માંડે, ત્યારે જનતાએ ન્યાયની આશા કોની પાસે રાખવાની?

ભરૂચ LCB પર સણસણતો સવાલ: પીઆઈ બુટલેગરોના ખબરી?

જિલ્લામાં માત્ર દેશી દારૂ જ નહીં, વિદેશી દારૂ, ગાંજો, અફીણ અને જુગારની ક્લબો પણ ધમધમી રહી છે. જિલ્લા પોલીસવડા અને LCB આંખ આડા કાન કરીને બેઠા છે. તેનાથી પણ વધુ શરમજનક અને ઘાતક વિગત એ છે કે, જો કોઈ જાગૃત નાગરિક પોતાની દેશભક્તિ બતાવીને ભરૂચ LCBના પીઆઈ (PI)ને બાતમી આપે, તો આ ભ્રષ્ટ સાહેબ એ બાતમી સીધી બુટલેગરને વેચી મારે છે! બુટલેગરો ખાખીના પ્રોટેક્શન સાથે બાતમીદારને શોધીને ઢોર માર મારે છે. આ પોલીસ છે કે બુટલેગરોના પાળેલા ગુંડા? જો રક્ષક જ ભક્ષક બને, તો આવા અધિકારીઓને સસ્પેન્ડ કેમ નથી કરાતા?

મોટા લઠ્ઠાકાંડની ઉઘાડી વિનંતી: શું લાશોના ઢગલા પછી જાગશે તંત્ર?

અંકલેશ્વર GIDCની કેમિકલ ફેક્ટરીઓમાંથી નીકળતા જોખમી કેમિકલનો ઉપયોગ કરીને આ દેશી દારૂ બનાવાઈ રહ્યો હોવાની આશંકા છે. અંકલેશ્વર પોલીસ ભવિષ્યમાં કોઈ ભયાનક 'લઠ્ઠાકાંડ'ની અને માસૂમોની લાશોની રાહ જોઈને બેઠી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. લઠ્ઠાકાંડ થશે ત્યારે જવાબદાર કોણ?

'પાક્કો ગુજરાત'નો આખરી અને સણસણતો સવાલ:

શું ભરૂચ જિલ્લા પોલીસવડા પોતાની કુંભકર્ણની નિંદ્રામાંથી જાગશે? શું મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના આદેશનું સરેઆમ અપમાન કરનારા અંકલેશ્વરના ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ, બુટલેગર રમેશ વસાવા અને તેના વહીવટદાર દત્તુને જેલના સળિયા પાછળ ધકેલાશે? કે પછી આ આખી ટોળકી કોઈ મોટી હોનારત સર્જીને જ શાંત બેસશે? જનતાની નજર હવે ઉચ્ચ અધિકારીઓની કાર્યવાહી પર છે!




### પૂર્વ કોર્પોરેટર પારુલ પટેલે DGPને કરી ફરિયાદ

# નગરસેવકને આયોજનપૂર્વક ફસાવનારા PI આણી કંપની હવે પોતે બનશે આરોપી!

**વડોદરા**

'કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો' એવું જનતાને સમજાવતી પોલીસ પોતે જ જ્યારે ખાખીને દાગ લગાડે, ત્યારે જનતાનો ભરોસો તૂટી જાય છે. વડોદરાના નગરસેવક આશિષ જોશી કેસ સંદર્ભે એક સનસનાટીભર્યો વળાંક આવ્યો છે. પૂર્વ કોર્પોરેટર પારુલ પટેલે હવે સીધા રાજ્યના પોલીસ વડા (DGP)ને લેખિત ફરિયાદ કરીને સંખેડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI), પીએસઆઈ (PSI) અને તેમના તાબાના ત્રણ કર્મચારીઓ સામે મોરચો માંડ્યો છે. આયોજનપૂર્વક નિર્દોષને ફસાવવાનું આ આખું રેકેટ હવે પોલીસના ગળે જ ભરાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

આ કેસમાં સંખેડા પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સુત્રો તરફથી મળતી માહિતી મુજબ, આ કેસમાં કાયદો વ્યવસ્થા જાળવવાના બદલે 'હપ્તો આપશો તો જામીન મળશે' જેવી ગંદી નીતિ અપનાવવામાં આવી હોવાના આક્ષેપો ઉઠ્યા છે. એટલું જ નહીં, આ આખી ઘટનાની સચ્ચાઈ છતી કરી શકે તેવું મહત્વનું વીડિયો રેકોર્ડિંગ પણ રહસ્યમય રીતે ગાયબ કરી દેવામાં આવ્યું છે! આ પુરાવાનો નાશ કરવાની સીધી પેરવી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

કાયદાના નિષ્ણાતોના મતે, ખોટા પુરાવા ઉભા કરવા, બોગસ ફરિયાદ બનાવવી અને કોઈ નિર્દોષ વ્યક્તિને જાણીજોઈને આરોપી તરીકે ચિતરવો, એ કાયદાની નજરમાં બહુ મોટો ગુનો છે. પૂર્વ કોર્પોરેટરની DGPને કરાયેલી ફરિયાદના આધારે આ ભ્રષ્ટ પોલીસકર્મીઓ સામે નવીનતમ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની નીચે મુજબની કલમો હેઠળ ગુનો નોંધાઈ શકે છે:

BNS કલમ ૨૫૬ અને ૨૫૭: ખોટા પુરાવા આપવા અથવા બોગસ દસ્તાવેજો/પુરાવા તૈયાર કરવા.

BNS કલમ ૬૧: ગુનાહિત કાવતરું (Criminal Conspiracy) રચવું.

ફરિયાદના સકંજામાં આવેલા ભ્રષ્ટ પોલીસકર્મીઓની યાદી: ૧. પોલીસ ઈન્સ્પેક્ટર (PI) - સંખેડા પોલીસ સ્ટેશન,

૨. પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI) - સંખેડા પોલીસ સ્ટેશન

૩. તાબાના અન્ય ૩ પોલીસ કર્મચારીઓ (જેમણે કાવતરામાં સાથ આપ્યો)

'પાક્કો ગુજરાત' ઓપિનિયન: જનતાનો ફિટકાર, હવે તો સળિયા પાછળ ધકેલો!

જે ખાખી વર્દી પર જનતા આંધળો વિશ્વાસ મૂકે છે, તે વર્દીનો દુરુપયોગ કરીને કોઈ લોકપ્રતિનિધિ કે સામાન્ય નાગરિકને ફસાવવાનું પાપ અક્ષમ્ય છે. સત્તાના નશામાં ચૂર થઈને કાયદાની મજાક ઉડાવનારા આ પોલીસવાળાઓ સામે માત્ર ખાતાકીય તપાસ નહીં, પરંતુ તાત્કાલિક ગુનો નોંધીને તેમને જેલના સળિયા પાછળ ધકેલવા જોઈએ. તો જ ખાખીની શાન અને જનતાનો વિશ્વાસ બચશે.

આ કેસમાં DGP હવે કેવા કડક પગલાં ભરે છે અને ખાખીધારી ગુંડાઓ ક્યારે જેલ ભેગા થાય છે, તેના પર 'પાક્કો ગુજરાત'ની તીક્ષ્ણ નજર રહેશે.

### ગાંધીનગરના દશેલા ખાતે

# મધુર ડેરીના રૂા. 128 કરોડના અદ્યતન પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ

**ગાંધીનગર**

ગુજરાતના સહકારી ક્ષેત્રના ઈતિહાસમાં આજે વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ગાંધીનગરના દશેલા ખાતે દેશના માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ્ હસ્તે અંદાજે રૂ. ૧૨૮ કરોડના ભવ્ય ખર્ચે નિર્માણ પામેલા 'મધુર ડેરી'ના અત્યંત આધુનિક મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ નવો પ્લાન્ટ બદલાતા સમય સાથે ગુજરાતના સહકારી માળખાને વધુ મજબૂત અને ટેકનોલોજીથી સજ્જ બનાવશે.

૧૪.૯ એકર જેટલી વિશાળ જગ્યામાં ફેલાયેલો આ નવો અદ્યતન પ્લાન્ટ પશુપાલકો અને ગ્રાહકો બંને માટે આશીર્વાદરૂપ સાબિત થશે. તેની મુખ્ય




વિશેષતાઓ નીચે મુજબ છે:

* દૂધ પ્રોસેસિંગ ક્ષેત્રે ક્રાંતિ: આ હાઈટેક પ્લાન્ટ દૈનિક ૨.૫ લાખ લીટર દૂધ પ્રોસેસિંગ કરવાની વિશાળ ક્ષમતા ધરાવે છે.

* મલ્ટી-પ્રોડક્ટ અદ્યતન વિભાગો: માત્ર દૂધ જ નહીં, પરંતુ ગ્રાહકોની સુવિધા માટે અહીં છાશ, દહીં તથા ઘીના ઉત્પાદન માટેના પણ અદ્યતન અને હાઈજીનિક વિભાગો કાર્યરત કરવામાં આવ્યા છે.

* ટેકનોલોજીનો સમન્વય: પ્રોડક્શનથી લઈને પેકિંગ સુધીની પ્રક્રિયામાં આધુનિક ટેકનોલોજી અને નવીન અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાનના 'સહકારથી સમૃદ્ધિ' મંત્રને નવી ગતિ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિકાસ માટે 'સહકારથી સમૃદ્ધિ' નો જે મંત્ર આપ્યો છે, તેને ગુજરાત આજે અક્ષરશઃ ચરિતાર્થ કરી રહ્યું છે. કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના કુશળ માર્ગદર્શન હેઠળ ગુજરાતનું ડેરી અને સહકારી ક્ષેત્ર વૈશ્વિક સ્તરે કદમ મિલાવી રહ્યું છે. આ નવો પ્લાન્ટ પશુપાલકો અને ખેડૂતોને આર્થિક રીતે વધુ મજબૂત અને આત્મનિર્ભર બનાવવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

### સત્તાનો નશો કે કાયદાનો ખોફ?

# આદિવાસી યુવકોને બેરહેમીપૂર્વક માર માર્યાનો વિડીયો વાઈરલ થયો

## ભાજપના MLAના પુત્ર પર લાગ્યા ગંભીર આક્ષેપો!

**ગાંધીનગર**

ગુજરાતમાં સત્તા પક્ષના નેતાઓ અને તેમના સંતાનો દ્વારા કાયદો હાથમાં લેવાના કિસ્સાઓ અવારનવાર ચર્ચાનો વિષય બનતા હોય છે. ત્યારે વધુ એક ચોંકાવનારો અને કંપારી છૂટી જાય તેવો કિસ્સો સામે આવ્યો છે, જેમાં આદિવાસી સમાજના યુવકોને ઢોર માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ થયો છે. સૌથી ગંભીર વાત એ છે કે, આ અમાનવીય કૃત્ય પાછળ શાસક પક્ષ ભાજપ (BJP) ના એક સત્તાધારી ધારાસભ્ય (MLA) ના પુત્રનો હાથ હોવાના સણસણતા આક્ષેપો લાગ્યા છે. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ રાજ્યભરના આદિવાસી સંગઠનો અને જનતામાં ભારે ફિટકારની લાગણી વર્ષી રહી છે.

મળતી માહિતી મુજબ, કોઈ જૂની અદાવત કે સામાન્ય બોલાચાલીની અદાવત રાખીને આદિવાસી યુવકોને ઘેરી લેવામાં આવ્યા હતા. આક્ષેપ છે કે ધારાસભ્યના પુત્ર અને તેના સાગરીતોએ કાયદાના લીરેલીરા ઉડાવીને યુવકોને બેરહેમીપૂર્વક લાકડીઓ અને ગડદાપાટુનો માર માર્યો હતો.

અમાનવીય વર્તન: વાઈરલ થઈ રહેલા કથિત વિડીયોમાં પીડિત યુવકો દયાની ભીખ માંગી રહ્યા છે, છતાં હુમલાખોરો સત્તાના નશામાં ચૂર થઈને તેમના પર તૂટી પડતા દેખાય છે.



રોષનો ભભૂકો: આ ઘટનાની જાણ થતાં જ આદિવાસી સમાજના અગ્રણીઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકઠા થયા છે અને નરાધમો સામે કડકમાં કડક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે.

ભોગ બનનાર યુવકો અને તેમના પરિવારોએ આ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપીને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સામાન્ય રીતે જ્યારે પણ કોઈ નેતા કે તેમના સંબંધીઓનું નામ ગુનામાં ઉછળે છે, ત્યારે પોલીસ પર ભારે રાજકીય દબાણ આવતું હોય છે. આ કેસમાં પણ પીડિતોને આશંકા છે કે સત્તાના જોરે મામલો દબાવવાનો પ્રયાસ થઈ શકે છે. પરંતુ આદિવાસી સમાજના વધતા દબાણને જોતાં પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

### NEET પેપરલીક કાંડમાં CBIનો સપાટો

# પ્રોફેસર મનીષા માંઢરે જેલના સળિયા પાછળ, પણ 'અસલી કિંગપિન' હજુય ફરાર!

## ધરપકડ કરાયેલા 9 પાપીઓની કુંડળી ખુલી : દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમનારા નરાધમોએ આ રીતે આચર્યું હતું મહાકૌભાંડ!

**અમદાવાદ**

દેશની સૌથી મોટી તબીબી પ્રવેશ પરીક્ષા 'NEET' ના પેપરલીક કાંડે સમગ્ર શિક્ષણ જગતને હચમચાવી મૂક્યું છે, ત્યારે આ મહાકૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ હવે 'થર્ડ ગિઅર'માં તપાસ શરૂ કરી દીધી છે. સીબીઆઈએ આ કેસમાં મોટો સપાટો બોલાવતા પ્રોફેસર મનીષા માંઢરેની ધરપકડ કરી લીધી છે. પરંતુ, આ તો માત્ર હિબતની નાની કડી છે! અસલી 'માસ્ટરમાઈન્ડ' હજુ પણ પડદા પાછળ રહીને પોલીસને હંફાવી રહ્યો છે.

આ કૌભાંડમાં અત્યાર સુધીમાં ઝડપાયેલા 9 આરોપીઓએ લાખો વિદ્યાર્થીઓના સપનાઓને કચડી નાખવા માટે કેવું ખતરનાક નેટવર્ક ગોઠવ્યું હતું, તેનો સનસનાટીપૂર્ણ ખુલાસો 'પાક્કો ગુજરાત' પોતાના વાચકો સમક્ષ કરવા જઈ રહ્યું છે.



કોણ છે પ્રોફેસર મનીષા માંઢરે?

પ્રોફેસર મનીષા માંઢરે શિક્ષણ જગતનું એ કલંકિત નામ બની ગઈ છે, જેણે પોતાના પદની ગરિમા લજવી છે. સીબીઆઈની તપાસમાં સામે આવ્યું છે કે પ્રોફેસર મનીષા પેપરલીક કરનારી ગેંગ અને ઉમેદવારો વચ્ચેનો મુખ્ય સેતુ હતી. પૈસાના જોરે પેપર ખરીદવા તૈયાર થતા ગ્રાહકો (વિદ્યાર્થીઓ અને વાલીઓ) ને શોધવા અને આખી ડીલ પાકી કરવામાં આ પ્રોફેસરની ભૂમિકા અત્યંત ઘાતક હતી.

ઝડપાયેલા 9 નરાધમોની પાપલીલા: કોણે શું કર્યું હતું?

સીબીઆઈના સકંજામાં આવેલા આ 9 આરોપીઓએ કોઈ પ્રોફેશનલ ગેંગસ્ટરની જેમ આખા કૌભાંડને અંજામ આપ્યો હતો. વાંચો આ પાપીઓનું પાપનામું:

૧. પેપર સપ્લાયર્સ (The Leak Source): ગેંગના મુખ્ય સાગરીતોએ પરીક્ષા કેન્દ્ર અથવા પ્રિન્ટિંગ પ્રેસની સિક્યોરિટીમાં ગાબડું પાડીને પરીક્ષાના કલાકો પહેલાં જ ઓરિજિનલ પેપર બહાર કાઢી લીધું હતું.

૨. સોલ્વર ગેંગના આકાઓ: પેપર હાથમાં આવતાની સાથે જ મેડિકલના તેજસ્વી વિદ્યાર્થીઓ અને સ્કોલર્સની મદદથી ગણતરીની મિનિટોમાં આખું પેપર સોલ્વ કરાવીને તેની આન્સર-કી (Answer Key) તૈયાર કરી લેવામાં આવી હતી.

* ૩. ડીલર્સ અને એજન્ટો (પ્રોફેસર સહિત): લાખો-કરોડો રૂપિયા આપવા તૈયાર હોય તેવા નબળા પણ અમીર બાપના સંતાનોને શોધવાનું કામ આ એજન્ટો કરતા હતા.

### મોરબીમાં માનવતા મરી પરવારી

# ભાડું ન ચૂકવી શકતા કળિયુગી પતિએ પત્ની અને સગીર પુત્રીને મકાનમાલિકના હવાલે કરી!

## 2 હજાર રૂપિયાના ભાડા માટે નરાધમે પત્ની અને 13 વર્ષની માસૂમ દીકરીની આબરૂનો સોદો કર્યો, નરાધમ પતિ અને હેવાન મકાનમાલિક બંને પોલીસ સકંજામાં

**મોરબી**

આપણે એ સંસ્કારી સમાજ અને ગૌરવશાળી સંસ્કૃતિમાંથી આવીએ છીએ જ્યાં ઘરની દીકરી, માતા, પત્ની કે બહેન સામે કોઈ ઊંચી આંખે જુએ તો તેનું માથું ધડથી અલગ કરી દેનારા પિતા અને ભાઈઓ ઈતિહાસે જોયા છે. પરંતુ મોરબી પંથકમાંથી પુરુષ જાતને કલંકિત કરતી અને રૂંવાડા ઊભા કરી દે તેવી એક શરમજનક ઘટના સામે આવી છે. અહીં માત્ર ૨ હજાર રૂપિયા જેવી મામૂલી રકમનું મકાન ભાડું ન ચૂકવી શકતા એક નરાધમ અને કળિયુગી વ્યક્તિએ પોતાની જ પત્ની અને ૧૩ વર્ષની સગીર પુત્રી પર વારંવાર બળાત્કાર કરવા દેવા માટે મકાનમાલિક સાથે સોદો કરી નાખ્યો! આ નરપિશાચની મોરબી પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ઘટના એવા નાલાયક અને લુખ્ખા પુરુષોના મોઢા પર તમાચો છે જેઓ પોતાના પરિવાર કે બાળકોની જવાબદારી ઉપાડી શકતા નથી. જ્યારે તમને ખબર છે કે તમારામાં જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવાની પણ તાકાત નથી, તો પછી લગ્નના નામે કોઈ નિર્દોષ સ્ત્રીની જિંદગી બરબાદ કરવાનો હક તમને કોણે આપ્યો? આજના સમયમાં આવા તત્વો પોતાની લાચારીનું બહાનું આગળ ધરીને ઘરની સ્ત્રીઓને હેવાનોના હવાલે કરી દેતા અચકાતા નથી.



'પાક્કો ગુજરાત' આજે સમાજ અને પરિવારોને પણ ખુલ્લો સવાલ પૂછે છે કે તમે તમારા ઘરના અને સમાજના નકામા છોકરાઓને ઓળખતા કેમ નથી?

જ્યારે ખબર હોય કે દીકરો જીવનમાં કંઈ કરી શકવાનો નથી અને વ્યસની કે આવારા છે, તો શા માટે તેને જબરદસ્તી લગ્નના બંધનમાં બાંધી દેવાય છે?


'લગ્ન કરાવી દો એટલે જવાબદારી આવશે અને છોકરો સુધરી જશે' જેવી સૂફિયાણી અને વાહિયાત વાતો હવે બંધ થવી જોઈએ.

* યાદ રાખો, આ દુનિયામાં માત્ર લગ્ન જ જીવનનો એકમાત્ર ધ્યેય નથી. લગ્ન સિવાય પણ ઘણું બધું કરવા જેવું છે.

## તંત્રી લેખ...

# સંબંધોની અદ્રશ્ય દોરી: જ્યારે ભૌતિક હાજરી કરતાં 'લાગણીના શબ્દો' વધુ કિંમતી બની જાય છે

આજના ડિજિટલ અને ભાગદોડ ભરેલા યુગમાં આપણી આસપાસ માણસોનો મેળો છે, છતાં ક્યાંક ને ક્યાંક એકલતાનો અહેસાસ વર્તાય છે. આવા સમયે એક પ્રશ્ન સહજ થાય કે, સાચો સંબંધ કોને કહેવાય? શું રોજ મળવાથી કે સાથે રહેવાથી જ સંબંધો ગાઢ બને છે? જવાબ છે- ના. કેટલાક સંબંધો રોજ મળવાથી નથી બંધાતા, એ તો માત્ર હૃદયથી નીકળેલા બે સાચા શબ્દોથી જોડાઈ જાય છે.



એક સરળ “કેમ છો?” ની જાદુઈ શક્તિ

આપણે ઘણીવાર મોટી-મોટી ભેટસોગાદો કે લાંબી મુલાકાતોમાં સંબંધોની ગાઢતા શોધતા હોઈએ છીએ. પરંતુ ક્યારેક જીવનની ઘટમાળમાં થાકેલા કોઈ માણસ માટે એક સરળ અને વહાલભર્યું “કેમ છો?” પણ એના આખા દિવસનો સૌથી મોટો સહારો બની જાય છે. શબ્દોમાં એક અજાણી અને અદ્ભુત શક્તિ હોય છે. જ્યારે એ સાચા દિલથી ઉચ્ચારવામાં આવે ત્યારે તે સીધા સામેવાળાના દિલ સુધી પહોંચે છે, અને બે અજાણ્યા લોકોને પણ પળભરમાં નજીક લાવી દે છે.

હાજરી વિરુદ્ધ અહેસાસ

આપણી આસપાસ એવા ઘણા ઉદાહરણો જોવા મળે છે જ્યાં લોકો જીવનમાં વર્ષો સુધી એક જ ઘરમાં કે એક જ ઓફિસમાં સાથે રહે છે, રોજ એકબીજાને જુએ છે, પણ અંદરથી દિલથી ક્યારેય જોડાતા નથી. તેમની વચ્ચે ભૌતિક અંતર ભલે શૂન્ય હોય, પણ માનસિક અંતર માઈલો લાંબું હોય છે.

બીજી તરફ, ક્યારેક સોશિયલ મીડિયાના માધ્યમથી કે કોઈ આકસ્મિક મુલાકાતમાં માત્ર થોડા શબ્દોની આપ-લે જ એવું મજબૂત બંધન બનાવી દે છે જે હજારો કિલોમીટરનું અંતર હોવા છતાં ક્યારેય તૂટતું નથી. આ જ તો શબ્દોની અને લાગણીની તાકાત છે.

યાદ રાખો:

સાચા સંબંધો માત્ર ભૌતિક હાજરીથી નથી ટકતા, પણ એકબીજા પ્રત્યેના આદર અને લાગણીભર્યા શબ્દોથી ટકતા હોય છે.

શબ્દોની કિંમત સમજો

તમારી હાજરી કદાચ કોઈના માટે સામાન્ય હોઈ શકે, પણ મુશ્કેલીના સમયે તમારા વતી બોલાયેલા બે આશ્વાસનના બોલ કોઈને નવું જીવન આપી શકે છે. ચાલો, આજના દિવસથી જ આપણા વ્યસ્ત સમયમાંથી બે મિનિટ કાઢીને કોઈ જુના મિત્ર, સગા-સંબંધિત કે સ્નેહીજનને યાદ કરીએ. કોઈ લોભ કે સ્વાર્થ વગર માત્ર એટલું જ પૂછીએ- ‘કેમ છો? બરાબર ને?‘

કારણ કે દુનિયા ગમે તેટલી આધુનિક થઈ જાય, પણ માણસ આજેય લાગણીનો ભૂખ્યો છે. અને એ લાગણી જ્યારે શબ્દોનું રૂપ ધારણ કરે છે, ત્યારે જ જન્મે છે એક અતૂટ અને અમર સંબંધ!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સીમાઓ વહુ માટે જ કેમ? દીકરા માટે કેમ નહીં?

## આજે શિક્ષિત અને આત્મનિર્ભર સ્ત્રી લગ્ન કરતા ડરે છે, તેની પાછળ કોઇ પશ્ચિમી આંધળું અનુકરણ નથી, પણ માનસિક ગુલામીનો ડર છે

બહુ થઈ 'કન્યા વિદાય', હવે શરૂ કરો 'કુમાર વિદાય'નો નવો અધ્યાય!

આપણા સમાજમાં લગ્ન એ બે આત્માનું મિલન ઓછું અને સ્ત્રીના અસ્તિત્વની આહુતિ વધુ બની ગયું છે. મંડપમાં વાગતી શરણાઈઓ એક તરફ ખુશીનું વાતાવરણ સર્જે છે, તો બીજી તરફ એક બાપ પોતાની આખી દુનિયા અજાણ્યાના હાથમાં સોંપીને ખાલી હાથે ઘરે પાછો ફરે છે. આ વિદાય માત્ર ઘર બદલવાની રીત નથી, પણ એક સ્ત્રીના સપનાઓ અને તેની ઓળખ પર લાગતા 'પરંપરા'ના સિક્કાની શરૂઆત છે.

આજે શિક્ષિત અને આત્મનિર્ભર સ્ત્રી લગ્ન કરતા ડરે છે, તેની પાછળ કોઈ પશ્ચિમી આંધળું અનુકરણ નથી, પણ માનસિક ગુલામીનો ડર છે. તેને ભય છે કે જે પાંખો આકાશ માપવા માટે બની હતી, તેને લગ્નના પિંજરામાં કેદ કરી દેવાશે. તેને લગ્ન સામે વાંધો નથી, પણ લગ્ન પછી બદલાતા 'બેવડા માપદંડો' સામે વાંધો છે. દીકરો મોંડે સુધી બહાર રહે તો 'કામ' ગણાય, પણ વહુ ઉંબરો ઓળંગે તો 'સંસ્કારો' સામે સવાલ ઉઠે છે. ઘણીવાર પતિ મદદ કરવા માંગતો હોય, તો પણ સામાજિક દબાણ આડે આવે છે. સાસુ-સસરા જ ટોકે છે.નવાઈની તારી વહુ એકલી નોકરી નથી કરતી આ માનસિકતા વહુને તોડી નાખે છે. જો ગંદકી આખા પરિવારની હોય, તો સફાઈ માત્ર વહુની જ કેમ? ઘરકામમાં પુરુષનો સહકાર એ ઉપકાર નથી, પણ સહજીવનનો પાયો છે. વહુનો પગાર ઘણીવાર ઘરના રોજિંદા ખર્ચમાં વપરાય છે, જેનો કોઈ હિસાબ રહેતો નથી. બીજી તરફ,



પતિનો પગાર 'સેવિંગ' માં જાય છે, જેમાંથી તેના કે તેના માતા-પિતાના નામે પ્રોપર્ટી વસાવવામાં આવે છે. આખી જિંદગી કાળી મજૂરી કરનાર વહુના નામે એક ઈંટ પણ હોતી નથી! અને જ્યારે તે પોતાના શોખ કે પિયર માટે થોડા પૈસા વાપરે, ત્યારે તેને 'સ્વાર્થી' ગણવામાં આવે છે. દીકરાને સામાન્ય શરદી થાય તો આખું ઘર ચિંતામાં ડૂબી જાય, પણ વહુ તાવમાં હોય તો પણ રસોડાનો ધુમાડો તેની જ રાહ જોતો હોય છે. અમને બહારનું નથી ફાવતું.કહીને બીમાર વહુ પાસે કામ કરાવવું એ સંસ્કાર નથી પણ માનવતાનો અભાવ છે. વહુના શરીરમાં પણ લોહી વહે છે, તે મશીન નથી. સમાજમાં બધા જ સરખા નથી. એવા ઉમદા પરિવારો પણ છે જે વહુને ખરા અર્થમાં દીકરી માને છે. એવા પતિ પણ છે જે પત્નીના કરિયર માટે પોતાની સુખ-સુવિધાઓ જતી કરે છે. આપણો પ્રશ્ન એવા લોકો સામે છે જે હજુ પણ વહુને માત્ર એક 'મફતની કામવાળી' કે 'કમાઉ મશીન' સમજે છે.

સમાજને એક પ્રેમાળ વિનંતી

‘કુમાર વિદાય‘ એ માત્ર શબ્દો નથી, પણ એક નવી વિચારધારા છે. આપણે દીકરીઓને એવો વિશ્વાસ અપાવવો પડશે કે સાસરું એ બંધન નહીં પણ નવું આકાશ છે. જો વહુ પગાર લાવીને ઘરની આર્થિક સ્થિતિ સુધારે છે, તો પરિવારના સભ્યોએ તેને ઘરના કામમાં માનસિક નિરાંત આપવી જોઈએ. વહુના પિયરના સભ્યો વિશે મેણાં મારવા એ તેના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે. લગ્ન એ 'અધિકાર' ગાજવવાનો સંબંધ નથી, પણ એકબીજાના 'આદર'નું નામ છે. જે દિવસે વહુને એ અહેસાસ થશે કે આ ઘરમાં તે માત્ર 'સેવા' કરવા માટે નહીં પણ 'સન્માન' સાથે જીવવા માટે આવી છે, તે દિવસે દીકરીઓને લગ્નનો ડર નહીં લાગે. ચાલો, વહુને ઘરની 'લક્ષ્મી' માનીને તેના આત્મસન્માનની રક્ષા કરીએ, કારણ કે તો જ કોઈ ઘર સાચા અર્થમાં 'મંદિર' બની શકશે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# અર્થતંત્રનાં હિતમાં જનતા સ્વેચ્છાએ સહકાર આપે

## પશ્ચિમ એશિયામાં યુદ્ધ ક્યારે બંધ થશે તેની કોઈ ગેરંટી નથી. ઈરાન અને અમેરિકાએ જાણે દુનિયા આખીને બાનમાં લીધી હોય એવી સ્થિતિ છે. ક્રૂડતેલનો પુરવઠો આસાનીથી વધે એમ લાગતું નથી. દુનિયાના મોટાભાગના દેશોમાં ઊર્જાની કટોકટી છે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધ ક્યારે બંધ થશે તેની કોઈ ગેરંટી નથી. ઈરાન અને અમેરિકાએ જાણે દુનિયા આખીને બાનમાં લીધી હોય એવી સ્થિતિ છે. ક્રૂડતેલનો પુરવઠો આસાનીથી વધે એમ લાગતું નથી. દુનિયાના મોટાભાગના દેશોમાં ઊર્જાની કટોકટી છે. પેટ્રોલ - ડીઝલના ભાવ વધી રહ્યા છે, ત્યારે ભારતમાં લોકો ઉપર વધુ બોજ પડે નહીં તેની સાવધાની સરકારે અત્યાર સુધી રાખી છે. ઘરવપરાશના ગેસ સિલિન્ડરની અછત થાય નહીં અને ભાવ વધારવા પડે નહીં તે માટે કોમર્શિયલ વપરાશના ગેસ ઉપર પ્રથમ ભાવવધારા થયા છે. અલબત્ત, તેની અસર લોકો ઉપર પડી રહી છે અને લોકોએ સમજદારીપૂર્વક આ સંજોગો સ્વીકાર્યા છે, પણ હવે અનિશ્ચિત સ્થિતિ હોવાથી વડાપ્રધાન મોદીએ સાત મહત્ત્વના મુદ્દા ટાંકીને અપીલ કરી છે. લોકો સ્વેચ્છાએ આ ક્ષેત્રમાં શિસ્ત જાળવીને સહકાર આપે એવી અપેક્ષા છે. વડાપ્રધાને 'અપીલ' કરી છે, ભાવવધારા જાહેર કરીને ફરજ પાડી નથી. એમણે વિદેશ પ્રવાસ મુલતવી રાખવા, ખાદ્યતેલનો વપરાશ ઘટાડવા તથા ખાનગી વાહનોને બદલે પબ્લિક વાહનો ઉપર આધાર રાખીને પેટ્રોલ-ડીઝલની ખપત ઘટાડવાની, ખેડૂતોને કેમિકલ ખાતરનો ઉપયોગ ઘટાડવાની અને લોકોને સોનાંની ખરીદી નહીં કરવાની અપીલ કરી છે. આપણા વિદેશી હૂંડિયામણની બચત કરવા માટે અપીલ છે. પેટ્રોલ-ડીઝલ અને ખાદ્યતેલની આયાત પાછળ ધરખમ ખર્ચ થાય છે. સોનાંની ખરીદી તો સતત વધતી રહે છે. વર્ષ 2025-26માં પેટ્રોલ-ક્રૂડતેલની પેદાશોની ખરીદી માટે 173 બિલિયન ડોલર અને સોનાંની ખરીદી પાછળ 71.9 બિલિયન ડોલર વપરાયા છે. આપણે ફોરેન એક્સચેન્જનો વેડફાટ બંધ કરવાની જરૂર છે એટલું તો સમજવું અને સ્વીકારવું જોઇએ. વડાપ્રધાને સરળ ભાષામાં સમજાવ્યું છે - ખાદ્યતેલનો વપરાશ ઘટાડાય તો આપણા સ્વાસ્થ્ય અને દેશનાં અર્થતંત્ર માટે લાભ છે. કોવિડ વખતે ઘરબેઠાં વ્યવસાયનું કામ કરવાની ફરજ પડી હતી, કારણ કે, મોતનો ભય હતો. અત્યારે ભાવવધારાનો ભય ટાળવા માટે સ્વેચ્છાએ સહકાર આપવો જોઇએ. તાજેતરમાં પાંચ રાજ્યમાં ચૂંટણી થઈ ત્યારે વાહનો પાછળ રાજકીય નેતાઓએ ધૂમ ખર્ચ કર્યો, ત્યારે કટોકટી યાદ આવી નહીં ? એવી ટીકા થાય છે, પણ લોકતંત્રમાં ચૂંટણી અનિવાર્ય છે અને જો મુલતવી રખાઈ હોત તો પણ વિરોધ પક્ષોએ ટીકા-પ્રહાર કર્યા હોત. રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડવો જોઇએ, પણ આ વર્ષે ચોમાસું નબળું જવાની આગાહી છે, ત્યારે ખાતર ઘટાડવાની અપીલ ખેડૂતોને ગળે ઊતરે એવી નથી. સોનાંની ભૂખ કદી ઓછી થતી નથી, તેથી તેના ઉપર દંડાત્મક જકાત નાખ્યા સિવાય છૂટકો નથી. અલબત્ત, દાણચોરી ઉપર સખત જાપ્તો હોવો જોઇએ. ભૂતકાળમાં વિદેશી આક્રમણ થયાં, ત્યારે લોકોએ સુવર્ણ અલંકારો સંરક્ષણ ભંડોળમાં આપ્યાં છે, એવી સ્વદેશી ભાવના આર્થિક કટોકટી ટાળવા માટે જગાવવી જોઇએ. સોનાંની ભૂખ ભાંગવા માટે ચોવીસ કેરેટના અલંકારોનાં સ્થાને કેરેટ ઘટાડવાની તૈયારી હોય છે. અલબત્ત, ભાવવધારો અને લૂંટફાટ - આ બે મુખ્ય ડર હોય છે. અત્યારે વડાપ્રધાને અપીલ કરી છે, ત્યારે સ્વેચ્છાએ સહકાર આપવો જોઇએ. વિરોધીઓનું કામ છે વિરોધ કરવાનું, પણ દેશનાં અર્થતંત્રની ચિંતા રાજતંત્ર કરતાં વધુ મહત્ત્વની છે. વિદેશ પ્રવાસ મુલતવી રાખવાની સલાહ વિપક્ષના નેતાને સ્વીકાર્ય નથી, તો તેઓ રાબેતા મુજબ લાંબા વિદેશ પ્રવાસે જઈ શકે છે. અર્થતંત્ર નહીં, તો રાજતંત્રને રાહત મળશે! પશ્ચિમ એશિયામાં યુદ્ધ ક્યારે બંધ થશે તેની કોઈ ગેરંટી નથી. ઈરાન અને અમેરિકાએ જાણે દુનિયા આખીને બાનમાં લીધી હોય એવી સ્થિતિ છે. ક્રૂડતેલનો પુરવઠો આસાનીથી વધે એમ લાગતું નથી. દુનિયાના મોટાભાગના દેશોમાં ઊર્જાની કટોકટી છે. પેટ્રોલ - ડીઝલના ભાવ વધી રહ્યા છે, ત્યારે ભારતમાં લોકો ઉપર વધુ બોજ પડે નહીં તેની સાવધાની સરકારે અત્યાર સુધી રાખી છે. ઘરવપરાશના ગેસ સિલિન્ડરની અછત થાય નહીં અને ભાવ વધારવા પડે નહીં તે માટે કોમર્શિયલ વપરાશના ગેસ ઉપર પ્રથમ ભાવવધારા થયા છે. અલબત્ત, તેની અસર લોકો ઉપર પડી રહી છે અને લોકોએ સમજદારીપૂર્વક આ સંજોગો સ્વીકાર્યા છે, પણ હવે અનિશ્ચિત સ્થિતિ હોવાથી વડાપ્રધાન મોદીએ સાત મહત્ત્વના મુદ્દા ટાંકીને અપીલ કરી છે. લોકો સ્વેચ્છાએ આ ક્ષેત્રમાં શિસ્ત જાળવીને સહકાર આપે એવી અપેક્ષા છે.

# સૂર્યના આકરા તાપથી સ્કિન કેન્સરનું જોખમ વધારે

ઉનાળાનો આકરો તડકો શરીરની સાથે ત્વચાને પણ નુકસાન પહોંચાડે છે. તેનાથી ત્વચામાં બળતરા, લાલાશ કે ચચરાટ જેવો અનુભવ થઈ શકે છે. આ સનબર્નના લક્ષણો હોઈ શકે છે. ઘણીવાર લોકો તેને અવગણે છે, જ્યારે વાસ્તવમાં સૂર્યના UV (અલ્ટ્રાવાયોલેટ) કિરણો ત્વચાના ઉપરના સ્તરને નુકસાન પહોંચાડે છે. લાંબા સમય સુધી તેના સંપર્કમાં રહેવાથી કરચલીઓ, પિગમેન્ટેશન અને તો ક્યાંક ત્વચાના કેન્સરનું જોખમ પણ વધી શકે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર, વધુ પડતો યુવી એક્સપોઝર ત્વચાને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. ખાસ કરીને જો કોઈ વ્યક્તિ કોઈપણ સુરક્ષા વિના લાંબા સમય સુધી તડકામાં રહે. વધુ સમય તડકામાં રહેવાથી ત્વચામાં બળતરા અને લાલાશ થાય, તો તેને સનબર્ન કહેવાય છે. તેને પોઈન્ટર્સથી સમજીએ- જ્યારે તીવ્ર સૂર્યપ્રકાશના યુવી કિરણો ત્વચા પર પડે છે, ત્યારે તે ત્વચાના કોષોની અંદર રહેલા ડીએનએને નુકસાન પહોંચાડે છે. શરીરમાં એક પ્રકારની 'એલાર્મ સિસ્ટમ' હોય છે, જ્યારે કોષોને નુકસાન થાય છે, ત્યારે તેઓ સંકેતો (રાસાયણિક સંદેશા- કેમિકલ મેસેજ) આપે છે કે કંઈક ખોટું થઈ રહ્યું છે. આ સંકેતોને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ સક્રિય થઈ જાય છે અને તે જગ્યાએ રક્ત પ્રવાહ (બ્લડ ફ્લો) વધારી દે છે, જેથી નુકસાનને સુધારી શકાય. આ જ કારણોસર ત્વચા લાલ, ગરમ અને સોજેલી દેખાય છે. બળતરા અને દુખાવો અનુભવાય છે. આ તડકાની તીવ્રતા, સમય અને સ્કિન ટાઈપ પર આધાર રાખે છે. પોઈન્ટર્સથી સમજીએ- આકરા તડકામાં 10-20 મિનિટ રહેવાથી ગોરી કે સંવેદનશીલ ત્વચામાં સનબર્ન શરૂ થઈ શકે છે. ઘઉંવર્ણી કે શ્યામ ત્વચામાં 20-40 મિનિટના સીધા તડકાથી સનબર્ન થઈ શકે છે.


સવારે 10 વાગ્યાથી સાંજે 4 વાગ્યાની વચ્ચે તડકામાં રહેવાથી સનબર્નનું જોખમ વધારે હોય છે. પહાડી વિસ્તારોમાં ઓછા સમયનો તડકો પણ ત્વચાને બાળી શકે છે. પાણી કે બરફની નજીક તડકો ઝડપથી અસર કરે છે. સનસ્ક્રીન વિના બહાર નીકળવા પર રોજિંદા કામ કરતી વખતે પણ સનબર્ન થઈ શકે છે. UV કિરણોની અસરથી થાય છે, પરંતુ બંનેમાં ફરક હોય છે. પોઈન્ટર્સથી સમજીએ- સનબર્નમાં ત્વચા લાલ થઈ જાય છે. તેના કારણે થતો સોજો પીડાદાયક હોઈ શકે છે. ટેનિંગમાં ત્વચાનો રંગ ઘેરો થઈ જાય છે. આનાથી શરીર વધુ મેલાનિન (મેલાનિન શરીરનું કુદરતી રંગદ્રવ્ય છે. તે ત્વચા, વાળ અને આંખોનો રંગ નક્કી કરે છે) બનાવીને પોતાને UV કિરણોથી બચાવવાનો પ્રયાસ કરે છે. સનબર્ન ત્યારે થાય છે, જ્યારે સૂર્યના તેજ UV કિરણો ત્વચાના ઉપરના સ્તરના કોષોને નુકસાન પહોંચાડે છે. મુદ્દાઓથી સમજીએ- આનાથી શરીરમાં સોજાની પ્રતિક્રિયા શરૂ થાય છે. આનાથી ત્વચા લાલ, ગરમ અને પીડાદાયક લાગે છે. વધુ નુકસાન થવા પર શરીર ડેડ સ્કિનને દૂર કરવા લાગે છે, તેથી થોડા દિવસો પછી ત્વચા છોલાવા લાગે છે. વારંવાર સનબર્ન થવાથી ત્વચા ઝડપથી વૃદ્ધ દેખાવા લાગે છે અને ત્વચાના કેન્સરનું જોખમ પણ વધી શકે છે. સામાન્ય રીતે તડકામાં વધુ સમય વિતાવ્યાના 2-6 કલાકની અંદર ત્વચામાં લાલાશ અને બળતરા અનુભવવા લાગે છે. 12-24 કલાકની અંદર તેના લક્ષણો વધુ સ્પષ્ટ થઈ શકે છે. જો સનબર્ન વધુ ગંભીર હોય, તો તે માત્ર ત્વચા પૂરતું મર્યાદિત રહેતું નથી. શરીરમાં સોજાની પ્રતિક્રિયા વધવા પર તાવ, માથાનો દુખાવો, થાક અને ઉબકા (ગભરામણ) જેવા લક્ષણો પણ દેખાઈ શકે છે. સનબર્નના કેટલાક લક્ષણો ગંભીર હોઈ શકે છે. પોઈન્ટર્સથી સમજીએ કે ક્યારે ડર્મેટોલોજિસ્ટને બતાવવું જરૂરી છે.

# 1991માં ફોરેક્સ રિઝર્વ માત્ર એક અબજ હતું, આજે 690 અબજ ડોલર

## પાણીના નળ બંધ રાખો, પ્લાસ્ટિકનો ઉપયોગ કરશો નહીં, પેટ્રોલ અને ડીઝલનો ઓછો ઉપયોગ કરો, વર્ક ફ્રોમ હોમ કરો, વિદેશ જશો નહીં, સોનું ખરીદશો નહીં, સાઈકલ ચલાવો, ઈવીનો ઉપયોગ કરો, કચરો સળગાવશો નહીં જેવી ઘણી બધી સલાહ અને સુચનો પ્રજા માટે જારી કરવામાં આવે છે. પ્રજા તેનું પાલન કરે છે અને તંત્ર મજા કરે છે : કોરોના સમયે કેટલાય લોકોને તપાસ માટે, રસી માટે, સારવાર માટે લાઈનોમાં ઊભા કરી દેવાયા. છ ફૂટનું અંતર રાખવાનું કહેવામાં આવ્યું. એકપણ નેતા, એકપણ અધિકારી કે પછી તંત્ર સાથે જોડાયેલી વ્યક્તિને સમસ્યા થઈ નહોતી.

સોનાની આયાતમાં વધારો થતાં જ સોના-ચાંદીના ભાવોમાં ઉછાળો આવ્યો છે. આયાત પરની ૧૫ ટકા ડયૂટીએ ભાવમાં ભડકો કર્યો છે. સોનાની એક તોલાની કિંમત ૧.૬૫ લાખની સપાટીએ, જ્યારે ચાંદી ૨.૭૫ લાખ પર પહોંચી છે. દેશની આથક સ્થિતિને મજબૂત બનાવી રાખવા વડાપ્રધાન મોદીએ સોના-ચાંદીના ઘરેણાં નહીં ખરીદવા અપીલ કરી છે. દેશની બહુમતી પ્રજા તોલા દીઠ ૧.૬૫ લાખની કિંમતનું મોંઘુદાટ સોનું આમેય ખરીદી શકે તેમ નથી. આ ભાવે તો ચાર તોલાની બંગડીની કિંમત છ લાખથી ઉપર થવા જાય છે, અને તેમાં પાછી ઘડામણની કિંમત ઉમેરવાની બાકી રહે છે.

એક અંદાજ પ્રમાણે, ભારતના ઘરોમાં આશરે ૨૫,૦૦૦ થી ૩૪,૦૦૦ ટન સોનાનો જથ્થો છે, જેની કિંમત પાંચ ટ્રિલિયન ડોલર જેટલી થવા જાય છે. ગરીબોને બાદ કરતાં મોટા ભાગના પરિવારો પાસે વત્તે-ઓછે અંશે સોનું હોવાનું. બાળકના જન્મથી લગ્ન સુધીના વિવિધ તબક્કામાં તેને સોનાની નાની ચીજો કાં તો ભેટમાં મળતી હોય છે અથવા તો સાનાનાં ઘરેણાં ઘડાવવામાં આવતાં હોય છે. આજે પણ કેટલાક સમાજમાં લગ્ન સમયે સોનાનાં ઘરેણાં ચડાવવાનો આગ્રહ રખાય છે ત્યારે એક વર્ષ માટે સોનું નહીં ખરીદવાની વડાપ્રધાનની અપીલ દેશની આથક સ્થિતિ ટકાવી રાખવા માટે જરૂરી છે. આમ છતાં તેમની આ અપીલની ટીકા થઈ રહી છે. ભૂતકાળ પર નજર કરીએ તો અનેક વાર દેશના સત્તાધીશો સોનાનો વપરાશ ઘટાડવાની અપીલ કરી ચૂક્યા છે. ૧૯૬માં ચીન સાથેના યુદ્ધને જીતવા માટે સરકારને સોનું દાનમાં આપો એવી અપીલ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કરી હતી. તે વખતે ઈન્દિરા ગાંધીએ તેમનું મંગળસૂત્ર દાનમાં આપ્યું હોય તેવી તસવીરો અખબારોમાં છપાઈ હતી. ઈન્દિરા ગાંધીએ ૩૬૭ ગ્રામ સોનાનું દાન કર્યું હતું. અનેક મહિલાઓ આ દાનની સરવાણીમાં જોડાઈ હતી. જોકે, ચીન સામેના યુદ્ધમાં ભારતની હાર થઈ હતી, ત્યારબાદ દાનમાં મેળવેલા સોનાનો શું ઉપયોગ થયો તે જાહેર કરાયું નહોતું. જૂન ૧૯૬૭માં, કે જ્યારે વડાપ્રધાન પદે ઈન્દિરા ગાંધી હતાં, ત્યારે દુકાળનો સામનો કરી રહેલા દેશનું વિદેશી હૂંડિયામણ સાવ તળિયે હતું. ત્યારે તેમણે પણ સોનું તેમજ સોનાનાં ઘરેણાં નહીં ખરીદવા અપીલ કરી હતી. સોનાની કિંમત એટલી ઊંચે ગઈ છે કે પાંચ તોલાના ઘરેણાં ખરીદવા ૧૦ લાખ રૂપિયા જોઈએ. પાંચ તોલા સોનું ખરીદીને અંતે તો તેને લોકરમાં જ મૂકવાનું હોય, તો તેને ખરીદવાનો શો મતલબ? દેશની આથક સ્થિતિ પાંગળી થવાના સંકેત મળી રહ્યા છે. તેલની ખરીદી માટે ભારત અખાતી અને અન્ય દેશો પર નિર્ભર છે ને વળી તેની ખરીદી ડોલરમાં થાય છે. આપણે સોનાની પણ જંગી આયાત કરવી પડે છે, સરકારે તેના માટે ડોલરમાં ચૂકવણી કરવી પડે છે. સરકાર સામે દેખાઈ રહેલા આથક સંકટનો સામનો કરવા માટે આગોતરા કરકસરનાં પગલાં લઈ રહી છે. ફોરેક્સ રિઝર્વ બહુ મહત્ત્વનું છે અને તેને ટકાવી રાખવું પડે છે. ૧૯૯૧માં જ્યારે 'બેલેન્સ ઓફ પેમેન્ટ'નું સંકટ હતું અને હર્ષદ મહેતાના કૌભાંડનો પર્દાફાશ થયો ત્યારે ભારત પાસે માત્ર એક અઠવાડિયા ચાલે એટલું જ રિઝર્વ



બચ્યું હતું, જે ઘટીને માત્ર એક અબજ ડોલર પર પહોંચી ગયું હતું. તે વખતે ઓઈલનો ભાવ બેરલ દીઠ ૧૭ ડોલર પરથી ૩૬ ડોલર પર પહોંચી ગયો હતો. દેશ પાસે લોન ચૂકવવા પૈસા નહોતા અને તે ડિફોલ્ટર થવાની અણી પર હતો. આ કટોકટીના સમયે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૧૮મા ગવર્નર તરીકેની કમાન એસ. વેંકટરમણનને સોંપવામાં આવી હતી. તેમણે ૬૭ ટન સોનું વિદેશની બેંકોમાં ગીરવે મૂક્યું હતું અને ૪૦૦ મિલિયન ડોલરની લોન મેળવવામાં સફળતા મેળવી હતી. તે વખતે ભારત આઈએમએફ પાસેથી ૧.૨ અબજ ડોલરની ઈમર્જન્સી લોન લીધી હતી. વૈશ્વિક આથક ડામાડોળ સ્થિતિમાં ફોરેક્સ રિઝર્વ મજબૂત હોવું જરૂરી છે. ૨૦૧૪માં જ્યારે મોદી પહેલીવાર વડાપ્રધાન બન્યા ત્યારે ફોરેક્સ રિઝર્વ ૩૧૫ અબજ ડોલર હતું. આથક નિષ્ણાતો ફોરેક્સ રિઝર્વ ઓછું થાય ત્યારે ચિંતા કરતા હોય છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં તે ૭૨૮ અબજ ડોલર હતું અને હાલ ૬૯૦.૯૬ અબજ ડોલર છે, જે નિષ્ણાતોના મત અનુસાર, આઠેક મહિના સુધી આયાતમાં વાંધો ના આવે તેટલું છે. ટૂંકમાં, સોનું નહીં ખરીદવાની અપીલ દેશહિતમાં છે. આ અપીલની વિરુદ્ધમાં ઉઠતા સૂરોને બહુ મહત્ત્વ આપવા જેવું નથી. સોનાની આયાતમાં વધારો થતાં જ સોના-ચાંદીના ભાવોમાં ઉછાળો આવ્યો છે. આયાત પરની ૧૫ ટકા ડયૂટીએ ભાવમાં ભડકો કર્યો છે. સોનાની એક તોલાની કિંમત ૧.૬૫ લાખની સપાટીએ, જ્યારે ચાંદી ૨.૭૫ લાખ પર પહોંચી છે. દેશની આથક સ્થિતિને મજબૂત બનાવી રાખવા વડાપ્રધાન મોદીએ સોના-ચાંદીના ઘરેણાં નહીં ખરીદવા અપીલ કરી છે. દેશની બહુમતી પ્રજા તોલા દીઠ ૧.૬૫ લાખની કિંમતનું મોંઘુદાટ સોનું આમેય ખરીદી શકે તેમ નથી. આ ભાવે તો ચાર તોલાની બંગડીની કિંમત છ લાખથી ઉપર થવા જાય છે, અને તેમાં પાછી ઘડામણની કિંમત ઉમેરવાની બાકી રહે છે. એક અંદાજ પ્રમાણે, ભારતના ઘરોમાં આશરે ૨૫,૦૦૦ થી ૩૪,૦૦૦ ટન સોનાનો જથ્થો છે, જેની કિંમત પાંચ ટ્રિલિયન ડોલર જેટલી થવા જાય છે. ગરીબોને બાદ કરતાં મોટા ભાગના પરિવારો પાસે વત્તે-ઓછે અંશે સોનું હોવાનું. બાળકના જન્મથી લગ્ન સુધીના વિવિધ તબક્કામાં તેને સોનાની નાની ચીજો કાં તો ભેટમાં મળતી હોય છે અથવા તો સાનાનાં ઘરેણાં ઘડાવવામાં આવતાં હોય છે. આજે પણ કેટલાક સમાજમાં લગ્ન સમયે સોનાનાં ઘરેણાં ચડાવવાનો આગ્રહ રખાય છે ત્યારે એક વર્ષ માટે સોનું નહીં ખરીદવાની વડાપ્રધાનની અપીલ દેશની આથક સ્થિતિ ટકાવી રાખવા માટે જરૂરી છે. આમ છતાં તેમની આ અપીલની ટીકા થઈ રહી છે. ભૂતકાળ પર નજર કરીએ તો અનેક વાર દેશના સત્તાધીશો સોનાનો વપરાશ ઘટાડવાની અપીલ કરી ચૂક્યા છે. ૧૯૬માં ચીન સાથેના યુદ્ધને જીતવા માટે સરકારને સોનું દાનમાં આપો એવી અપીલ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કરી હતી. તે વખતે ઈન્દિરા ગાંધીએ તેમનું મંગળસૂત્ર દાનમાં આપ્યું હોય તેવી તસવીરો અખબારોમાં છપાઈ હતી. ઈન્દિરા ગાંધીએ ૩૬૭ ગ્રામ સોનાનું દાન કર્યું હતું. અનેક મહિલાઓ આ દાનની સરવાણીમાં જોડાઈ હતી.

જોકે, ચીન સામેના યુદ્ધમાં ભારતની હાર થઈ હતી, ત્યારબાદ દાનમાં મેળવેલા સોનાનો શું ઉપયોગ થયો તે જાહેર કરાયું નહોતું. જૂન ૧૯૬૭માં, કે જ્યારે વડાપ્રધાન પદે ઈન્દિરા ગાંધી હતાં, ત્યારે દુકાળનો સામનો કરી રહેલા દેશનું વિદેશી હૂંડિયામણ સાવ તળિયે હતું. ત્યારે તેમણે પણ સોનું તેમજ સોનાનાં ઘરેણાં નહીં ખરીદવા અપીલ કરી હતી. સોનાની કિંમત એટલી ઊંચે ગઈ છે કે પાંચ તોલાના ઘરેણાં ખરીદવા ૧૦ લાખ રૂપિયા જોઈએ.

પાંચ તોલા સોનું ખરીદીને અંતે તો તેને લોકરમાં જ મૂકવાનું હોય, તો તેને ખરીદવાનો શો મતલબ? દેશની આથક સ્થિતિ પાંગળી થવાના સંકેત મળી રહ્યા છે. તેલની ખરીદી માટે ભારત અખાતી અને અન્ય દેશો પર નિર્ભર છે ને વળી તેની ખરીદી ડોલરમાં થાય છે. આપણે સોનાની પણ જંગી આયાત કરવી પડે છે, સરકારે તેના માટે ડોલરમાં ચૂકવણી કરવી પડે છે. સરકાર સામે દેખાઈ રહેલા આથક સંકટનો સામનો કરવા માટે આગોતરા કરકસરનાં પગલાં લઈ રહી છે. ફોરેક્સ રિઝર્વ બહુ મહત્ત્વનું છે અને તેને ટકાવી રાખવું પડે છે. ૧૯૯૧માં જ્યારે 'બેલેન્સ ઓફ પેમેન્ટ'નું સંકટ હતું અને હર્ષદ મહેતાના કૌભાંડનો પર્દાફાશ થયો ત્યારે ભારત પાસે માત્ર એક અઠવાડિયા ચાલે એટલું જ રિઝર્વ બચ્યું હતું, જે ઘટીને માત્ર એક અબજ ડોલર પર પહોંચી ગયું હતું. તે વખતે ઓઈલનો ભાવ બેરલ દીઠ ૧૭ ડોલર પરથી ૩૬ ડોલર પર પહોંચી ગયો હતો. દેશ પાસે લોન ચૂકવવા પૈસા નહોતા અને તે ડિફોલ્ટર થવાની અણી પર હતો.

આ કટોકટીના સમયે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૧૮મા ગવર્નર તરીકેની કમાન એસ. વેંકટરમણનને સોંપવામાં આવી હતી. તેમણે ૬૭ ટન સોનું વિદેશની બેંકોમાં ગીરવે મૂક્યું હતું અને ૪૦૦ મિલિયન ડોલરની લોન મેળવવામાં સફળતા મેળવી હતી. તે વખતે ભારત આઈએમએફ પાસેથી ૧.૨ અબજ ડોલરની ઈમર્જન્સી લોન લીધી હતી. વૈશ્વિક આથક ડામાડોળ સ્થિતિમાં ફોરેક્સ રિઝર્વ મજબૂત હોવું જરૂરી છે. ૨૦૧૪માં જ્યારે મોદી પહેલીવાર વડાપ્રધાન બન્યા ત્યારે ફોરેક્સ રિઝર્વ ૩૧૫ અબજ ડોલર હતું. આથક નિષ્ણાતો ફોરેક્સ રિઝર્વ ઓછું થાય ત્યારે ચિંતા કરતા હોય છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં તે ૭૨૮ અબજ ડોલર હતું અને હાલ ૬૯૦.૯૬ અબજ ડોલર છે, જે નિષ્ણાતોના મત અનુસાર, આઠેક મહિના સુધી આયાતમાં વાંધો ના આવે તેટલું છે. ટૂંકમાં, સોનું નહીં ખરીદવાની અપીલ દેશહિતમાં છે. આ અપીલની વિરુદ્ધમાં ઉઠતા સૂરોને બહુ મહત્ત્વ આપવા જેવું નથી.

પાક્કો ગુજરાત
મંગળવાર | 19 મે 2026 | અમદાવાદ

શેરબજારના દેવાએ પાડોશીને બનાવ્યો કાતિલ

# જૂનાગઢમાં ચાની 'ખાલી રકાબી'એ ખોલ્યો હત્યાનો ભેદ

જૂનાગઢ

જૂનાગઢના ગિરિરાજ વિસ્તારમાં આવેલી ચિત્રકૂટ સોસાયટીમાં થોડા દિવસો પહેલાં થયેલી ૬૩ વર્ષીય વૃદ્ધા સુનિતાબેન રાઈજાની ઘાતકી હત્યાનો ભેદ ઉકેલવામાં જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચને અભૂતપૂર્વ સફળતા મળી છે. ફિલ્મી સ્ક્રીપ્ટને પણ ટક્કર મારે તેવી આ ઘટનામાં પોલીસે મૃતકના પુત્રના મિત્ર અને પાડોશમાં જ રહેતા સુરેશ ઉર્ફે કાના વાધવાણીની ધરપકડ કરી છે. માત્ર ચાની એક ખાલી રકાબી આ અંધારા ગુનાનો પર્દાફાશ કરવામાં મુખ્ય કડી સાબિત થઈ છે.

૩.૭૫ લાખનું દેવું અને હત્યાનું કાવતરું

પોલીસની આકરી પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી સુરેશને શેરબજાર (સ્ટોક માર્કેટ)માં અંદાજે ૩.૭૫ લાખનું મોટું નુકસાન થયું હતું. આ આર્થિક સંકટમાંથી બહાર આવવા માટે તે આકુળ-વ્યાકુળ હતો. તે સુનિતાબેન પાસે નાણાં ઉછીના માંગવા માટે ગયો હતો. જોકે, સુનિતાબેને રોકડા નાણાં આપવા સામે ગીરો તરીકે કોઈ કિંમતી વસ્તુ કે દાગીના મૂકવાની શરત રાખી હતી. આ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી. ગુસ્સામાં આવીને આરોપી સુરેશે તીક્ષ્ણ છરીના ઘા ઝીંકી વૃદ્ધાની નિર્મમ હત્યા કરી નાખી હતી.

રસોડાની ત્રીજી રકાબીએ ખેલ બગાડ્યો!

હત્યા બાદ પુરાવા નાશ કરવાનો પૂરો પ્રયાસ કરાયો હતો. પરંતુ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. કુણાલ પટેલ અને તેમની ટીમને તપાસ દરમિયાન રસોડામાંથી ચાની ૩ ખાલી રકાબી મળી આવી હતી.

ઘરમાં માત્ર બે જ સભ્યોએ ચા પીધી હોવાનું સ્પષ્ટ હતું, તો પછી આ 'ત્રીજી રકાબી' કોની? આ સવાલે જ પોલીસને સાચી દિશા બતાવી. વૈજ્ઞાનિક અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે શંકાસ્પદ સુરેશની કડક પૂછપરછ કરાતા તે ભાંગી પડ્યો હતો અને કબૂલ્યું કે ત્રીજી રકાબીમાં ચા તેણે જ પીધી હતી.

પાપ છુપાવવા અંતિમવિધિમાં પણ હાજર રહ્યો

આરોપી કેટલો શાતિર હતો તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે, હત્યાના ગુના પરથી પોલીસની શંકા હટી જાય તે માટે તે સુનિતાબેનની અંતિમવિધિથી લઈને તમામ સામાજિક વિધિઓમાં મૃતકના પરિવારની સાથે જ રહ્યો હતો અને આઘાત વહેંચવાનો ઢોંગ કરતો હતો. પરંતુ કાયદાના લાંબા હાથથી તે બચી શક્યો નહીં.

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં જ આ અંધારા ગુનાનો પર્દાફાશ કરીને હત્યારાને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.




ગ્રામજનોનો અભૂતપૂર્વ પ્રતિસાદ

# નિષ્ણાત ડોક્ટરોની ટીમે આપી સેવાઓ, દર્દીઓએ માન્યો આભાર

ડભોઇ

ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘરઆંગણે જ ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી ડભોઇ તાલુકાના વડજ ગામે એક વિશાળ નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદીપભાઈ ચૌહાણ, તુષારભાઈ પટેલ અને તેમની સેવાભાવી ટીમ દ્વારા આયોજિત આ સ્વાસ્થ્ય શિબિરમાં વડજ સહિત આસપાસના ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને મોટી સંખ્યામાં લોકોએ આ સેવાનો લાભ ઉઠાવ્યો હતો.

આ મેડિકલ કેમ્પ તાલુકા પંચાયત સદસ્ય તુષારભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ખાસ કરીને વડજ, કનાયડા, ગામડી અને ધરમપુરી એમ કુલ ચાર ગામોના સરહદી વિસ્તારોના લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને યોજવામાં આવ્યો હતો. અંતરિયાળ ગામડાઓમાં વસતા ગરીબ




અને મધ્યમ વર્ગના પરિવારો માટે આ કેમ્પ આશીર્વાદરૂપ સાબિત થયો હતો.

આ કેમ્પમાં માત્ર રોગોનું નિદાન જ નહીં, પરંતુ ડૉક્ટરોના પ્રિસ્ક્રિપ્શન મુજબ દર્દીઓને જરૂરી તમામ ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવાર, એલોપેથિક દવાઓ અને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારતા હેલ્થ સપ્લિમેન્ટ્સ પણ તદ્દન મફત (વિનામૂલ્યે) પૂરા પાડવામાં આવ્યા હતા.


ગોધરા પોલીસની મોટી કાર્યવાહી

# લાખોની કિંમતની વ્હેલ માછલીની 'શંકાસ્પદ ઊલટી' (ઍમ્બરગ્રીસ) સાથે બે તસ્કરો ઝડપાયા!

ગોધરા

ગુજરાતનું દરિયાઈ નેટવર્ક ઘણું મોટું છે, પરંતુ હવે દરિયાઈ જીવોની તસ્કરીના તાર છેક પંચમહાલ સુધી પહોંચ્યા છે. ગોધરા પોલીસે એક ગુપ્ત ઓપરેશન હાથ ધરીને વ્હેલ માછલીની શંકાસ્પદ ઊલટી એટલે કે 'ઍમ્બરગ્રીસ' (Ambergris) ના મોટા જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. પોલીસે તેમની પાસેથી અંદાજે ૮૬૦ ગ્રામ જેટલો આ કિંમતી પદાર્થ જપ્ત કર્યો છે, જેની બજાર કિંમત લાખો રૂપિયા આંકવામાં આવી રહી છે. દરિયા કિનારાથી સેંકડો કિલોમીટર દૂર ગોધરામાં આ કરોડોના કાળા કારોબારનું નેટવર્ક જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે.

સામાન્ય માણસને સવાલ થાય કે માછલીની ઊલટીની કિંમત લાખો કે કરોડોમાં કેમ હોય? તો તેના પાછળ વૈજ્ઞાનિક અને વ્યાપારિક કારણો છુપાયેલા છે:



તરતું સોનું (Floating Gold): ઍમ્બરગ્રીસ એ સ્પર્મ વ્હેલ (Sperm Whale) માછલીના પાચનતંત્રમાંથી નીકળતો એક ઘન અને મીણ જેવો પદાર્થ છે. જ્યારે વ્હેલ માછલી સમુદ્રમાં તીક્ષ્ણ વસ્તુઓ (જેમ કે ઓક્ટોપસની ચાંચ) ગળી જાય છે, ત્યારે તેના પેટમાં ઈજા ન થાય તે માટે આ પદાર્થ બને છે, જે વ્હેલ સમુદ્રમાં બહાર કાઢે છે.

ઈન્ટરનેશનલ પરફ્યુમ બજારમાં ભારે માંગ: દુનિયાની સૌથી મોંઘી પર્ફ્યુમ (સુગંધિત અત્તર) બનાવતી બ્રાન્ડ્સ આ ઍમ્બરગ્રીસનો ઉપયોગ કરે છે. આ પદાર્થ પર્ફ્યુમની સુગંધને હવામાં ઉડી જતી રોકે છે અને સુગંધને લાંબા સમય સુધી ટકાવી રાખે છે.

આ પદાર્થ માત્ર ૧% સ્પર્મ વ્હેલમાંથી જ મળે છે અને તે દરિયાના પાણીમાં વર્ષો સુધી તરતો રહ્યા પછી જ અસલી રૂપ ધારણ કરે છે. આથી જ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ૧ કિલો ઍમ્બરગ્રીસની કિંમત ૧ થી ૨ કરોડ રૂપિયા સુધીની હોઈ શકે છે! ગોધરા પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને બે શખ્સોને આ ૮૬૦ ગ્રામ શંકાસ્પદ જથ્થા સાથે દબોચી લીધા હતા.

કામ કરવાનું હતું વોર્ડમાં, પણ બેન પહોંચી ગયા બ્રિજ પર "લાઈક્સ" ઉઘરાવવા!

# અંકલેશ્વરના કોંગ્રેસના મહિલા કાઉન્સિલર રિવોલ્વર સાથે રીલ્સ બનાવી ટ્રોલર્સના નિશાને

અંકલેશ્વર

જનતાએ જેમને પોતાના પ્રશ્નો અને વિસ્તારની સમસ્યાઓ ઉકેલવા માટે ચૂંટીને મોકલ્યા છે, તેવા નેતાજી હવે લોકસેવા છોડીને સોશિયલ મીડિયાના રવાડે ચડ્યા હોવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં કોંગ્રેસના મહિલા કાઉન્સિલર ખુશીબેનનો એક અત્યંત જોખમી અને વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયોમાં મહિલા કોર્પોરેટર રેલવે બ્રિજ જેવા સંવેદનશીલ સ્થળ પર હાથમાં અસલી રિવોલ્વર જેવું હથિયાર પકડીને ફિલ્મી સ્ટાઈલમાં રીલ્સ બનાવતા નજરે પડી રહ્યા છે. કાયદાના રક્ષક બનવાના બદલે



જાહેરમાં હથિયાર પ્રદર્શન કરવાની નેતાજીની આ જોખમી સ્ટાઈલ હવે ભારે વિવાદોના વંટોળમાં સપડાઈ છે. વાયરલ થયેલી રીલ્સમાં જોઈ શકાય છે કે કોંગ્રેસના મહિલા કાઉન્સિલર ખુશીબેન રેલવે બ્રિજ પર ઊભા રહીને હાથમાં રિવોલ્વર લહેરાવી રહ્યા છે અને હવામાં નિશાન સાધતા હોય તેવા હાવભાવ કરી રહ્યા છે. બેકગ્રાઉન્ડમાં દબંગ સ્ટાઈલનું મ્યુઝિક વાગી રહ્યું છે અને નેતાજી સોશિયલ મીડિયા પર 'લાઈક્સ' અને 'ફોલોઅર્સ' ઉઘરાવવા માટે શૂટિંગમાં શૂરવીર બન્યા છે. આ વીડિયો સામે આવ્યા બાદ અંકલેશ્વરના સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો કહી રહ્યા છે કે, વોર્ડમાં ગટર, પાણી અને રસ્તાની સેંકડો સમસ્યાઓ છે, પણ નેતાજી પાસે પ્રજાના કામો માટે સમય નથી અને રીલ્સ બનાવવા માટે પૂરતો સમય છે.

વીડિયો વાયરલ થતાં જ નેટીઝન્સ અને ટ્રોલર્સે મહિલા કાઉન્સિલરની આકરી ઝાટકણી કાઢી છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ વિવિધ પ્રકારની કમેન્ટ્સ કરીને પૂછી રહ્યા છે કે, 'બેન, આ રિવોલ્વર લાયસન્સ વાળી છે કે ગેરકાયદેસર?' જ્યારે અન્ય કેટલાક યુઝર્સે લખ્યું કે, 'ચૂંટણી જીત્યા પછી વોર્ડના વિકાસના કામોમાં આવું શૂરવીરતા ભર્યું કામ બતાવ્યું હોત તો સારું થાત.' પબ્લિક પ્લેસમાં અને તેમાં પણ રેલવે બ્રિજ જેવા પ્રતિબંધિત વિસ્તારની આસપાસ આ પ્રકારે હથિયારનું પ્રદર્શન કરવું કેટલું યોગ્ય છે, તેને લઈને રાજકીય આલમમાં પણ ગણગણાટ શરૂ થયો છે.

# લોન અને સસ્તા સોનાની લાલચમાં રૂપિયા 4.92 કરોડની ઠગાઈ આચરાઈ

મુખ્ય સૂત્રધાર ઇલ્યાસખાન અજમેરી ક્રાઇમ બ્રાન્ચના હાથે ઝડપાયો

વડોદરા

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે રૂ.4.92 કરોડની મોટી ઠગાઈના ગુનામાં મુખ્ય આરોપી ઈલ્યાસખાન ઉર્ફે રાજવીર સિરાજખાન અજમેરીની ધરપકડ કરી છે. આરોપીએ સાગરિતો સાથે મળીને ફરીયાદીને સસ્તા ભાવે સોનું અપાવવાની તથા રૂ.10 કરોડની લોન અપાવવાની લાલચ આપી કરોડોની છેતરપિંડી આચરી હતી.

પોલીસ તપાસ મુજબ, માર્ચ-2025 દરમિયાન જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીઓએ સીગ્નેટ હબ તથા ગેંડા સર્કલ સ્થિત ઓફિસોમાં બેઠકો યોજી ફરીયાદીને વિશ્વાસમાં લીધો હતો. સસ્તુ સોનું અપાવવાના બહાને રૂ.4.61 કરોડ અને લોન પ્રક્રિયા તથા કમિશનના નામે વધુ રૂ.31 લાખ મેળવી કુલ રૂ.4.92 કરોડ પડાવી લીધા હતા. ત્યારબાદ ન તો સોનું અપાયું અને ન લોન અપાવવામાં આવી. આરોપીઓએ બનાવટી પોલીસ ઉભી કરી ફરીયાદીને ધમકાવી વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર નિલેશ જાજડીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મુખ્ય આરોપી ઈલ્યાસખાન અજમેરી ફરાર થઈ ગયો હતો. જોકે ક્રાઈમ બ્રાન્ચની ટીમે અમદાવાદના જુહાપુરા વિસ્તારમાંથી તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ સમગ્ર કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી હિમાંશુ કુમાર વર્મા, ઈન્ચાર્જ ACP ડી.જે. ચાવડા તેમજ પો.ઈન્સ. એસ.એમ. ગામેતી, ડી.જે. ચુડાસમા, આર.એસ. ગોહીલ અને પો.સબ.ઈન્સ. એસ.ટી. સાંડસુરની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ઓરીસ્સા રાજયના અપહરણ ગુનામાં ભોગ બનેલ સગીરા અને આરોપીને પોલીસે અટોદરાથી ઝડપી લીધા

ઓરીસ્સાથી ભાગીને આવેલ બંન્ને પ્રેમ પંખીડાનો કબજો ઓલપાડ પોલીસે ઓડીશા પોલીસને સોંપ્યો

ઓલપાડ

ઓલપાડ પોલીસે ઓરીસ્સા ના એક આરોપીએ સગીરાનું અપહરણ કરી ભાગીને તાલુકાના અટોદરા ગામની એક સોસાયટીમાં રહેતા બંન્ને પ્રેમ પંખીડાને ઝડપી લીધા હતાં અને બંન્નેનો કબજો ઓડીશા પોલીસને સોંપ્યો હતો.

ઓરીસ્સા રાજ્યના ગંડીયા તાલુકાના ધેનકાનાલ જિલ્લાનો ગણેશ કુના બારીક (ઉ.વ.૨૨)નામનો શખ્સે ગત તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ ત્યાંના ફરીયાદીની સગીર વયની એક દિકરીને લલચાવી- ફોસલાવી પોતાનો બદઈરાદો પાર પાડવાના હેતુથી અપહરણ કરી ભાગી છૂટ્યો હતો.

જેથી આ બાબતે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ઓરીસ્સા રાજ્ય ના નીહલપ્રસાદ પોલીસ મથકમાં દીકરીના અપહરણની ફરીયાદ



નોંધાવતા ગુનો નોંધાયો હતો.

જેથી બંન્ને પ્રેમ પંખીડા ભાગીને ઓલપાડ પોલીસ મથકની હદના અટોદરા વિસ્તારમાં રહેતા હતાં.જો કે આ બાબતે ઓલપાડ પોલીસ મથકના પીઆઇ સી.આર.જાદવને જાણ થતા તેમણે સી.સી.ટીવી કેમેરા ચેક કરી હ્યુમન સોર્સીસના આધારે જુદી-જુદી પોલીસ ટીમ બનાવી બંન્નેની શોધખોળ શરૂ કરી હતી.જે તપાસ દરમ્યાન સર્વલન્સ સ્ટાફના અ.હે.કો. જગદીશ ઠાકોર, અ.હે.કો.અશોક ગણપત તથા

અ.હે.કો.મુકેશ જેરામને સંયુક્ત બાતમી મળી હતી કે,અપહરણનો ભોગ બનનાર સગીરા અને આરોપી ગણેશ કુના બારીક છેલ્લા બે મહિનાથી અટોદરા ગામની સીમમાં આવેલ ગૃહમ સોસાયટીમાં રહે છે.જેથી પોલીસે છાપો મારી બંન્ને પ્રેમપંખીડાને ઝડપી પૂછપરછ કરતા આરોપીએ ગુનાની કબુલાત કરી હતી.

જે કબુલાતના પગલે પોલીસે આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ભોગ બનનાર તથા આરોપીનો કબજો ઓરીસ્સા રાજયની પોલીસને સોંપ્યો હતો.

# ઝાલોદ બસ સ્ટેશનમાં પંખા તેમજ ઠંડા પાણીની પરબ શરૂ કરવાની માંગ

આમ આદમી પાર્ટીના ઝાલોદ 130 વિધાનસભા પ્રમુખ અનિલ ગરાસિયાએ ડેપો મેનેજરને આવેદનપત્ર આપી મુસાફરોને ઉનાળામાં રાહત આપવા રજૂઆત કરી

દાહોદ

ઝાલોદ શહેરમાં વધી રહેલી ઉનાળાની ગરમી વચ્ચે બસ સ્ટેશન પર આવતા મુસાફરોને હાલ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બસની રાહ જોતા મુસાફરો માટે પૂરતા પ્રમાણમાં પંખાની સુવિધા તેમજ ઠંડા પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવાના પ્રશ્ને ઝાલોદ 130 વિધાનસભા આપ પાર્ટી પ્રમુખ અનિલ ગરાસિયા દ્વારા ઝાલોદ એસ.ટી. ડેપોના મેનેજરને લેખિત આવેદનપત્ર પાઠવી તાત્કાલિક જરૂરી સુવિધાઓ શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી.

હાલની કાળઝાળ ગરમીમાં બસ સ્ટેશન પર વૃદ્ધો, મહિલાઓ, બાળકો અને દૂરદૂરથી આવતા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. બસ સ્ટેશનમાં બંધ હાલતમાં રહેલા પંખાઓ શરૂ કરવામાં આવે તેમજ મુસાફરોને ઠંડુ અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

અનિલ ગરાસિયાએ જણાવ્યું હતું કે બસ સ્ટેશન રોજ હજારો મુસાફરો માટે અવરજવરનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. આવી સ્થિતિમાં મુસાફરોને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તંત્રની ફરજ બને છે. તેમણે તંત્રને વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરી મુસાફરોને ગરમીમાંથી રાહત મળે તેવી માંગ પણ કરી હતી.

સ્થાનિક મુસાફરો અને નાગરિકોમાં પણ બસ સ્ટેશન ખાતે પંખા અને ઠંડા પાણીની સુવિધા વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. હવે ડેપો તંત્ર દ્વારા આ રજૂઆતને કેટલા સમયમાં અમલમાં મુકવામાં આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

31.31 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત, બે આરોપીની ધરપકડ

# SMC દ્વારા ખેડાના સિમલજ ગામે વિદેશી દારૂના અડ્ડા પર દરોડો

નડિયાદ/ડાકોર

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમને એક અત્યંત ચોક્કસ અને ખાનગી બાતમી મળી હતી. બાતમીમાં જણાવવામાં આવ્યું હતું કે, ઠાસરા તાલુકાના સિમલજ (ડાકોર) ગામે ભાથીજી મંદિરની પાછળ આવેલા ભાથીજીવાળા ફળિયામાં રહેતો મહેશભાઈ રમેશભાઈ વાઘેલા (તળપદા) પોતાના રહેણાંક મકાનને જ દારૂનું ગોડાઉન બનાવીને બેઠો છે. તે મોટા પાયે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો મંગાવીને સ્થાનિક સ્તરે તેનું નેટવર્ક ચલાવે છે અને કમાણી કરે છે. આ ચોંકાવનારી બાતમીના આધારે એસ.એમ.સી.ની ટીમે પૂરી તૈયારી સાથે સિમલજ ગામે બાતમીવાળા



મકાન પર ઓચિંતો અને આયોજનબદ્ધ દરોડો પાડ્યો હતો. પોલીસની ગાડીઓ અચાનક ગામમાં આવી પહોંચતા જ બૂટલેગરો અને સ્થાનિક તત્વોમાં ભારે નાસભાગ અને ફફડાટ મચી ગયો હતો. પોલીસે તુરંત જ આખા મકાનને ઘેરી લીધું હતું અને અંદર તપાસ હાથ ધરી હતી. ઘરની તલાશી લેતા જ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા, કારણ કે ઘરમાંથી વિદેશી દારૂ અને ટીનનો અધધ કહી શકાય તેવો ૭,૩૫૯ બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કુલ ૧૫,૭૦,૩૯૩/- ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL) કબજે કર્યો હતો. આ ઉપરાંત, ગેરકાયદેસર હેરાફેરીમાં વપરાતા અને ઘરની આસપાસ પાર્ક કરેલા ૪ મોટા વાહનો (જેની કિંમત ૧૫,૩૦,૦૦૦/-) પણ જપ્ત કરવામાં આવ્યા હતા. રેડ દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી ૨૦,૦૦૦/- ની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન અને ૧૧,૪૦૦/- ની રોકડ રકમ પણ શોધી કાઢી હતી. આમ, સમગ્ર ઓપરેશન દરમિયાન એસ.એમ. સી.ની ટીમે કુલ ૩૧,૩૧,૭૯૩/- નો જંગી મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

# પ્રેમ સંબંધની અદાવતમાં યુવકને જાહેરમાં મોતને ઘાટ ઉતારનાર હત્યારો આખરે જેલના સળિયા પાછળ!

આમોદ

પ્રેમમાં અંધ બનેલા માણસની ક્રૂરતાની હદ વટાવતો એક ચોંકાવનારો કિસ્સો આમોદ પંથકમાંથી સામે આવ્યો છે, જ્યાં પ્રેમ સંબંધની જૂની રીસ અને અદાવત રાખીને એક યુવકની જાહેરમાં નિર્મમ હત્યા કરી દેવામાં આવી હતી. આ સનસનાટીભરી હત્યાના કેસમાં આમોદ પોલીસે ગણતરીના કલાકોમાં જ ગંભીરતા દાખવી મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે. એટલું જ નહીં, ખાખીનો ખોફ શું હોય છે તે બતાવવા પોલીસે આરોપીને સાથે રાખીને ઘટનાસ્થળે આખા ક્રાઈમનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું. મળતી માહિતી મુજબ, આમોદના જાહેરમાં બનેલી આ ઘટના પાછળ પ્રેમ સંબંધ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. આરોપી અને મૃતક વચ્ચે પ્રેમ સંબંધની બાબતને લઈને લાંબા સમયથી મનદુઃખ અને રીસ ચાલી રહી હતી. આ જ અદાવતની આગમાં સળગતા આરોપીએ તમામ હદો પાર કરીને જાહેરમાં જ યુવક પર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી સમગ્ર આમોદ પંથકમાં અરેરાટી સાથે ભારે સનસનાટી મચી ગઈ હતી.

# ₹42 કરોડનો ધુમાડો : ડભોઇના 'સરીતા ઓવરબ્રિજ' પર રાત્રે છવાયો ઘોર અંધારપટ

ડભોઇ

ડભોઈ શહેરના સૌથી મહત્વપૂર્ણ ગણાતા સરીતા ઓવરબ્રિજ પર કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. રેલવે ડી.એમ. ૩૦/૮-૮ માર્ગ પર બનેલા આ ઓવરબ્રિજ પર આજે પણ સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં હોવાથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાત્રિના સમયે બ્રિજ પર ઘોર અંધારું છવાઈ જતાં દરરોજ અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ડભોઈના આ મહત્વના ઓવરબ્રિજના નિર્માણ માટે અંદાજે રૂપિયા 42 કરોડથી વધુનો અઢળક ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંબંધિત કોન્ટ્રાક્ટરને આ કામગીરી પૂરી કરવા માટે ૧૫ મહિનાની સમય મર્યાદા આપવામાં આવી હતી. સરકારી દસ્તાવેજો પર નજર કરીએ તો, આ બ્રિજનું કામ વર્ષ ૨૦૨૨ સુધીમાં જ પૂર્ણ થઈ જવું જોઈતું હતું. પરંતુ આજે વર્ષ ૨૦૨૬ ચાલી રહ્યું હોવા છતાં, બ્રિજ પર જરૂરી પ્રાથમિક સુવિધાઓ હજુ પણ અધૂરી જ છે.

બ્રિજ પર એન્જિનિયરોએ લાઈટના પોલ



(થાંભલા) તો ઉભા કરી દીધા છે, પરંતુ તેમાં વીજળી ગુલ છે! મોટાભાગની લાઈટો બંધ હોવાથી રાત્રે આખો બ્રિજ અંધારામાં ડૂબી જાય છે. સ્થાનિક નાગરિકો અને રોજિંદા વાહનચાલકોનો આક્ષેપ છે કે, અંધારાના કારણે બ્રિજ પર વાહન ચલાવવું જોખમી બન્યું છે અને ગમે ત્યારે કોઈ મોટો જીવલેણ અકસ્માત સર્જાઈ શકે છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? તેવો સવાલ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, બ્રિજનો વપરાશ શરૂ થઈ ગયો હોવા છતાં, માર્ગ અને મકાન વિભાગ દ્વારા હજુ સુધી આ પ્રોજેક્ટને સત્તાવાર રીતે કંપ્લીશન સર્ટિફિકેટ આપવામાં આવ્યું નથી. આ બાબત જ બ્રિજની કામગીરીની ગુણવત્તા અને કોન્ટ્રાક્ટરની ગંભીરતા સામે અનેક સવાલો ઊભા કરે છે.

ડભોઈની જનતા અને વાહનચાલકો હવે આરપારના મૂડમાં છે. સ્થાનિકોએ ઉગ્ર માંગ કરી છે કે: ૧. તાત્કાલિક ધોરણે બ્રિજ પરની તમામ લાઈટો ચાલુ કરવામાં આવે. ૨. બાકી રહેલી તમામ વહીવટી પ્રક્રિયાઓ અને ક્ષતિઓ પૂરી કરીને બ્રિજને સત્તાવાર અને સુરક્ષિત રીતે જાહેર જનતા માટે ખુલ્લો જાહેર કરાય.



### શોમાં ઓરી સાથે BTS વીડિયો ચોક્કસ બનાવીશ

# ‘ખતરોં કે ખિલાડી 15’માં જોવા મળશે અભિનેત્રી શગુન શર્મા

મુંબઇ

ટીવી એક્ટ્રેસ શગુન શર્મા હવે રિયાલિટી શો ‘ખતરોં કે ખિલાડી 15’ માં જોવા મળશે. દિવ્ય ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં શગુને પોતાના સૌથી મોટા ડર, મુંબઈ આવવાના સંઘર્ષ, માનસિક મજબૂતી અને ‘ખતરોં કે ખિલાડી’ ને લઈને પોતાની તૈયારી વિશે વાત કરી. તેણે જણાવ્યું કે તેને સૌથી વધુ ડર ઊંચાઈથી લાગે છે અને ઘણીવાર ઊંચાઈ પર જઈને તે સ્તબ્ધ પણ થઈ જાય છે. જોકે, હવે તે આ જ ડરને હરાવવા માંગે છે. તમને સૌથી વધુ કઈ વસ્તુથી ડર લાગે છે? મને સૌથી વધુ ડર ઊંચાઈથી લાગે છે. જ્યારે પણ હું ખૂબ ઊંચાઈ પર જાઉં છું, ત્યારે હું ધ્રૂજવા લાગું છું. ઘણીવાર તો સ્તબ્ધ પણ થઈ જાઉં છું, પરંતુ મને લાગે છે કે આ શો તે ડરને હરાવવા માટેનું ખૂબ જ સારું પ્લેટફોર્મ છે. મુંબઈ આવીને એક્ટિંગ કરવી. હું હિમાચલ પ્રદેશથી છું. અભ્યાસ છોડીને આ ઈન્ડસ્ટ્રીમાં આવવું, જ્યાં હું કોઈને ઓળખતી ન હતી, મારા પરિવારનું પણ અહીં કોઈ કનેક્શન ન હતું. મારા માટે તે ખૂબ મોટું જોખમ હતું. હિમાચલથી મુંબઈ આવવું ખૂબ મોટો કલ્ચર શોક હતો. ત્યાંથી આવતા લોકોને અહીંની ઘણી વસ્તુઓ ખૂબ અલગ લાગે છે, પરંતુ મેં અહીં કોલેજ કરી, તેથી ધીમે ધીમે હું મુંબઈની લાઈફસ્ટાઈલમાં કમ્ફર્ટેબલ થઈ ગઈ. મને નથી લાગતું કે હું જીવનમાં ક્યારેય એકલી રહી છું. મારો પરિવાર અને મારા મિત્રો હંમેશા મારી સાથે રહ્યો છે. જો ત્યાં પણ મને કોઈ મુશ્કેલી પડશે, તો હું તેને કૉલ કે મેસેજ કરી શકીશ. તેનો સપોર્ટ મારા માટે ખૂબ મોટી તાકાત છે. કદાચ એટલે જ આ વખતે થીમ ‘ડર કા નયા દૌર’ રાખવામાં આવી છે. પહેલા ક્યારેય એવું નથી બન્યું કે જૂના અને નવા સ્પર્ધકો સાથે આવ્યા હોય, પરંતુ હું પહેલાથી કોઈ ડર મારા મગજમાં રાખવા માંગતી નથી. કારણ કે જો હું પહેલાથી વિચારીશ, તો હું મારી જાતને વધુ ડરાવી દઈશ. જો મારે ટોચના દાવેદારોના નામ લેવાના હોય, તો રૂબીના દિલાઈક, કરણ વાહી, ઋત્વિક ધનજાની અને ગૌરવ ખન્ના. મેં રૂબીનાના જૂના સ્ટંટ જોયા છે અને તે ખૂબ જ મજબૂત છે. બાકીના લોકો પણ મજબૂત છે, પરંતુ મેં તેના સ્ટંટ વધારે જોયા નથી. મને લાગે છે કે હું બધાની મિત્ર બની જઈશ. હું ખૂબ જ હેપ્પી-ગો-લકી વ્યક્તિ છું. હું મારી જાત પર પણ જોક્સ લઈ શકું છું અને બીજાના પણ. તેથી મને નથી લાગતું કે કોઈને કોઈ મુશ્કેલી થશે. શોમાં ઓરી સાથે ફન BTS બનાવીશ અને તેનો સિગ્નેચર પોઝ પણ ચોક્કસ કરીશ.

**હું માનસિક રીતે ઘણી મજબૂત છું, પરંતુ શારીરિક રીતે જ્યાં મને લાગે છે કે થોડી કમી હોઈ શકે છે, ત્યાં હું મહેનત કરી રહી છું.**

# અરિજિત સિંહના સમર્થનમાં આવ્યો અદનાન સામી

### પ્લેબેક સિંગિંગ છોડવાનો નિર્ણય વિચારીને લીધો છે, સમય આવશે ત્યારે ખબર પડી જશેઃ અદનાન સામી

મુંબઇ

સિંગર અને કમ્પોઝર અદનાન સામીએ અરિજિત સિંહના પ્લેબેક સિંગિંગમાંથી સંન્યાસ લેવાના નિર્ણયને સમર્થન આપ્યું છે. અદનાને કહ્યું કે અરિજિતના આ પગલાનું સન્માન થવું જોઈએ અને તેના પર કોઈ પણ પ્રકારની અટકળો ન લગાવવી જોઈએ. અરિજિતે આ જ વર્ષે સોશિયલ મીડિયા પર અચાનક સંન્યાસની જાહેરાત કરીને ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ચાહકોને ચોંકાવી દીધા હતા. અદનાને કહ્યું- અરિજિતનો નિર્ણય ઉતાવળિયો નથી ન્યૂઝ એજન્સી પીટીઆઈ (PTI) ને આપેલા એક ઈન્ટરવ્યુમાં 54 વર્ષીય અદનાન સામીએ કહ્યું, અરિજિતે પ્લેબેક સિંગિંગમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય પૂરા હોશમાં કર્યો છે. આપણે તેના આ નિર્ણયનું સન્માન કરવું જોઈએ. આ કોઈ ઉતાવળિયો નિર્ણય નથી, પરંતુ તેની પાછળ ઊંડી વિચારસરણી હશે. અદનાને આ વાત જી મ્યુઝિક કંપની હેઠળ રિલીઝ થયેલા તેના નવા સિંગલ ‘લિપસ્ટિક લગા કે, નજર ઉતાર લે’ના લોન્ચ દરમિયાન કહી. કારણ જણાવવા માટે અરિજિત બંધાયેલ નથી અદનાને આગળ કહ્યું કે અરજીત માટે જનતાને પોતાનું કારણ જણાવવું બિલકુલ જરૂરી નથી. તેણે કહ્યું, તેની પાછળ ચોક્કસ કોઈ મોટું કારણ હશે, જેને તે પોતે વધુ સારી રીતે જાણે છે. દુનિયાને તેને તરત જ જણાવવાની કોઈ જરૂર નથી. સમય આવ્યે બધાને ખબર પડી જ જશે. આ તેનું જીવન છે, જ્યારે તે સહજ અનુભવશે, પોતે કારણ શેર કરશે. ત્યાં સુધી આપણે તેને પર્સનલ સ્પેસ આપવી જોઈએ. 25 એપ્રિલ 1987ના રોજ અરિજિત સિંહનો જન્મ પશ્ચિમ બંગાળના જિયાગંજમાં થયો હતો. તેની માતા શાસ્ત્રીય ગાયિકા હતા. બાળપણથી જ તેની રુચિ ગાયકીમાં હતી. શાસ્ત્રીય સંગીત શીખ્યા પછી અરિજિત સિંહે 18 વર્ષની ઉંમરે વર્ષ 2005માં સિંગિંગ રિયાલિટી શો ’ફેમ ગુરુકુલ’માં ભાગ લીધો હતો. અરિજિત આ શો જીતી શક્યા ન હતા, જોકે તેમના પર્ફોર્મન્સથી પ્રભાવિત થઈને સંજય લીલા ભણસાલીએ તેમને ફિલ્મ સાવરિયાનું ગીત ’યૂં શબનમી’ ઓફર કર્યું હતું. અરિજિતે આ ગીત ગાયું હતું, જોકે કેટલાક ફેરફારોને કારણે તે ગીતમાંથી સિંગરને બદલી દેવામાં આવ્યા હતા.



# રવિના ટંડનનો ચોંકાવનારો ખુલાસો: 30 લોકોએ ઘેરી લીધી

### એક ઈન્ટરવ્યૂ દરમિયાન રવિનાએ જણાવ્યું કે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલો વીડિયો એડિટ કરીને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યો હતો. તેમના કહેવા મુજબ, ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા બાદ સમગ્ર સત્ય બહાર આવ્યું હતું.

મુંબઇ

રવિના ટંડનએ વર્ષો બાદ પોતાના વાયરલ થયેલા વિવાદિત વીડિયોને લઈને મોટો ખુલાસો કર્યો છે. અભિનેત્રીએ દાવો કર્યો કે આખી ઘટના પૈસા પડાવવાની સાજિશનો ભાગ હતી અને તે સમયે લગભગ 30 લોકોએ તેમને ઘેરી લીધા હતા. એક ઈન્ટરવ્યૂ દરમિયાન રવિનાએ જણાવ્યું કે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલો વીડિયો એડિટ કરીને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યો હતો. તેમના કહેવા મુજબ, ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા બાદ સમગ્ર સત્ય બહાર આવ્યું હતું. રવિનાએ જણાવ્યું કે ઘટનાના સમયે કેટલાક લોકો જબરદસ્તી તેમના ઘરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અભિનેત્રીના જણાવ્યા અનુસાર, તે સમયે તેમના બાળકો ઘરે હતા અને પતિ ઓફિસમાં હતા. આવી સ્થિતિમાં કોઈ અજાણ્યા લોકોને ઘરમાં પ્રવેશવા દેવા તેઓ તૈયાર નહોતા. વાયરલ વીડિયોમાં એક વ્યક્તિએ આરોપ લગાવ્યો હતો કે રવિનાના ડ્રાઈવરે તેની માતાને કારથી ટક્કર મારી હતી અને બાદમાં રવિનાએ મહિલા સાથે મારપીટ કરી હતી. પરંતુ CCTV ફૂટેજમાં મહિલાઓ કારની નજીક જોવા મળી હતી, જોકે તેમને ટક્કર લાગી નહોતી. રવિનાએ જણાવ્યું કે તેઓ ડ્રાઈવરની તરફથી માફી માંગવા માટે બહાર આવ્યા હતા, પરંતુ બહાર આવતા જ ભીડે હોબાળો શરૂ કરી દીધો રવિનાએ દાવો કર્યો કે જ્યારે તેમણે પોલીસને ફોન કરવાની વાત કરી ત્યારે કેટલાક લોકોએ તેમનો ફોન પણ છીનવી લીધો હતો. તેમણે કહ્યું કે ભીડ તેમના ડ્રાઈવરને માર મારી રહી હતી, ત્યારે તેમણે પોતે ગેટ ખોલીને ડ્રાઈવરને અંદર ખેંચીને બચાવ્યો હતો.

“એક વ્યક્તિ ઘરમાં ઘૂસી આવ્યો હતો” અભિનેત્રીએ વધુમાં દાવો કર્યો કે ઘટનાના સમયે એક વ્યક્તિ તેમના ઘરમાં પણ ઘૂસી આવ્યો હતો, જેને તેમણે જાતે બહાર કાઢ્યો હતો. રવિનાએ કહ્યું કે હવે સેલિબ્રિટીઓને નિશાન બનાવી આવી ઘટનાઓ વધતી જઈ રહી છે. CCTVમાં બહાર આવ્યું સત્ય અંતમાં રવિનાએ જણાવ્યું કે પોલીસે CCTV ફૂટેજ ચકાસ્યા બાદ સ્પષ્ટ થઈ ગયું હતું કે તેમના વિરુદ્ધ કરવામાં આવેલા આરોપો ખોટા હતા અને તેઓ નશાની હાલતમાં પણ નહોતા. નોંધનીય છે કે રવિના ટંડનની પુત્રી રાશા હાલ ફિલ્મોમાં જોવા મળી રહી છે.





# ગોવિંદાના કાર્યક્રમમાં બબાલ : બાઉન્સર્સ અને પાપારાઝી વચ્ચે થઈ ઝપાઝપી

### અહેવાલો અનુસાર, તેની પત્ની સુનિતા આહુજા સાથેના તેના સંબંધો આજકાલ સારા નથી ચાલી રહ્યા, અને તેમના છૂટાછેડાના સમાચાર હેડલાઇન્સમાં આવી રહ્યા છે


મુંબઇ

૭૦ના દાયકાના સુપરસ્ટાર ગોવિંદાનો જાદુ આજે પણ ચાહકોમાં જોવા મળી રહ્યો છે. ભલે તે મોટા પડદાથી દૂર હોય અને તેમની ઘણી ચર્ચા થતી હોય, લોકો હજુ પણ તેની એક ઝલક માટે ઝંખે છે. જ્યારે પણ તે કોઈ સામાજિક કાર્યક્રમ કે લગ્નમાં આવે છે, તો ત્યાં માહોલ બની જાય છે. ગઈકાલે રાત્રે એક કાર્યક્રમમાં પણ આવું જ દ્રશ્ય જોવા મળ્યું જ્યાં કંઈક અણધાર્યું બન્યું, જેનાથી બધા ચોંકી ગયા. કાર્યક્રમમાં બાઉન્સર્સ અને પાપારાઝી વચ્ચે ઝપાઝપી થઈ. ગોવિંદા તાજેતરમાં એક કાર્યક્રમમાં પહોંચ્યો હતો, કાળા સૂટમાં અતિ સુંદર દેખાતો હતો. “ચિચી” પાર્ટીમાં પ્રવેશતાની સાથે જ ચાહકો પાગલ થઈ ગયા. ગોવિંદા ક્યાંય જાય અને તેઓ ડાન્સ ન કરે એવું તો કેવી રીતે બની શકે? સ્ટેજ પર ઉતરતાની સાથે જ તેણે પોતાના સિગ્નેચર સ્ટેપ્સથી ધમાલ મચાવી અને હાજર મોડેલ્સ સાથે ડાન્સ પણ કર્યો. આ સમય દરમિયાન, એક નાનો હંગામો થયો. સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયો મુજબ, ગોવિંદાના બાઉન્સર્સ અને ત્યાં હાજર પાપારાઝી વચ્ચે દલીલ થઈ. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ કે બાઉન્સરોએ પાપારાઝીને રોકવાનો પણ પ્રયાસ કર્યો, જેનાથી ફોટોગ્રાફરો ગુસ્સે થયા અને પરિસ્થિતિ તંગ બની ગઈ. ગોવિંદાને આ વાતની જાણ થતાં જ તે તરત જ ત્યાં પહોંચી ગયો. ગુસ્સે થયા વિના, તેણે શાંતિથી બધાને શાંત કર્યા અને પાપારાઝીને સમજાવીને પરિસ્થિતિ સંભાળી લીધી. સોશિયલ મીડિયા પર લોકો તેના વર્તનની પ્રશંસા કરી રહ્યા છે. જ્યારે ગોવિંદા તેના ચાહકોના દિલ જીતી રહ્યો છે, ત્યારે તે તેના અંગત જીવન માટે પણ સમાચારમાં છે. અહેવાલો અનુસાર, તેની પત્ની સુનિતા આહુજા સાથેના તેના સંબંધો આજકાલ સારા નથી ચાલી રહ્યા, અને તેમના છૂટાછેડાના સમાચાર હેડલાઇન્સમાં આવી રહ્યા છે. સુનિતા ઘણીવાર ગોવિંદા પર સૂક્ષ્મ ટીકા કરે છે, અને તાજેતરમાં તેના પતિના લગ્નેત્તર સંબંધોનો પણ સંકેત આપે છે

# અક્ષય કુમારની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’નું ધમાકેદાર ટાઇટલ ટ્રેક આઉટ

મુંબઇ

જંગલી મ્યુઝિક (ટાઈમ્સ મ્યુઝિકનો એક વિભાગ) એ બોલિવૂડની બહુપ્રતિક્ષિત ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’નું ટાઈટલ ટ્રેક રિલીઝ કર્યું છે, અને આ ગીત બિલકુલ એવું જ છે જેમની ચાહકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. આ વર્ષની સૌથી ચર્ચિત ફિલ્મોમાં સામેલ ‘વેલકમ ટુ ધ જંગલ’એ પોતાના આ ધમાકેદાર ટ્રેક સાથે શાનદાર એન્ટ્રી કરી છે. ફિલ્મમાં અક્ષય કુમાર સાથે સુનીલ શેટ્ટી, દિશા પટાણી, જેકલીન ફર્નાન્ડીઝ, અરશદ વારસી, જેકી શ્રોફ, પરેશ રાવલ, રવીના ટંડન, લારા દત્તા અને અનેક મોટા કલાકારો જોવા મળશે. એટલી વિશાળ સ્ટારકાસ્ટ સાથે આ ફિલ્મ




બોલિવૂડની સૌથી ભવ્ય એન્ટરટેઈનર ફિલ્મોમાંની એક માનવામાં આવી રહી છે, અને તેનું મ્યુઝિક પણ એ જ સ્તરે તૈયાર કરવામાં આવ્યું છે. ટાઈટલ ટ્રેકને પહેલા સાજિદ-વાજિદે કમ્પોઝ કર્યું હતું, જેને હવે વિક્રમ મોન્ટ્રોઝે નવા અંદાજમાં ફરીથી રજૂ કર્યું છે. આ ગીત સંપૂર્ણ રીતે હાઈ-એનર્જી, મસ્તી અને મોટા પડદાના મનોરંજનથી ભરપૂર છે. શાન, પ્રિયા પાટીદાર અને ખુદ વિક્રમ મોન્ટ્રોઝના જોરદાર અવાજોએ તેને વધુ ખાસ બનાવ્યું છે. ગીતમાં શબ્બીર અહમદના મૂળ લિરિક્સ સાથે મેઘા બાલીના નવા શબ્દો ઉમેરવામાં આવ્યા છે, જે તેને એવું એન્થમ બનાવે છે કે સાંભળતા જ માહોલ બની જાય. ફિલ્મનું સંપૂર્ણ સાઉન્ડટ્રેક છ મોટા અને ભવ્ય ગીતોથી સજ્જ છે, જેમાં ગ્રૂવ એન્થમ, ગ્લેમરસ ડાન્સ નંબર્સ અને સિનેમેટિક સેટ પીસેસ સામેલ છે. આ એલ્બમ ‘વેલકમ’ ફ્રેન્ચાઈઝીની મ્યુઝિકલ વારસાને શાનદાર રીતે આગળ વધારે છે. ફિલ્મના નિર્દેશક અહમદ ખાને કહ્યું, “અમે ઈચ્છતા હતા કે ‘વેલકમ ટુ ધ જંગલ’નું દરેક ગીત સિનેમેટિક લાગે, મનોરંજન આપે અને ભવ્ય સ્તર પર અનુભવાય. ફિલ્મની દુનિયા અને તેની એનર્જી સર્જવામાં મ્યુઝિકની ખૂબ મોટી ભૂમિકા છે.” મ્યુઝિક ડિરેક્ટર વિક્રમ મોન્ટ્રોઝે કહ્યું, “આ સાઉન્ડટ્રેક એ તમામ બાબતોનો ઉત્સવ છે જે દર્શકોને મોટા બોલિવૂડ એન્ટરટેઈનર્સમાં ગમે છે. અમારી કોશિશ હતી કે ગીતો એનર્જેટિક, સ્ટાઈલિશ, થિયેટ્રિકલ અને તરત યાદ રહી જાય એવા બને.” જંગલી મ્યુઝિક/ટાઈમ્સ મ્યુઝિકના CEO મંદાર ઠાકુરે કહ્યું, “‘વેલકમ’ ફ્રેન્ચાઈઝી હંમેશાંથી મોટા અને યાદગાર મનોરંજન માટે જાણીતી રહી છે. ‘વેલકમ ટુ ધ જંગલ’ સાથે જંગલી મ્યુઝિક એવું સાઉન્ડટ્રેક લઈને આવ્યું છે જે આ વારસાને વધુ આગળ વધારશે. આ ગીતો લોકો પર અલગ જ અસર છોડવાના છે.”

પાક્કો ગુજરાત

મંગળવાર | 19 મે 2026 | અમદાવાદ

### ધોની સ્ટ્રેન (ઘુંટણની માંસપેશીઓના તણાવ) સામે લડી રહ્યા છે : CSK

# ધોનીના IPL રિટાયરમેન્ટની અટકળો તેજ, અશ્વિનના નિવેદનથી મચી હલચલ

નવી દિલ્હી

IPL (ઈન્ડિયન પ્રીમિયર લીગ) 2026માં અત્યાર સુધીમાં એક પણ મેચ ન રમનાર મહેન્દ્ર સિંહ ધોની હેડલાઈનમાં છે. ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે સોમવારે 18 મેના રોજ ચેપોકમાં યોજાનાર મેચમાં હવે પ્લેઓફની લડાઈ નથી રહી પરંતુ તે ધોનીની વાપસીની આસપાસ ફરી રહી છે. ફેન્સના મનમાં સૌથી મોટો પ્રશ્ન છે કે, શું આજે ચેન્નઈના મેદાનમાં કેપ્ટન કુલ ફરી એક વાર પીળી જર્સીમાં નજર આવશે ?

સીઝન શરૂ થયા પહેલા ચેન્નઈ સુપર કિંગ્સે જણાવ્યું હતું કે, એમ. એસ. ધોની સ્ટ્રેન (ઘુંટણની માંસપેશીઓના તણાવ) સામે લડી રહ્યા છે અને શરૂઆતની મેચ નહીં રમી શરે, પરંતુ ધીરે ધીરે આ રાહ લાંબી થતી ગઈ. બાબત માત્ર બેટિંગ સુધી સીમિત નથી. ધોનીની દોડવાની ક્ષમતા, વિકેટકીપિંગ મૂવમેંટ અને મેચ ફિટનેસને લઈને ટીમ ઘણી સતર્ક રહી છે.

ચેન્નઈ સુપર કિંગ્સના બેટિંગ કોચ માઈકલ હસીએ પહેલા જ સ્પષ્ટ કહ્યું હતું કે, ધોની નેટ્સમાં સારી બેટિંગ કરી રહ્યા છે. પરંતુ સાચી ચિંતા તેમની રનિંગ અને ફિટનેસને લઈને હતી. ત્યાં જ હેડ કોચ સ્ટીફન ફ્લેમિંગને મોટો ખુલાસો કરતા કહ્યું કે, ટીમે તેમને જલ્દી પરત કરવાના પ્રયત્નો કર્યા હતા, પરંતુ વોર્મ અપ મેચમાં ઘા ફરી ઉંડો થયો. અશ્વિને ધોની અંગે કહ્યું કે હવે ટીમ ઈન્ડિયાના પૂર્વ સ્પિનર રવિચંદ્રન અશ્વિનના એક નિવેદને સમગ્ર ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી છે. પોતાના યુટ્યૂબ ચેનલ પર અશ્વિને કહ્યું કે, મને લાગે છે કે, સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ધોનીની રમતની સારી સંભાવના છે. જ્યાં સુધી મેં સાંભળ્યું છે કે, તેઓ ગત 2-3 મેચથી રમવા માટે તૈયાર હતા, આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર ★DhoniReturn ટ્રેંડ કરવા લાગ્યો અને ફેન્સની આશાઓ ફરી જાગી ગઈ. આ મેચને ખાસ બનાવનાર સૌથી મોટી વાત જૂના નિવેદનમાં છે. 2021ની સીઝનમાં ચેન્નઈ સુપર કિંગ્સની જીત બાદ ધોનીએ કહ્યું હતું કે, આશા છે કે, મારી અંતિમ T20 મેચ ચેન્નઈમાં થશે. હવે લગભગ 5 વર્ષ બાદ ચેન્નઈમાં સીએસકેની અંતિમ લીગ મેચ રમી રહ્યા છે અને ધોની પૂરી સિઝનમાં મેદાનથી દૂર રહ્યા છે. આ જ કારણ છે કે, ફેન્સ આ મેચને સંભવિત ફેરવેલ મેચની રીતે જોઈ રહ્યા છે. જો કે, ધોનીએ રિટાયરમેન્ટને લઈને કાંઈ પણ કહ્યું નથી. IPL (ઈન્ડિયન પ્રીમિયર લીગ) 2026માં અત્યાર સુધીમાં એક પણ મેચ ન રમનાર મહેન્દ્ર સિંહ ધોની હેડલાઈનમાં છે. ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે સોમવારે 18 મેના રોજ ચેપોકમાં યોજાનાર મેચમાં હવે પ્લેઓફની લડાઈ નથી રહી પરંતુ તે ધોનીની વાપસીની આસપાસ ફરી રહી છે. ફેન્સના મનમાં સૌથી મોટો પ્રશ્ન છે કે, શું આજે ચેન્નઈના મેદાનમાં કેપ્ટન કુલ ફરી એક વાર પીળી જર્સીમાં નજર આવશે ? અશ્વિને ધોની અંગે કહ્યું કે હવે ટીમ ઈન્ડિયાના પૂર્વ સ્પિનર રવિચંદ્રન અશ્વિનના એક નિવેદને સમગ્ર ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી છે. પોતાના યુટ્યૂબ ચેનલ પર અશ્વિને કહ્યું કે, મને લાગે છે કે, સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ધોનીની રમતની સારી સંભાવના છે.




## રાજસ્થાનની સતત ત્રીજી હાર, દિલ્હી જીતી

મુંબઈ


દિલ્હી કેપિટલ્સે બીજી મેચમાં રાજસ્થાન રોયલ્સને 5 વિકેટથી હરાવ્યું છે. નવી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાને ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 193 રન બનાવ્યા હતા. દિલ્હીએ 194 રનનો ટાર્ગેટ 19.2 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો હતો. રાજસ્થાનની આ સતત ત્રીજી હાર હતી. આ પરાજય પછી રાજસ્થાનની પ્લેઑફમાં પહોંચવાની રાહ વધુ લાંબી થઈ ગઈ છે, તો બીજી તરફ દિલ્હીની આશા હજુ પણ જીવંત છે. રાહુલ-પોરેલની ફિફ્ટી, કેપ્ટન અક્ષર અને આશુતોષે મેચની ફિનિશ કરી DC માટે ટીમની ઓપનિંગ જોરદાર રહી હતી. અભિષેક પોરેલ અને કેએલ રાહુલ વચ્ચે પહેલી વિકેટ માટે 105 રનની પાર્ટનરશીપ થઈ હતી. અભિષેકે 31 બોલમાં 51 રનની ઈનિંગ રમી હતી. જ્યારે કેએલ રાહુલ 42 બોલમાં 56 રન બનાવ્યા હતા. વચ્ચે વિકેટો પડી હતી. પણ કેપ્ટન અક્ષર પટેલે રન બનાવતા ટીમને જીતની નજીક પહોંચાડી. તેણે 17 બોલમાં નોટઆઉટ 34 રન બનાવ્યા. જ્યારે ઈમ્પેક્ટ પ્લેયર તરીકે ઉતરેલા આશુતોષ શર્માએ 5 બોલમાં નોટઆઉટ 18 રન ફટકાર્યા. રાજસ્થાન તરફથી ધ્રુવ જુરેલ અને રિયાન પરાગે ફિફ્ટી ફટકારી હતી. જુરેલે 40 બોલમાં 53 અને પરાગે 26 બોલમાં 51 રન બનાવ્યા હતા. આ સિવાય વૈભવ સૂર્યવંશીએ 21 બોલમાં 46 રનનું યોગદાન આપ્યું હતું. દિલ્હી તરફથી મિચેલ સ્ટાર્કે 4 વિકેટ ઝડપી હતી, જ્યારે લુંગી એન્ગિડી અને માધવ તિવારીને 2-2 વિકેટ મળી હતી. મેચની છેલ્લી ઓવરમાં આશુતોષ શર્માએ તોફાની અંદાજમાં દિલ્હીને જીત અપાવી હતી. 19.1 ઓવરમાં તેણે એડમ મિલ્નેના બોલ પર શાનદાર ચોગ્ગો ફટકાર્યો અને તેના પછીના જ બોલ પર પુલ શોટ રમીને ડીપ મિડવિકેટ ઉપરથી શાનદાર છગ્ગો મારી દીધો હતો.

### યશસ્વીના 4 હજાર ટી-20 રન પૂરા

## સૂર્યવંશી એક સિઝનમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર ભારતીય

મુંબઈ

દિલ્હી કેપિટલ્સે IPL 2026ની 62મી મેચમાં રાજસ્થાન રોયલ્સને 5 વિકેટે હરાવ્યું. અરુણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાને 193 રન બનાવ્યા. જવાબમાં દિલ્હીએ 19.2 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને જીત મેળવી લીધી. રવિવારે વૈભવ સૂર્યવંશી એક સિઝનમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર ભારતીય બેટ્સમેન બન્યા. જ્યારે, કેએલ રાહુલે IPLમાં 8મી વખત 500+ રન પૂરા કર્યા. યશસ્વી જયસ્વાલે ટી-20 ક્રિકેટમાં પોતાના 4 હજાર રન પૂરા કર્યા. વૈભવ સૂર્યવંશીએ આ સિઝનમાં ત્રીજી વાર પોતાની પહેલી જ બોલ પર છગ્ગો ફટકાર્યો. IPL ઈતિહાસમાં એક સિઝનમાં ત્રણ વાર પહેલી જ બોલ પર સિક્સર ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં હવે તેનું નામ પણ સામેલ થઈ ગયું છે. તેમની પહેલા શાહરૂખ ખાને 2023, સુનીલ નારાયણ 2025, દેવદત્ત પડિક્કલે 2026માં આવું કરી ચૂક્યા છે. IPLમાં આ 8મી વાર હતું, જ્યારે વૈભવે પોતાની ઈનિંગ્સની શરૂઆત સિક્સરથી કરી. રાજસ્થાનના ઓપનર વૈભવ સૂર્યવંશી IPL 2026માં 44 છગ્ગા ફટકારી ચૂક્યો છે. તે કોઈ એક IPL સિઝનમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ભારતીય બેટ્સમેન બન્યો છે. તેણે સનરાઈઝર્સ હૈદરાબાદના અભિષેક શર્માનો 42 છગ્ગાનો રેકોર્ડ પાછળ ધકેલ્યો. રાજસ્થાન રોયલ્સના ઓપનર યશસ્વી જયસ્વાલે T20 ક્રિકેટમાં 4000 રન પૂરા કર્યા. તેમણે આ સિદ્ધિ 129 ઈનિંગ્સમાં મેળવી. તેઓ સૌથી ઓછી ઈનિંગ્સમાં 4000 રન બનાવનાર ભારતીય બેટ્સમેનોની યાદીમાં સંયુક્ત ચોથા સ્થાને પહોંચી ગયો છે.




# ઈન્ડિયામાંથી રિષભ પંત જોડેથી છીનવાઈ શકે છે પદ

### રિષભ પંતને વાઇસ-કેપ્ટન પદ પરથી હટાવવાની ચર્ચા

મુંબઈ

આઈપીએલ 2026 પછી ભારતીય ક્રિકેટ ચાહકોને ટેસ્ટ મેચનો રોમાંચ જોવા મળશે. જોકે એની વચ્ચે રિષભ પંત માટે ખતરાની ઘંટડી વાગી રહી છે. અફઘાનિસ્તાનની ટીમ એક ટેસ્ટ મેચ અને 3 વનડે મેચના મુકાબલા માટે ભારતના પ્રવાસે આવશે. એકમાત્ર ટેસ્ટ મેચ ચંડીગઢના મુલ્લાંપુરમાં 6 જૂનથી રમાશે. ત્યારબાદ ત્રણ વનડે મેચ 14 જૂને ધર્મશાળા, 17 જૂને લખનઉ અને 20 જૂને ચેન્નઈમાં યોજાશે. આ સિરીઝ માટે ટીમ પસંદગી અંગે વિવિધ સમાચારોએ ચાહકોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. આ દરમિયાન રિષભ પંતને વાઈસ-કેપ્ટન પદ પરથી હટાવવાની ચર્ચા પણ થઈ રહી છે.

BCCI રિષભ પંતને ભારતીય ટેસ્ટ ટીમના વાઈસ-કેપ્ટન પદ પરથી દૂર કરવા અંગે ગંભીરતાથી વિચાર કરી રહી છે. માનવામાં આવે છે કે છેલ્લા બે વર્ષમાં LSG સાથેના તેના મુશ્કેલ કાર્યકાળને કારણે આ ચર્ચા શરૂ થઈ છે, જ્યાં તે T20 ક્રિકેટમાં લીડર તરીકે પ્રભાવ પાડવામાં નિષ્ફળ રહ્યો છે. ટેસ્ટ ટીમમાં વિકેટકીપર-બેટ્સમેન તરીકે તેનું સ્થાન સંપૂર્ણપણે સુરક્ષિત છે. 19 મેના રોજ ગુવાહાટીમાં યોજાનારી પસંદગીકારોની બેઠકમાં તેની વાઈસ-કેપ્ટન્સી અંગે મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. BCCIનું માનવું છે કે ભારતીય ક્રિકેટ રિષભ પંત જેવા મેચ જીતાડનારા બેટ્સમેનને ગુમાવવાનો જોખમ લઈ શકતું નથી.

બોર્ડની અંદર એવી માન્યતા વધી રહી છે કે જ્યારે પણ રિષભ પંતને વધારાની જવાબદારી આપવામાં આવી છે, ત્યારે તે બેટિંગ દરમિયાન 'યોગ્ય નિર્ણય' લેવામાં ચૂકી રહ્યો છે. પસંદગી સમિતિ હવે તેને કોઈ ભાર વગર ખુલ્લેઆમ રમવાની તક આપવાનો વિચાર કરી રહી છે. BCCIનું માનવું છે કે 28 વર્ષીય રિષભ પંત નેતૃત્વની જવાબદારીમાં આરામદાયક અનુભવતો નથી. ગયા વર્ષે નવેમ્બરમાં ગુવાહાટીમાં દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ મેચ દરમિયાન શુભમન ગિલની ગેરહાજરીમાં કેપ્ટન્સી કરતા રિષભ પંત વ્યૂહાત્મક રીતે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. જો કે ધ્યાનમાં લેવું જરૂરી છે કે ફુલ-ટાઈમ વાઈસ-કેપ્ટન તરીકેના પોતાના પ્રથમ અસાઈનમેન્ટમાં પંતનું ઈંગ્લેન્ડમાં પ્રદર્શન શાનદાર રહ્યું હતું, જ્યાં તેણે 4 મેચમાં 479 રન બનાવ્યા હતા. પગમાં ફ્રેક્ચર હોવા છતાં તેણે બેટિંગ કરી હતી, જે ટીમ પ્રત્યેના તેના જુસ્સાને દર્શાવે છે. તે ઈંગ્લેન્ડમાં સૌથી વધુ 50+ સ્કોર બનાવનાર ભારતીય વિકેટકીપર પણ છે. આ દરમિયાન અફઘાનિસ્તાન સિરીઝ માટે જસપ્રીત બુમરાહની ઉપલબ્ધતા BCCI મેડિકલ બોર્ડની મંજૂરી પર નિર્ભર છે. જો મેડિકલ ટીમ તેમના વર્કલોડને સુરક્ષિત માને છે, તો તે એકમાત્ર ટેસ્ટ મેચ રમશે. તેની વનડે સિરીઝ રમવાની શક્યતા લગભગ નથી. વર્કલોડમાં જરા પણ સમસ્યા જણાય તો તેને આખી સિરીઝ માટે આરામ આપવામાં આવી શકે છે.





### ક્રૂડ $111 ને પાર, ભારતીય બજાર માટે ખતરાની ઘંટડી

# અમેરિકાથી જાપાન સુધી શેરબજાર ક્રેશ

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય અને કૂટનીતિક તણાવની સીધી અસર હવે વૈશ્વિક અર્થતંત્ર પર જોવા મળી રહી છે. ક્રૂડ ઓઈલના આસમાને પહોંચેલા ભાવો અને યુદ્ધની દહેશત વચ્ચે સોમવારે વૈશ્વિક શેરબજારોમાં મોટો કડાકો બોલાઈ ગયો છે. વૈશ્વિક બજારોમાં દહેશતનો માહોલ દુનિયાભરના શેરબજારો ફરી એકવાર ભયના ઓથાર હેઠળ આવી ગયા છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ઘટવાનું નામ નથી લઈ રહ્યો. તેલના કુવા અને ન્યૂક્લિયર પ્લાન્ટ પર સતત થઈ રહેલા હુમલા અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કડક ધમકીઓના કારણે અમેરિકાથી લઈને જાપાન સુધીના બજારોમાં જોરદાર કડાકો જોવા મળી રહ્યો છે. ગત સપ્તાહે યુએસ શેરબજારો (US Stock Market) મોટી ગિરાવટ સાથે બંધ થયા હતા, જ્યારે સોમવારે સપ્તાહના પ્રથમ દિવસે ખુલતાની સાથે જ એશિયન શેરબજારોમાં ભારે કોહરામ મચી ગયો છે. હોર્મુઝ સંકટ અને તેલ પુરવઠામાં અવરોધના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (Crude Oil) નો ભાવ પ્રતિ બેરલ $111 ની સપાટીને વટાવી ગયો છે. વધતી જતી ઉર્જા કટોકટી અને મોંઘવારીના ભયથી બ્રિટન, જાપાન અને હોંગકોંગ સહિતના તમામ મોટા દેશોના શેરબજારોમાં રોકાણકારો વચ્ચે નાસભાગ મચી ગઈ છે. તમામ મોટા ઈન્ડેક્સ લાલ રંગના નિશાન સાથે કારોબાર કરી રહ્યા છે અને અબજો ડોલરનું ધોવાણ થઈ ચૂક્યું છે. ભારતીય બજાર માટે નકારાત્મક સંકેતો વૈશ્વિક મંદી અને કડાકાની સીધી અસર ભારતીય શેરબજાર પર પણ જોવા મળી રહી છે. ભારતીય બજાર માટે અતિ મહત્ત્વનો સંકેત ગણાતો ગિફ્ટ નિફ્ટી (Gift Nifty) સોમવારે સવારે ખુલતાની સાથે જ ગગડી ગયો હતો. સમાચાર લખાયા ત્યાં સુધી ગિફ્ટ નિફ્ટી આશરે 195 પોઈન્ટ ના મોટા ગાબડા સાથે 23550 ની સપાટી પર ટ્રેડ કરી રહ્યો હતો. સામાન્ય રીતે ગિફ્ટ નિફ્ટીમાં આવો મોટો ઘટાડો સ્થાનિક બજાર એટલે કે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE Sensex) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE Nifty) માટે પણ ભારે કડાકાના સંકેતો આપે છે.




### સોનાના રોકાણકારો માટે પણ આ સપ્તાહ તેજીમય

## વાયદા બજારમાં ઉથલપાથલ વચ્ચે ચાંદી 6900થી વધુના કડાકા બાદ ફરી રિકવર

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા યુદ્ધના ભણકારા તેમજ વૈશ્વિક શેરબજારોમાં આવેલા મોટા કડાકાની સીધી અસર હવે કિંમતી ધાતુઓના બજાર પર જોવા મળી રહી છે. મિડલ ઈસ્ટ સંકટ વચ્ચે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોના અને ચાંદીના ભાવોમાં ભારે અસ્થિરતા અને ઉથલપાથલ નોંધાઈ છે. શરૂઆતના સત્રમાં ચાંદીના ભાવમાં આશરે 6900થી વધુનો મોટો કડાકો જોવા મળ્યો હતો, પરંતુ વૈશ્વિક સ્તરે સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદીની માંગ વધતા નીચલા સ્તરેથી બજારે જોરદાર રિકવરી દર્શાવી છે. ચાંદીના ભાવમાં રિકવરીના આંકડા સત્તાવાર વાયદા બજારના આંકડા અનુસાર, 3 જુલાઈ 2026ના કરારવાળી ચાંદી(SILVER)નો વાયદો MCX પર 2,67,400ના સ્તરે ઓપન થયો હતો. ટ્રેડિંગ દરમિયાન તે 2,64,949ના નીચલા સ્તરે (Low) સરકી ગયો હતો, જે અગાઉના બંધ 2,71,886ની સરખામણીએ મોટો ઘટાડો દર્શાવે છે. જો કે, દિવસની શરૂઆતમાં ટ્રેડિંગ દરમિયાન બજારે શાનદાર વાપસી કરી હતી અને ચાંદી 2,74,145ની ઊંચી સપાટી(High)ને સ્પર્શીને, 1709 (+0.63%)ના વધારા સાથે 2,73,595 પ્રતિ કિલોગ્રામ પર સમાચાર લખવા સુધી ટ્રેડ થઈ રહી હતી. બીજી તરફ, સોનાના રોકાણકારો માટે પણ આ સપ્તાહ તેજીમય રહ્યું છે. 5 જૂન 2026ના કરારવાળો સોના(GOLD)નો વાયદો બજારમાં 1,58,076 પર ખુલ્યો હતો. બજારમાં મજબૂતી આવતા સોનું 1,57,547ના નીચલા સ્તરેથી રિકવર થઈને 1,58,850ની હાઈ સપાટીએ પહોંચ્યું હતું. આખરી સત્રમાં સોનું 153(+0.10%)ના સાધારણ વધારા સાથે 1,58,700 પ્રતિ 10 ગ્રામના સ્તરે ટ્રેડ થતું જોવા મળ્યું હતું, જે તેના અગાઉના બંધ 1,58,547 કરતાં વધારે છે. બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જ્યારે પણ વૈશ્વિક સ્તરે યુદ્ધ કે રાજદ્વારી તણાવની સ્થિતિ ઊભી થાય છે, ત્યારે રોકાણકારો શેરબજારમાંથી નાણાં ખેંચીને સોના અને ચાંદી જેવા સુરક્ષિત વિકલ્પોમાં રોકાણ કરવાનું પસંદ કરે છે.




### એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.829, ચાંદીના વાયદામાં રૂ.3775 અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.54ની વૃદ્ધિ


# બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 38500 પોઈન્ટના સ્તરે

### કકકકકકકોમોડિટી વાયદાઓમાં રૂ.38834.31 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.190092.44 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.28170.21 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.228926.87 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.38834.31 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.190092.44 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો 38500 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3037.34 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.28170.21 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.158076ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159540 અને નીચામાં રૂ.157547ના સ્તરને સ્પર્શી, રૂ.158547ના આગલા બંધ સામે રૂ.829 વધી રૂ.159376ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.292 વધી રૂ.127693 થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.41 વધી રૂ.15999ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.737 વધી રૂ.158890 થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.157160ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159221 અને નીચામાં રૂ.157159ના મથાળે અથડાઈ, રૂ.158404ના આગલા બંધ સામે રૂ.736 વધી રૂ.159140ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.267400ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.276764 અને નીચામાં રૂ.264949ના મથાળે અથડાઈ, રૂ.271886ના આગલા બંધ સામે રૂ.3775 વધી રૂ.275661ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.4111 વધી રૂ.278948ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.3973 વધી રૂ.278804ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.3901.15 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.1.4 વધી રૂ.1343ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.4.15 વધી રૂ.367.35ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.2.4 વધી રૂ.381.25ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 55 પૈસા વધી રૂ.202.8 થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.6915.58 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4601ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4660 અને નીચામાં રૂ.4601ના મથાળે અથડાઈ, રૂ.57 વધી રૂ.4635ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.10302ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.10412 અને નીચામાં રૂ.10056ના સ્તરને સ્પર્શી, રૂ.10080ના આગલા બંધ સામે રૂ.54 વધી રૂ.10134ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.45 વધી રૂ.10126 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.9.1 વધી રૂ.293.1 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.9.1 વધી રૂ.293ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




# ડોલર સામે રૂપિયો રેકોર્ડ 96.33ના પર પહોંચ્યો

■ ડોલર સામે રૂપિયો આજે 20 પૈસા નબળો ખુલ્લો છે. પહેલીવાર તે 96.18 પર પહોંચી ગયો છે

મુંબઈ

મિડલ ઈસ્ટના તણાવની અસર સોમવાર, 18 મેના રોજ શેરબજાર પર પણ પડી. સવારે સેન્સેક્સ 1,000 પોઈન્ટથી વધુ ઘટીને 74,180 પર આવી ગયો. જોકે, પછીથી તે સુધરીને 77 પોઈન્ટ (0.10%) વધીને 75,315 પર બંધ થયો. નિફ્ટી પણ 23,650ની આસપાસ ફ્લેટ થઈ ગયો. આજના ટ્રેડિંગમાં IT શેરોમાં તેજી છે. આ દરમિયાન, ભારતીય રૂપિયામાં રેકોર્ડ ઘટાડો છે. ડોલર સામે રૂપિયો 20 પૈસાથી વધુ નબળો પડીને 96.33 પર પહોંચી ગયો છે. ક્રૂડ ઓઈલના ભાવ પણ 2% વધીને $110 પ્રતિ બેરલ થયા છે. ચોઈસ બ્રોકિંગના ટેકનિકલ રિસર્ચ એનાલિસ્ટ આકાશ શાહે જણાવ્યું હતું કે જો બજાર ઉપરની તરફ જાય છે, તો તેના માટે તાત્કાલિક રેઝિસ્ટન્સ 24,000 અને 24,250 પર રહેશે. જ્યારે જો બજાર નીચે ગબડે છે, તો તેને 23,250 અને 23,000 પર સપોર્ટ મળી શકે છે. જો નિફ્ટી 23,000નું સ્તર તોડે છે, તો વેચવાલીનું દબાણ વધુ વધી શકે છે. બજારની વર્તમાન પરિસ્થિતિઓને જોતા, ટ્રેડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ શિસ્તબદ્ધ રહે અને આ ઉતાર-ચઢાવ વચ્ચે કડક સ્ટોપ-લોસ સ્ટ્રેટેજી (નુકસાનથી બચવાનો નિયમ) નું પાલન કરે. સોમવાર, 18 મેના રોજ બજાર ખુલ્યાના શરૂઆતના કલાકોમાં ક્રૂડ ઓઈલ 111 ડોલર પ્રતિ બેરલના સ્તરે કારોબાર કરી રહ્યું હતું. કિંમતોમાં આ તેજી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તે નિવેદન પછી આવી છે, જેમાં તેમણે ઈરાન પર શાંતિ સમજૂતી માટે દબાણ કર્યું છે. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયાથી શરૂ થયેલા આ યુદ્ધને હવે 12 અઠવાડિયા પૂરા થઈ ચૂક્યા છે.

# SVPI એરપોર્ટ પરથી 50 કરોડના હેરોઇન સાથે શખસ ઝડપાયો









**મહિલાએ મલેશિયામાં જથ્થો આપ્યો'તો, થાઇલેન્ડથી આવેલા મુસાફર 6 કિલો ગાંજા સાથે દબોચ્યો**

અમદાવાદ

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરીની વધતી જતી પ્રવૃત્તિને ધ્યાનમાં લઈને કસ્ટમ્સ અધિકારીઓ સાવચેત થઇ ગયા છે. જેના ભાગરૂપે જ અમદાવાદના કસ્ટમ્સ વિભાગે ડ્રગ હેરાફેરી સામે કડક કાર્યવાહી કરી છે. મલેશિયાના કુઆલાલંપુરથી એર એશિયાની ફ્લાઇટમાં અમદાવાદ આવેલાં મુસાફર પાસેથી 9.30 કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય બજાર કિંમત પ્રમાણે હેરોઈનની એક કિલોની આશરે 5 કરોડ જેટલી કિંમત થાય છે અને 9.30 કિલોની ગણતરી કરવા જઈએ તો કસ્ટમ્સ વિભાગે અંદાજે 45થી 50 કરોડની કિંમતનું હેરોઈનનો જથ્થો પકડી પાડ્યો છે.

મુસાફર અમદાવાદથી દિલ્હી જવાનો હતો. દિલ્હીમાં કોને આપવાનો હતો અને કોની પાસેથી લાવ્યો વગેરે દિશામાં કસ્ટમ્સ વિભાગે ઝીણવટભરી તપાસ હાથ ધરીને આખી સિન્ડિકેટને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. તેના બેંક એકાઉન્ટની વિગતો તપાસવામાં આવી રહી છે. તેને એક મહિલાએ મલેશિયાની એક હોટેલમાં હેરોઈનનો જથ્થો આપ્યો હતો અને તે કેરાલાનો વતની હોવાનો ઘટસ્ફોટ થયો છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રવિવારે(17મે) એક થાઈલેન્ડથી આવતાં મુસાફર પાસેથી 6.54 કિલોગ્રામ ગાંજાનો જથ્થો પકડી પાડયો હતો.

અમદાવાદના કસ્ટમ્સ અધિકારીઓએ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (SVPIA) દ્વારા માદક દ્રવ્યોની દાણચોરીના પ્રયાસોને શોધી કાઢવા અને અટકાવવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. સતત સતર્કતા અને સક્રિય અમલીકરણ દર્શાવતા કસ્ટમ્સ અધિકારીઓએ છેલ્લા કેટલાક દિવસોમાં અનેક ડ્રગ જપ્ત કર્યા છે. તાજેતરના કિસ્સામાં મલેશિયાના કુઆલાલંપુરથી આવતા એક મુસાફરના હેન્ડ બેગના શંકાસ્પદ એક્સ-રે છબીઓના આધારે અધિકારીઓએ મુસાફરને વિગતવાર તપાસ માટે અટકાવ્યો હતો.

મુસાફરના હેન્ડ બેગની તપાસ દરમિયાન અધિકારીઓને 'ગ્લુટા ગ્રો' અને 'ક્રેકર્સ કોકોનટ ફ્લેવર' તરીકે લેબલવાળા ઘણા પેકેટ મળ્યા હતા. તેની ઝીણવટભરી તપાસ કરતાં પેકેટોમાં જાહેર કરાયેલા ફૂડ સપ્લિમેન્ટ્સ અને ખાદ્ય પદાર્થોને બદલે શંકાસ્પદ સફેદ પાવડર અને સફેદ દાણાદાર પદાર્થો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી કસ્ટમ્સ વિભાગે તાત્કાલિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓને જાણ કરી હતી. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) દ્વારા શંકાસ્પદ પદાર્થોનું પ્રારંભિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં હેરોઈનની હાજરીની તેમણે પુષ્ટિ કરી હતી.

## શંકાસ્પદ મુસાફરોની અવરજવર પર કડક દેખરેખ

અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય ડ્રગ ટ્રાફિકિંગ નેટવર્કનો સામનો કરવા માટે હાથ ધરવામાં આવેલા સતત સતર્કતા, ગુપ્તચર માહિતી-આધારિત પ્રોફાઈલિંગ અને સંકલિત અમલીકરણ પ્રયાસોને સફળ બનાવ્યાં છે. કસ્ટમ્સ, અમદાવાદ માદક દ્રવ્યોના જોખમ સામે દેશને સુરક્ષિત રાખવા અને સરહદ પાર મુસાફરોની અવરજવર પર કડક દેખરેખ રાખવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

## 16મેના એક મુસાફર પાસેથી 6.54 કિલોગ્રામ ગાંજો જપ્ત

ઉલ્લેખનીય છે કે આ જપ્તી 16 મે 2026ના રોજ કસ્ટમ અધિકારીઓ દ્વારા થાઈલેન્ડથી આવતા એક મુસાફર પાસેથી 6.54 કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. આ માદક પદાર્થ ટ્રોલી બેગની અંદર છુપાયેલા વેક્યુમ-સીલબંધ પેકેટોમાં છુપાવવામાં આવ્યો હતો. આ કેસમાં સામેલ મુસાફરની પણ NDPS એક્ટ, 1985 ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

**12 કિલો ચાંદીની લૂંટ ચલાવનારી આંતરરાજ્ય ગેંગના બે સાગરીતો જેલભેગા**

# એલિસબ્રિજ ચાંદી ચોરી કેસમાં આખરે 'ગુજસીટોક' ઠોકાયો...!

અમદાવાદ

શહેરમાં અકસ્માત બહાનું કરીને લૂંટ અને ચોરી કરતી રીઢા ગુનેગારોની ગેંગ સામે અમદાવાદ પોલીસે લાલ આંખ કરી છે. એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧૨ કિલો ચાંદીની ચોરીના ગુનામાં હવે પોલીસે આરોપીઓ સામે આકરા કાયદા 'ગુજસીટોક' (GUJCTOC) ની કલમનો ઉમેરો કરીને ગુનેગારોની કમર તોડી નાખી છે. અમદાવાદ સહિત દેશની રાજધાની દિલ્હી સુધી આતંક મચાવનારી આ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટના બે સાગરીતોને પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.



એલિસબ્રિજ વિસ્તારમાં વાહન ચાલકને 'અકસ્માત કેમ કર્યો?' તેમ કહીને રોકી, વાતોમાં ભોળવી ૧૨ કિલો ચાંદીની ચોરી કરી સનસનાટી મચાવી દેવાઈ હતી. આ હાઈપ્રોફાઈલ કેસ ઉકેલવા પોલીસે કમર કસી અને ૧૦૦થી ૧૫૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ખંખાડી નાખ્યા હતા.

આખરે પોલીસે બાતમીના આધારે બે મુખ્ય સાગરીતોની ધરપકડ કરી લીધી છે: ૧. પ્રતીક ઉર્ફે અંધો પાનવેકર, ૨. શંકુલ ભોગેકર પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ૧ કિલો ચાંદી અને રૂ. ૮ લાખની રોકડ રકમ રિકવર કરી લીધી છે. પરંતુ, આ ગેંગના બે મુખ્ય સૂત્રધારો અજય ગાગડેકર અને વિશાલ તનવાણી હજુ પણ પોલીસ પકડથી દૂર છે, જેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે. પોલીસ પૂછપરછમાં આ ટોળકીની ગુના કરવાની પદ્ધતિ (Modus Operandi) જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ ગેંગ કોઈ સામાન્ય ચોર નથી, પણ આખું પ્લાનિંગ કરીને મેદાને ઉતરતી હતી:

અજય (મુખ્ય આરોપી): સૌથી પહેલાં કિંમતી સામાન લઈને જતા વાહન ચાલકોને ટાર્ગેટ તરીકે નક્કી કરતો હતો.

વિશાલ: ટાર્ગેટ નક્કી થયા બાદ કલાકો સુધી તેની રેકી (વોચ) કરતો હતો.

શંકુલ: બાઈક ચલાવવામાં માહિર શંકુલ બાઈક રાઈડ કરતો હતો.

પ્રતીક ઉર્ફે અંધો: બાઈકની પાછળ બેસતો અને ટાર્ગેટ નજીક પહોંચતા જ અકસ્માતનો ડ્રામા કરતો. વાહનચાલક કંઈ સમજે તે પહેલાં જ પ્રતીક ગાડીમાંથી માલસામાન સાફ કરી નાખતો હતો. આ ગેંગ એટલી હદે સક્રિય છે કે તેની તપાસમાં તાજેતરના જ ૭ જેટલા ગુનાઓનો પર્દાફાશ થયો છે. આ ટોળકીએ અમદાવાદના ખૂણે-ખૂણાને પોતાનો શિકાર બનાવ્યો હતો.

## વિશ્વાસુ સેલ્સગર્લ જ નીકળી ભેદુ, પ્રેમી સાથે થઈ ધરપકડ

અમદાવાદ

શહેરમાં ફરી એકવાર ઘરના જ ભેદીએ લંકા ઢાળી હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલા એક જાણીતા જ્વેલર્સના શોરૂમમાંથી રૂપિયા ૧.૧૧ કરોડની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. જોકે, પોલીસે ગણતરીના કલાકોમાં જ આ હાઈપ્રોફાઈલ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. શોરૂમમાં કામ કરતી વિશ્વાસુ સેલ્સગર્લ અને તેના પ્રેમીએ જ ભેગા મળીને આ આખી ચોરીને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી મુદ્દામાલ રિકવર કરવાની તજવીજ હાથ ધરી છે. નિકોલ વિસ્તારમાં આવેલા જ્વેલર્સના શોરૂમના માલિકે તેમની ત્યાં કામ કરતી સેલ્સગર્લ પર અતિશય વિશ્વાસ મૂક્યો હતો. આ વિશ્વાસનો ગેરફાયદો ઉઠાવીને સેલ્સગર્લે શોરૂમની તિજોરી અને કાઉન્ટરની ચાવીઓ મેળવી લીધી હતી. માલિકની ગેરહાજરી અથવા નજર ચૂકવીને તેણે કિંમતી સોના અને હીરાના દાગીના પર હાથ સાફ કરવાનું શરૂ કર્યું હતું.

**બેંકના જ અધિકારીઓની મિલીભગતથી ખેલાયો આર્થિક ખેલ**

# બેંક ઓફ બરોડામાં કરોડોનું મોટું કૌભાંડ : તપાસનો ધમધમાટ શરૂ!

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાંથી બેંકિંગ ક્ષેત્રને હચમચાવી મૂકે તેવા મોટા સમાચાર સામે આવ્યા છે. અગ્રણી સરકારી બેંક 'બેંક ઓફ બરોડા' (BoB) ની અમદાવાદ સ્થિત બ્રાન્ચમાં કરોડો રૂપિયાનું મોટું આર્થિક કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો પર્દાફાશ થયો છે. પ્રાથમિક વિગતો મુજબ, આ સમગ્ર કૌભાંડમાં બેંકના જ કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની સીધી મિલીભગત હોવાની આશંકા સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, કૌભાંડીઓએ બેંકના નિયમોની ઉપરવટ જઈને લોન મંજૂર કરાવી હતી અથવા તો ડમી ખાતાઓ ખોલાવીને કરોડો રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

બોગસ દસ્તાવેજોનો ઉપયોગ: શાતિર તત્વોએ મિલકતોના ખોટા અને નકલી દસ્તાવેજો રજૂ કરીને બેંકમાંથી મોટી રકમની લોન પાસ કરાવી લીધી હતી.

### ઉચ્ચ અધિકારીઓ સુધી રેલો જવાની શક્યતા

બેંકના સત્તાધીશો દ્વારા વેરિફિકેશન પ્રક્રિયામાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી અથવા તો જાણીજોઈને આંખ આડા કાન કરવામાં આવ્યા હતા, જે આંતરિક સાંઠગાંઠ તરફ ઈશારો કરે છે.

બેંકના આંતરિક ઓડિટ (Internal Audit) અથવા ચોક્કસ ફરિયાદના આધારે જ્યારે ખાતાઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી, ત્યારે આ કરોડો રૂપિયાની હેરાફેરી અને નાણાકીય અનિયમિતતા સામે આવી હતી. આટલું મોટું કૌભાંડ પકડાતા જ બેંકના ઉચ્ચ સ્તરે દોડધામ મચી ગઈ છે અને તાત્કાલિક ધોરણે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.

આ બેંકિંગ ફ્રોડની ગંભીરતાને જોતા આગામી દિવસોમાં આ કેસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અથવા લોકલ ક્રાઈમ બ્રાન્ચ/ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) ને સોંપવામાં આવી શકે છે. કૌભાંડમાં સામેલ શંકાસ્પદ અધિકારીઓના બેંક એકાઉન્ટ્સ અને પ્રોપર્ટીની વિગતો પણ ખંગાળવામાં આવી રહી છે.

અમદાવાદની બેંક ઓફ બરોડામાં થયેલા આ મોટા આર્થિક ફ્રોડના કારણે સામાન્ય થાપણદારો અને ગ્રાહકોમાં ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. જોકે, બેંકિંગ સુત્રોના જણાવ્યા અનુસાર સામાન્ય ગ્રાહકોના નાણાં સુરક્ષિત છે અને આ કૌભાંડ ચોક્કસ લોન ખાતાઓ કે ફંડ ટ્રાન્સફર પૂરતું જ મર્યાદિત છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધારો કોણ છે? કેટલા સમયથી આ ખેલ ચાલતો હતો? અને આમાં કયા-કયા મોટા માથાઓ સામેલ છે, તેનો સાચો આંકડો અને વિગતો સત્તાવાર પોલીસ ફરિયાદ બાદ જ બહાર આવશે.

**પોલીસને અંતિમ નોટ મળી આવી**

# 48 વર્ષીય મહિલાએ 7માં માળેથી પડતું મૂક્યું

અમદાવાદ

અમદાવાદના સેટેલાઈટ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં મન વિચલિત કરે તેવી ઘટના સામે આવી છે, જ્યાં એક 48 વર્ષીય મહિલાએ રહેણાંક ટાવરના સાતમા માળેથી કૂદીને મોત વ્હાલું કરી લીધું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક મહિલા છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી. પોલીસે ઘટનાસ્થળેથી એક સુસાઇડ નોટ પણ રિકવર કરી છે, જેમાં મહિલાએ પોતાના મોત માટે કોઈને જવાબદાર ન ગણાવ્યા હોવાનું લખ્યું છે. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. આ અંગે સેટેલાઈટ પોલીસ સ્ટેશનના PIએ મુજબ, 'વીરા તલાવડી બાજુ રહેતી આશરે 45થી 50 વર્ષની એક આધેડ ઉંમરની નીમા ઉર્ફે શર્મિલ ધ્રુવભાઈ દવે નામની મહિલાએ શુભ દર્શન ફ્લેટના સાતમા માળેથી કૂદીને આપઘાત કર્યો છે. અમને સાતમા માળેથી તેના ચંપલ પણ મળી આવ્યા છે. આ મહિલા માનસિક રીતે બીમાર હતી અને એક સુસાઈડ નોટ પણ લખીને ગઈ છે, જેમાં તેણે સ્પષ્ટ લખ્યું છે કે તેના મોત માટે તેનો પરિવાર કે પતિ કોઈ પણ જવાબદાર નથી, પણ તે કંટાળીને સુસાઈડ કરી રહી છે. હમણાં જ તેના પતિ તેના બીમારીના કેસ પેપર લઈને અહીં આવ્યા છે.' તેમણે વધુમાં જણાવ્યું કે, આ મહિલા ખરેખર આનંદનગરની હદમાં રહેતી હતી, તેથી તેણે અહીં શુભ દર્શન ફ્લેટમાં આવીને કેમ આપઘાત કર્યો તે અમને થોડું અઘરું લાગ્યું છે, કદાચ અહીં તેના કોઈ ઓળખીતા રહેતા હોઈ શકે. તેના પતિ આવ્યા છે એટલે અમે તેમની પૂછપરછ કરીને બાકીની વિગતો મેળવીશું. આ પરિવાર ધંધુકા બાજુના દવે બ્રાહ્મણ હોવાનું જાણવા મળ્યું છે. આત્મહત્યા એ કોઈપણ સમસ્યાનું સમાધાન નથી. જો તમે અથવા તમારા કોઈ પરિચિત માનસિક તણાવ અનુભવી રહ્યા હોય અથવા નકારાત્મક વિચારોથી ઘેરાયેલા હોય, તો ગભરાશો નહીં. તમે નિઃસંકોચપણે સહાય મેળવી શકો છો. ગુજરાત સરકારની હેલ્પલાઈન 'જીવન આસ્થા' (1800 233 3330) પર 24 કલાક નિષ્ણાતો દ્વારા વિનામૂલ્યે અને ખાનગી રીતે કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવે છે.

# અમદાવાદ પ્લેન ક્રેશમાં સ્ફોટક દાવો : તપાસમાં ચોંકાવનારો ટર્નિંગ પોઈન્ટ..!

## શું વાંક માત્ર કેપ્ટનનો જ હતો? કે પછી છુપાઈ રહી છે કોઈ મોટી ટેકનિકલ ક્ષતિ?

અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પર બનેલી એર ઈન્ડિયા પ્લેન ક્રેશની કાળઝાળ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે, ત્યારે હવે આ મામલે એક એવો સ્ફોટક દાવો સામે આવ્યો છે જેણે ઉડ્ડયન ક્ષેત્ર (Aviation Sector) માં ભૂકંપ લાવી દીધો છે. શરૂઆતી તપાસમાં અકસ્માતનો સમગ્ર દોષ પ્લેનના કેપ્ટન અને પાઈલટ્સના માથે ઢોળી દેવાનો ભારોભાર પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ અંદરના સૂત્રો તરફથી મળતી કડીઓ કંઈક જુદી જ અને અત્યંત ઘાતક કહાની બયાન કરી રહી છે! શું આ માત્ર 'હ્યુમન એરર' (માણસની ભૂલ) છે કે પછી કોઈ મોટો ટેકનિકલ લોચો છુપાવવા રમાઈ રહેલો ખેલ?

પ્રાથમિક રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે લેન્ડિંગ સમયે કેપ્ટન ચોક્કસ પ્રોટોકોલ ચૂકી ગયા હતા અને જજમેન્ટ લેવામાં થાપ ખાઈ ગયા હતા. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે, હજારો કલાકનો ફ્લાઈટ એક્સપિરિયન્સ ધરાવતા સિનિયર કેપ્ટન આવી પ્રાથમિક ભૂલ કેવી રીતે કરી શકે? એવિએશન એક્સપર્ટ્સના મતે, બ્લેક બોક્સનો આખરી રિપોર્ટ આવ્યા પહેલા જ કેપ્ટનને દોષિત ઠેરવી દેવાની ઉતાવળ પાછળ કોઈ મોટી



કંપની કે એજન્સીને બચાવવાનો કારસો હોઈ શકે છે.

'પાક્કો ગુજરાત'ને મળતી એક્સક્લુઝિવ માહિતી મુજબ, આ અકસ્માત પાછળ પ્લેનની આંતરિક મિકેનિકલ ક્ષતિ જવાબદાર હોવાના મજબૂત પુરાવા મળી રહ્યા છે:

એન્જિન કે હાઈડ્રોલિક ફેલ્યોર: લેન્ડિંગના ગણતરીના સેકન્ડો પહેલા પ્લેનના હાઈડ્રોલિક પ્રેશરમાં અચાનક ઘટાડો નોંધાયો હોવાની આશંકા છે, જેના કારણે બ્રેકિંગ સિસ્ટમ ફેઈલ થઈ ગઈ હોઈ શકે.

એટીસી (ATC) સાથેનું કમ્યુનિકેશન: રનવે પર ઉતરતા પહેલા પાઈલટે એર ટ્રાફિક કંટ્રોલને કોઈ ચોક્કસ ખામી અંગે મેસેજ આપ્યો હતો કે નહીં, તે વિગતો હજુ કેમ સાર્વજનિક કરવામાં નથી આવી?

સૌથી મોટો સવાલ: જો પ્લેનની મેઈન્ટેનન્સ લોગબુકમાં પહેલાથી જ કોઈ ટેકનિકલ ખામી નોંધાયેલી હતી, તો પછી પ્લેનને ઉડાન ભરવાની પરવાનગી કોણે આપી? શું મુસાફરોના જીવને જાણીજોઈને જોખમમાં મૂકવામાં આવ્યા હતા?

હાલમાં ડીજીસીએ (DGCA) અને ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરી રહી છે. પ્લેન ક્રેશના આ કાળા સચને બહાર આવતા રોકવા માટે અંદરખાને મોટો લોબિંગ પાવર કામ કરી રહ્યો હોવાના દાવા થઈ રહ્યા છે. પરંતુ સેંકડો પરિવારોના આક્રંદ વચ્ચે આ સવાલનો જવાબ મળવો જ જોઈએ કે આખરે આ મોતની ફ્લાઈટનો અસલી વિલન કોણ છે- કેપ્ટન, કંપની કે નબળી મેઈન્ટેનન્સ સિસ્ટમ? તપાસ જેમ-જેમ આગળ વધશે, તેમ-તેમ આ વિમાન દુર્ઘટના પાછળના અનેક મોટા માથાઓના નકાબ ઉતરી જશે તે નક્કી છે.

# ઓઢવમાંથી ઝડપાયું નકલી વિમલ અને મહક પાનમસાલા બનાવવાનું કારખાનું!



### પોલીસ દરોડામાં પેકેજિંગ મશીન અને 3000થી વધુ નકલી પડીકીઓ જપ્ત

અમદાવાદ

'દાણે દાણે મેં કેસર કા દમ' જેવી મોટી-મોટી જાહેરાતો જોઈને જે લોકો પાનમસાલાના બંધાણી બન્યા છે, તેમના માટે લાલબત્તી સમાન કિસ્સો અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી સામે આવ્યો છે. ઓઢવ પોલીસે એક ગુપ્ત ઓપરેશન હાથ ધરીને બજારની જાણીતી બ્રાન્ડ 'વિમલ' અને 'મહક' પાનમસાલાનું ડુપ્લિકેટ પેકિંગ કરીને વેચવાનું આખું કારખાનું ઝડપી પાડ્યું છે. બ્રાન્ડેડના નામે નકલી અને ઝેરી કેમિકલયુક્ત પાનમસાલા પધરાવીને લોકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરતા આ રેકેટના મુખ્ય સૂત્રધારને પોલીસે દબોચી લીધો છે.

મળતી માહિતી મુજબ, ઓઢવના સેન્ટ્રલ વર્કશોપ રોડ પર આવેલા એક ઔદ્યોગિક શેડમાં આ કાળો કારોબાર ધમધમી રહ્યો હતો.

ઓઢવ પોલીસને બાતમી મળતા જ સ્ટાફે આ શેડ પર અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસ જ્યારે અંદર પ્રવેશી ત્યારે ત્યાંનો નજારો જોઈને ખુદ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

ઓટોમેટિક પેકેજિંગ મશીન: બિલકુલ ઓરિજિનલ જેવું જ પેકિંગ કરી આપે તેવા હાઈટેક મશીનો. નકલી પાનમસાલાનો કાચો જથ્થો: હલકી કક્ષાની સોપારી અને નુકસાનકારક કેમિકલ્સનું મિશ્રણ. ૩૦૦૦ ડુપ્લિકેટ પડીકીઓ: બજારમાં વેચવા માટે તૈયાર રાખવામાં આવેલી અંદાજે ૩૦૦૦ જેટલી નકલી વિમલ અને મહકની પડીકીઓ. પોલીસે આ ગેરકાયદે ફેક્ટરી ચલાવનારા આરોપી શબ્બીરઅલી સરાકતઅલી શેખની કોપીરાઈટ એક્ટ (Copyright Act) તેમજ અન્ય ગુનાહિત કલમો હેઠળ ધરપકડ કરીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI